આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ અઠ્ઠાવનમું · અંક પાંચમો

મે · ૧૯૮૧

સળંગ અંક

૬૮૯

તંત્રી · બિહારીલાલ ટાંક

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ

આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત



▷ **હિમાલયની ગોદમાં** (ફોટો • સ્વ. મફતલાલ દુધિયા)

પહાડી ગામડાંઓના સૌન્દર્યને પ્રકટ કરતું ગઢવાલનું સુંદર ચિત્રસંયોજન



જેલમનાં જળમાં : (કલાકાર - રસિકલાલ પરીખ) છે તો કાશ્મીરના જળ-આચ્છાદિત પહાડી પ્રદેશના કોઈ એકાંત ખૂણાનું દૃશ્ય, પરંતુ કલાકારે તેના ચિત્ત-આકર્ષક સૌંદર્ય અને ત્યાંના ભીનાભીના પ્રશાંત વાતાવરણને જલરંગ જેવા યોગ્ય માધ્યમ દ્વારા બહુ નઝાકતથી તાદૃશ કર્યું છે.

કુમાર

મે ૧૯૮૧

સળંગ અંક ૬૮૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

નાટિકા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યત: દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે વધારે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એ રીતે ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માટે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮-૦૦ અથવા પાઉન્ડ ૩-૦૦ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

સ્વ. ભાઈજી

'...ભાઈજી(સ્વ.શ્રી શંકરદેવ વિદ્યાલંકાર-)ની 'પુષ્પમાળા'ને 'કુમાર'ના માર્ચ અંકમાં યોગ્ય રીતે બિરદાવી છે. આ લેખમાળાને બરાબર માણવા તો તેમાં વર્ણવેલાં પુષ્પછોડ કે વૃક્ષો સમક્ષ બેસીને એ વાંચવી જોઇએ. આવો એક યોગ હમણાં સાંપડયો. મારે દિલ્હી જવાનું થયું. સાથે 'કુમાર'નો માર્ચ અંક પણ લીધો હતો. અશોક હોટેલના પ્રવેશ-દ્વાર પાસે જ તેમાં વર્ણવેલા શાલ્મલીનું દર્શન થયું. આ આખા માર્ગ — 'નીતિમાર્ગ' ઉપર શાલ્મલીની હારમાળા છે. પુષ્પોની મોસમ તો વીતી ગઈ હતી, પણ ભાઈજીએ કરેલા વર્ણન પ્રમાણે શીમળાનાં અકબંધ અને ફાટતાં ફળો સાથે તેમાંથી ઊડતું રેશમી રૂ જોવા મળ્યું. હવામાં સરકી ઊતરતા એ રૂથી સમગ્ર માર્ગ ઉપર જાણે સુંવાળી જાજમ પથરાઈ ગઈ હતી. શ્રમિક લોકો એ રૂના કોથળા ભરી જતા હતા.

પ્રાચ્ય વિદ્યામંદિર (વડોદરા)એ ૧૯૭૪માં પ્રકટ કરેલા પુસ્તક 'આપણાં સુશોભિત વૃક્ષો'માં તેના લેખક આનંદરાવ પંઢરીનાથે લખ્યું છે કે, 'પૌરાણિક કથા અનુસાર શાલ્મલી-નાં વૃક્ષ તળે પિતામહ બ્રહ્મદેવ જગત ઉત્પાદન થયા પછી વિશ્રાંતિ લેવા બેઠા હતા.' આ શાલ્મલીનું એક નામ 'યમદ્રુમ' હોવાનું પણ ભાઈજીએ જણાવ્યું છે. 'વનસ્પતિશાસ્ત્ર' (ઈ. ૧૯૧૦)માં આ અંગે જયકૃષ્ણ ઇન્દ્રજીએ લખ્યું છે, 'શેમળાના ઝાડમાં યમનો નિવાસ માની તેને યમદ્રુમ કહે છે. આ જ અંકમાં કવિ 'સ્નેહરશ્મિ'નું દિલચસ્પ હાઈકુ છે: 'કયા શૂન્યની ઝંખના યમ, તને આકાશ છતાં?' પણ એ યમને ભાઈજીની ઝંખના થઈ જ, એમને તેડાવ્યા અને ભાઈજીએ એ તેડું સ્વીકારી લીધું. શ્રી રમણ મહર્ષિએ કહ્યું છે, 'મૃત્યુથી અભય નર અમર.' ભાઈજીને મૃત્યુનો ભય હોવાનું કદી જાણ્યું નથી. અંતિમ ઘડીએ યે એમણે દોહિત્રીને શીખ આપતાં કહેલું, 'બેટા, માનવશાસ્ત્રી બનજે.'

સાત વર્ષની નાની વયે ઈ. ૧૯૧૪માં તેઓ સ્વામી શ્રદ્ધાનંદના કાંગડી ગુરુકુલમાં વિદ્યાભ્યાસ માટે ગયા અને 'વિદ્યાલંકાર'ની ઉપાધિ પ્રાપ્ત કરી. એટલું જ નહિ, એ ઉપાધિને એમણે સાર્થક કરી બતાવી. 'કુમાર'માં દિવંગતોને અંજલિ આપનારને જ અંજલિ આપવાની વેળા આવી.

...એક પત્રમાં મને લખેલું કે ટીકેકરજી અને બચુભાઈની ચિરવિદાયથી પોતે એકલા-અટૂલા પડી ગયા હતા.

પોરબંદરમાં સખત તાવ રહ્યો. ...મુંબઈ-માં તાતા હૉસ્પિટલમાં વારંવાર તપાસ કરાવી જોઈ, પણ ચોક્કસ નિદાન થયું નહિ. શરીર ક્ષીણ થતું ચાલ્યું, પણ એમનું મુક્ત હસ્ય એમણે જાળવી રાખેલું.

છેલ્લા ત્રણ દિવસ અર્ધબેભાન અવસ્થા-માં રહ્યા હતા.

'ગીતાંજલિ'માં ગુરુદેવ ટાગોરે ગાયું છે: **'Only let me make my life simple and straight, like a flute of reed for thee to fill with music.' (7).** 'કુમાર'ના માર્ચ અંકમાં કવિ 'ઉશનસ્'નું યે ગાન છે: 'તું વાંસળી ફેરવી નાખ વંશીમાં... તું વાંસળી છે, બીજું શેષ સૂર છે.' ભાઈજીની બંસીમાંથી યે સદા સરસ્વતી-ઉપાસનાના જ સૂર રેલાતા રહ્યા હતા.

એમની 'પુષ્પમાળા' અને એમનું અન્ય સર્જન ગ્રંથસ્થ થવું ઘટે છે.

(મુંબઇ) —વી. બી. ગણાત્રા

ઓ બાગ-પુષ્પો!/સુંદરજી બેટાઈ

· મિશ્રોપજાતિ ·

ઓ બાગ-પુષ્પો!
આસ્માનને રંગ રસેલ ખુશ્બો!
મા ભૂમિનાં ઓ મૃદુ બાલ પુષ્પો!

શું રંગની રોનક આ તમારી
તાકી રહી છે મુજ આંખ ભારી?
પ્રેરે મુદા વા મુજ આંખ નિર્બલ
સોહી રહી જે તમમાં ખુમારી?

આવી શું હોયે જનનાન્તરોની
પ્રીતિ સ્વયંભૂ સમ–અન્તરોની?
તાકી રહું હું તમ સૌમ્ય કાન્તિ,
તમે હરન્તાં મુજ ક્લાન્તિ-શ્રાન્તિ:
મારી-તમારી હશે એ શું ભ્રાન્તિ?

હો ભ્રાન્તિ એ વા કશું અન્ય હો એ!
વર્ષી રહો ઉજ્જ્વલકાન્તિ શાન્તિ!

ઓ બાગ-પુષ્પો!
મા ભૂમિનાં ઓ સ્મિત બાલ પુષ્પો!
આસ્માનને રંગ રસેલ ખુશ્બો
વેરાન મારું ય મુદા ભરી રહો!

સોંસરવો ગયો છું

આહમદ મકરાણી

- ગઝલ -

આગમાંથી ક્યાંક સોંસરવો ગયો છું,
'હું' થકી હું સાવ સોંસરવો ગયો છું.

કોઈ રસ્તો આમ સંકેલે ભલે ને
હું ચરણની છાપ સોંસરવો ગયો છું.

શ્વાસ-લિપિ કોઈ ભૂંસે છે સતત પણ
શબ્દ-અક્ષર–નામ સોંસરવો ગયો છું.

ઘૂંટમાં દરિયા પીધા છે સામટા મેં,
ને કદી તો પ્યાસ સોંસરવો ગયો છું.

બંધ પલકે ક્યાંક વીંધાતો રહું છું;
કો' નજરના વાર સોંસરવો ગયો છું.

ઉનાળો-ચિત્રોમાં/જયન્ત પાઠક

· ગાન ·

ભીંતભીતરમાં આવતોકને સૂરજ ડોકું કાઢે
નક્કર નળિયાં ખસેડી છપ્પરમાં બાકોરું પાડે!

હડુડુડુ કરતો હડી મેલીને ચડે એટલા ઊંચા
ધૂળકટમેલો જાય ચાવતો પીત પાનના ડૂચા!

લઘરવઘર વસ્તર તડકાનું દશે દિશામાં ઊડે
અકળામણમાં અડે આભને દરિયાને તળ બૂડે!

ગરમાળો ને ગુલમહોર તે રાતુંપીળું ભાળે
આઘોપાછો થયા કરે પડછાયો પગ વચ્ચાળે!

રોજરોજ ઊંડી ઊતરતી તલાવડીનું પાણી
ટાંહ માંડીને પિયે ભુંડ શો પતાળમાંથી તાણી!

જાય બગાસું ખાતો આથમણા ડુંગરગાળામાં
ઘસઘસાટ ઘોરે અંધારાં અડાજૂડ જાળામાં.

શહેરમાં/લલિત ત્રિવેદી

- ગઝલ -

ક્યારે બની ને ક્યાં બની ઘટના શહેરમાં?
વૃક્ષો હતાં ત્યાં છે હવે રસ્તા શહેરમાં!

ભીંતો ઉપરથી ઊખડી જતાં પોસ્ટરો સમા
ઊગ્યા કરે છે અર્થ નવા મારા શહેરમાં!

ધારી જગાએ પહોંચવું મુશ્કેલ છે નહીં,
દરરોજ થાય છે નવા રસ્તા શહેરમાં!

તારી સમીપ કેમ કરી પ્હોંચવું હવે?
આંખો સમસ્તમાં ભર્યા રસ્તા શહેરમાં!

ચરણો વિનાની છે સફરની શ્વાસ જેમ ટેવ
આંખો મીંચું કે પ્હોંચી શકું તારા શહેરમાં!

પાછા વળી શકાય તેવી શક્યતા નથી
કેવાં ભર્યાં, ક્યારે ભર્યાં પગલાં શહેરમાં!

બે મુક્તક/જયંતીલાલ દવે

(૧)
માનવ, મોટપની હવે દે મા ઝાઝી ડિંગ;
મન મુઠ્ઠીથી સાંકડું, આભ અડયાં છે શિંગ.

(૨)
મોતી મોંઘાં સાચવે, છીપલાં ફેંકે બ્હાર!
સાગર-હૈયાં સાંકડાં! હળવે લાગ્યા ભાર?

વૈશાખી બપોરે

ઉશનસ્

- હાઇકુ -

તડકાઘેટાં
છેટ્ટાં સળંગ આખી
સીમને ચરે

*

ઊંટ-ડા કરે
ડોક ભેરવી છાંય
આમથી તેમ.

*

ખેંચી જઈને
છાંય, છેલ્લી કો કીડી
દરમાં હાંફે.

*

ભોણને નાકે
આંખ, આંખમાં ઘેન
સૂર્ય ગળ્યાનું.

*

નીડનું ધાબું
અધૂરું! ક્યાં થૈ ગેબ
કામઢી ચલ્લી?

*

પ્રભાતછાયા
ગળી પડેલો સાપ
બપોરે ચત્તો!

*

હાંફતો શ્વાન,
જીભ છાયાની નીકે
લાળને ચાટે.

*

છાંય ટૂંપાતી,
ઊઠી ઊઠી ને ઢોર
ઢૂંકડું ખસે.

*

આભની પાટી
સાવ જ કોરી કદ
પંખી-ભૂંસેલી.

*

ઘેને બપોરે
જરી ઝોકું ખૈ જાય
ડાંગ અઢેલી.

કવિલોક-કાવ્યસત્ર-વિશેષાંક : કવિલોકનો મે-જૂન ૧૯૮૧નો અંક કાવ્યસત્ર-વિશેષાંક તરીકે જુલાઇના પ્રથમ સપ્તાહને અંતે બહાર પડશે, જેમાં 'કવિલોક' અને 'બુધ-કવિતા-સભા'ના ઉપક્રમે જાન્યુઆરી ૧૯૮૧માં ગાંધીનગર ખાતે મળેલા પાંચમા કાવ્યસત્રમાં વંચાયેલા નિબંધો ને કાવ્યો સંગૃહીત કરવામાં આવ્યાં છે. આ દળદાર અંકની છૂટક કિંમત રૂ. ૭-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧. વાર્ષિક ગ્રાહક થનારને આ અંક રૂ. ૧૫ના નિયત લવાજમમાં મળશે. C/o કુમાર કાર્યાલય લિ., રાયપુર, અમદાવાદ-૧

પ્રખર મેધા અને તીવ્ર સંવેદનશીલતા, ઉચ્ચ બુદ્ધિ-પ્રતિભા અને વિનમ્રતા, અગાધ જ્ઞાન અને નરી સરલતા, શીઘ્ર સર્જનશક્તિ તથા નિરાડંબરતા જેવાં એકસાથે ભાગ્યે જ જોવા મળતાં દ્વંદ્વોથી પૂર્ણ, અને ભારતીય સંસ્કૃતિની વિભાવનાને જીવનમાં વણી લઈ તેનું તંતોતંત પાલન કરનાર સંસ્કાર-પુરુષ શંકરદેવજી વિદ્યાલંકારનું ગઈ ૨ એપ્રિલના રોજ મુંબઈમાં અવસાન થતાં આ કાળમાં દુર્લભ એવા વિદ્યાવ્યાસંગીની ખોટ પડી છે.

'કુમાર'નો વાચક-ચાહક વર્ગ એમના નામથી સુપરિચિત છે. સ્વ. શ્રી બચુભાઈ રાવતના તો તેઓ આત્મીય સ્વજન સમા હતા, અને ગયા વર્ષે શ્રી બચુભાઈના અવસાનથી તેમણે જે તીવ્ર આઘાત અનુભવ્યો હતો ત્યારથી જ જાણે એમણે મિત્રની રાહે જવાની આંતરિક તૈયારી આરંભી દઈ પોતાની ચેતનાને તેઓ અંતર્મુખ કરવા લાગ્યા હતા.

છેલ્લાં પચ્ચીસ વર્ષથી તેઓ પોરબંદરના આર્ય કન્યા ગુરુકુલમાં સેવા આપી રહ્યા હતા. એમની આ સેવાને બિરદાવતાં કાકાસાહેબ કાલેલકરે એમને 'ઋષિકાલીન સંસ્કૃતિના જ્યોતિર્ધર' કહ્યા હતા.

આવા આ સંસ્કાર-પુરુષનું ઘડતર સ્વામી શ્રદ્ધાનંદે હરદ્વારમાં સ્થાપેલા કાંગડી ગુરુકુળમાં થયું હતું. ઈ. ૧૯૦૭માં વલસાડ જિલ્લાના મલવાડા ગામે એક અનાવિલ બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ થયો. પિતા ભણેલા તો માત્ર વર્નાક્યુલર ફાઈનલ સુધી જ, પરંતુ રાષ્ટ્રીય ભાવનાના રંગે રંગાએલા હતા. ખેતી કરતા, પણ એમના ખયાલો સુધારાવાદી હતા. આર્ય સમાજ પ્રત્યે એમને અનન્ય પ્રીતિ હતી. પોતાના પુત્રોને રાષ્ટ્રીય શિક્ષણ મળે તે માટે, એ સમયમાં ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણની શાળા ન હોઈ, પુત્રને ઘરથી અત્યંત દૂર છેક ગુરુકુલ કાંગડીમાં ભણવા મોકલ્યા હતા. પ્રકૃતિની ગોદમાં વસેલા એ ગુરુકુલના ઋષિકાલીન સંસ્કૃતિથી પૂર્ણ વાતાવરણથી એમનું બાલહૃદય પ્રભાવિત થઈ ગયું. ગુરુકુલનું કુલગીત એમના અંતરમાં સદાને માટે અંકિત થઈ ગયું. જીવનપર્યંત તેઓ અવારનવાર તેનું રટણ કરતા રહેતા—


'તેરે વિશદ આકાશકી સ્વાધીનતામેં હમ પલે,
સ્વર્ગીયતા મિશ્રિત જહાં ઉજ્જ્વલ ઉષાકા ધામ.
તેરે વનોંકી સ્તબ્ધતામેં દિવ્ય કોઈ રાગ હૈ,
સબ ઓરસે માનોં બરસતા પુણ્યકા પરિણામ હૈ.'

સ્વાધીન વિરાટ આકાશ, વનોની સ્તબ્ધ નીરવતા, અને ચોતરફથી વરસતી પુણ્યધારા સમા, એમાંથી ગુંજતા દિવ્યમંજુલ સ્વરની અનુભૂતિ બાલ શંકરદેવના હૃદયમાં હમેશાંને માટે અંકાઈ ગઈ. જીવન ચૈતન્યધારાથી તુષ્ટ-પુષ્ટ બનતું ગયું, ઘડાતું ગયું. અને એમાં ગુરુજનોના અપાર સ્નેહ, અજોડ વિદ્વત્તા અને વત્સલ પ્રેરણાના સિંચને શંકરદેવની ભૌતિક ને માનસિક ચેતનાની ક્ષિતિજો વિસ્તરતી રહી. ગુરુશિષ્યો અહીં જ્ઞાન અને જીવનવિકાસની સાધનાના ધ્યેયમાં સદા મગ્ન રહેતા. અહીં વિદ્યાર્થીઓને પૂછવામાં આવે કે 'મોટા થઈને તમે શું કરશો કે શું બનશો?' ત્યારે અમે ડૉક્ટર કે બૅરિસ્ટર બનીશું તેવા ઉત્તરને બદલે વિદ્યાર્થીઓ કવિ, વક્તા, શિક્ષક કે દેશસેવક બનવાની ભાવના વ્યક્ત કરતા. શંકરદેવે પણ ગુરુજનોને સંસ્કૃતમાં સુમધુર રીતે અસ્ખલિત બોલતા સાંભળીને મનમાં શિક્ષક બનીને ભારતમાતાની સેવા કરી સાચા મનુષ્ય બનવાનો સંકલ્પ કર્યો.

અને એ સંકલ્પસિદ્ધિ એ જ જાણે એમના ત્યાંના પંદર વર્ષ જેટલા દીર્ઘ અભ્યાસકાળનું એકમાત્ર લક્ષ બની રહ્યું આઠમી કક્ષા સુધીમાં તો એમણે બે હજાર જેટલા સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કરી લીધા હતા. પ્રથમ શ્રેણીમાં જ હિન્દી ભાષાના વિષયમાં સાથી વધુ ગુણ મેળવી આ ગુજરાતી ભાષાભાષી બાળકે સૌનું લક્ષ પોતા પ્રતિ આકર્ષ્યું હતું. હિન્દી ભાષાને એમણે માતૃભાષા સમી સહજ-સરળ આત્મસાત્ કરી લીધી હતી. એમના એક ગુરુ પ્રિયવ્રત વિદ્યાલંકારે એમની સંસ્કૃત-પ્રાતિને પોષી. સંસ્કૃત અંત્યાક્ષરી, સંભાષણગોષ્ઠિ, મુખપાઠ-સ્પર્ધા, કાવ્યસ્પર્ધા વગેરે દ્વારા એમનો સંસ્કૃત પ્રત્યેનો અનુરાગ પણ ઉત્તરોત્તર વધતો જઈ એ ભાષાની સૂક્ષ્મતા અને સૌંદર્ય પ્રત્યે એમની દૃષ્ટિ ખૂલતી ગઈ. તેઓ સંસ્કૃતભાષિણી ગોષ્ઠિમાં જોડાયા, જેમાં બધો વાર્તાલાપ સંસ્કૃતમાં જ કરવાનો રહેતો. પ્રત્યેક શનિવારે વિદ્યાર્થીઓ દ્વારા જ સંચાલિત 'શનિસભા'માં પણ એ જોડાયા. તેમાં શ્રેણિના કુલમંત્રી તરીકે એમને સ્વાગત-ગીત, પ્રવચન, આભારદર્શન અને વિધવિધ પ્રસ્તાવો રજૂ કરવાના રહેતા. એમાં પણ તેઓ થોડા જ સમયમાં સહુના માનીતા બની ગયા, અને આ રીતે નાનપણથી જ એમને વક્તૃત્વકલા તથા શીઘ્રકાવ્યસર્જનની તાલીમ મળતી ગઈ. છઠ્ઠી શ્રેણિથી પ્રારંભ પામેલું એમનું કાવ્યઝરણું ત્યાર બાદ સદાય અસ્ખલિત વહેતું રહ્યું. વિદ્યાર્થીઓમાં એ આદર્શ ગણાઈ માન પામવા લાગ્યા. ગુરુકુલ તો રાષ્ટ્રીય સંસ્થા હોઈ ત્યાં અવારનવાર દેશના અનેક વિદ્વાનો દેશભક્તો, સારસ્વતો અને સાધુસંન્યાસીઓ આવતા રહેતા. આ સૌના સંપર્ક અને શ્રવણથી એમનામાં યે સ્વદેશભક્તિ દૃઢ બનવા સાથે હિંદુ સંસ્કૃતિની મહાનતાનો પ્રભાવ અંકિત થતો રહ્યો. ભારતની ઋષિ-સંસ્કૃતિને આત્મસાત્ કરવાની એમની મનોવૃત્તિ બળવત્તર બનતી રહી, અને એથી પ્રેરાઈને એમણે કૉલેજકાળમાં ઇતિહાસ અને સંસ્કૃત એ બે વિષયનો ઊંડાણથી અભ્યાસ કર્યો. ઇતિહાસથી એમની દૃષ્ટિમાં વિપુલતા, સહિષ્ણુતા અને ઉદારતા આવી અને ભારતીય સંસ્કૃતિની અસ્મિતાનું દર્શન થયું. જ્યારે સંસ્કૃત સાહિત્યના અભ્યાસથી જીવનમાં સંસ્કૃતિનો પ્રકાશ લાધ્યો. સંસ્કૃત સાહિત્યના તત્ત્વચિંતકો, કવિઓ અને સાહિત્ય સ્વામીઓના એ પરોક્ષ સાન્નિધ્યે એમના ચિત્તને દિવ્ય પ્રજ્ઞાથી આલોકિત કરી દીધું. આમ, પૂરાં પંદર વર્ષ સુધી એમણે ગુરુકુલમાં વિદ્યાસાધના કરી જે દરમિયાન નાનાંમોટાં અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યાં અને કૉલેજના શ્રેષ્ઠ વક્તા તરીકેનો સુવર્ણચન્દ્રક પણ પ્રાપ્ત કર્યો. કુશળ વક્તા, સિદ્ધહસ્ત લેખક, શીઘ્ર કવિ અને વિદ્વાન સંસ્કૃત પંડિત તરીકે એમની ખ્યાતિ પ્રસરવા લાગી.

ગુરુકુલનો અભ્યાસકાળ પૂરો કર્યા પછી શંકરદેવની ઇચ્છા શાંતિનિકેતનમાં જવાની હતી. કવિવર રવીન્દ્રનાથ એમના આદર્શ હતા. બચપણમાં જ શંકરદેવે એમની માફક લાંબો ઝભ્ભો ને ધોતીનો પોશાક પહેરી, બુલંદીથી કાવ્યગાન કરવાનાં અને સૃષ્ટિ સમગ્રમાં લહેરાતા સૌન્દર્યને કાવ્યોમાં મઢવાનાં સ્વપ્નો સેવેલાં. પરંતુ એ સંકલ્પ જરા જુદી રીતે સિદ્ધ થયો. પિતાની ઇચ્છાને માન આપી તેઓ શાંતિનિકેતન જવાને બદલે ગુજરાતમાં નવા જ સ્થપાએલા ગુરુકુલ-સૂપામાં અધ્યાપક તરીકે જોડાઈ ગયા. ત્યાં એમના પિતાના પરમ મિત્ર ચતુરભાઈ પટેલ અધ્યક્ષ હતા. ગુજરાતમાં પૂનાની ફર્ગ્યુસન કૉલેજ જેવી સંસ્થા ઊભી કરવાનું એમનું સ્વપ્ન હતું. આ માટે તેઓ નિષ્ઠાવાન શિક્ષકોને એકઠા કરી રહ્યા હતા. શંકરદેવની શક્તિઓને એ પારખી ગયા હતા. તક મળતાં જ એમને ઝડપી લીધા, એટલું જ નહિ, 'ઐહિક લાલચોથી પ્રેરાઈને તેઓ સંસ્થા છોડી જાય નહિ' તેનું વચન પણ લઈ લીધું. સૂપામાં શંકરદેવે ૧૫ વર્ષ સેવા આપી પણ પછી કાંગડી ગુરુકુલમાં એમની સેવાની આવશ્યકતા ઊભી થતાં ચતુરકાકાની અનુમતિથી તેઓ ત્યાં અધ્યાપક અને ગૃહપતિ તરીકે ગયા. પોતાના શિક્ષણકાર્યને વેગ મળે એ માટે આ દરમિયાન એમણે હિન્દી અને સંસ્કૃતમાં એમ.એ.ની સમકક્ષ 'વિદ્યાલંકાર'ની પદવી પ્રાપ્ત કરી.

એમનું ગૃહસ્થ જીવન પણ અત્યંત મધુર અને આનંદભર્યું હતું. પત્ની સુરેન્દ્રા મૂળ પંજાબનાં વતની હતાં, પરંતુ એમનું કુટુંબ વર્ષોથી



શંકરદેવ વિદ્યાલંકાર

લેખિકા · જ્યોતિ જે. થાનકી

પ્રસન્ન શાંત ચહેરો, નિર્મલ નજર, બાલસહજ મુગ્ધતા, નમ્રતા, અંતર્મુખતા અને વત્સલ સાધુ સ્વભાવ તથા વિદ્યાવ્યાસંગ એ એમના વ્યક્તિત્વનાં ઉજ્જ્વળ પાસાં હતાં.

બ્રહ્મદેશમાં સ્થાયી થયું હતું. કન્યાના ભાઈઓ કાંગડી ગુરુકુલમાં શંકરદેવની સાથે જ ભણતા હતા આથી શંકરદેવને એમના કુટુંબનો પરોક્ષ પરિચય તો હતો જ, પરંતુ કન્યાના માતાપિતાની ઇચ્છા શંકરદેવને પ્રત્યક્ષ જોવાની હતી. શંકરદેવ પણ એમનો તથા કન્યાનો પ્રત્યક્ષ પરિચય પામવા બર્મા ગયા હતા. સૌએ આ સંબંધ માટે અનુમતિ આપી દીધી. પણ લગ્ન માટે તો શંકરદેવ માત્ર પાંચ જ વ્યક્તિઓ, અને તેમાં યે બે તો નાની ભત્રિજીઓને લઇને જ ગએલા. શ્રીમંત સસરાએ પુત્રીને દાયજામાં ઘણું ઘણું આપવાની ઇચ્છા રાખેલી, પરંતુ પોતે સ્વીકારેલા સિદ્ધાંતોમાં ચુસ્ત શંકરદેવે દહેજમાં એક પાઈ પણ લેવાની સ્પષ્ટ ના પાડી. અને છેવટ જાનમાં આવેલી બે નાની કન્યાઓને એકએક રેશમી વસ્ત્ર આપીને શ્વસુરને મન મનાવવું પડયું હતું. પરંતુ આવા પ્રતિભાવાન સિદ્ધાંતનિષ્ઠ જમાઇને પામી તેમણે તથા શંકરદેવ જેવા તેજસ્વી પતિ મેળવવા બદલ નવવધૂ સુરેન્દ્રાએ અત્યંત ગૌરવ અનુભવ્યું. શંકરદેવની જીવનસાધના, કાર્યનિષ્ઠા અને ભાવનાઓને ધર્મપત્નીએ વેગ આપ્યો હતો. ઈ. ૧૯૪૩માં ગુજરાતના કલાગુરુ સ્વ. શ્રી રવિશંકર રાવળે પોતાની ઉત્તર ભારતની કલાયાત્રા દરમિયાન કાંગડી ગુરુકુલની મુલાકાત લીધી હતી. તે પ્રવાસના વર્ણનમાં તેમણે તેમના વિષે લખતાં કહ્યું છે :

'શંકરદેવજીનું ઘર પૂછતાં જ એક જણે તે બતાવ્યું. અને અવાજ દેતાં તેમનાં શ્રીમતીજીએ દ્વાર ઉઘાડયું. સુડોળ, સુબદ્ધ, પ્રસન્ન સ્વાસ્થ્યયુક્ત એ ગૃહદેવીએ અમને સ્વાગતવચન કહ્યું. અમને તેમનો પૂર્વપરિચય ન હતો, પરંતુ શંકરદેવજીએ એમને અમારા સંબંધે સર્વ કહી રાખ્યું હશે એમ લાગ્યું... શંકરદેવજીને આવતાં વાર થઈ. એટલામાં તો એમણે અમારા માટે ઉપાહાર તથા ચા-દૂધનો પ્રબંધ કરી નાખ્યો... શંકરદેવનાં પત્ની પંજાબના જાલંધર કન્યાવિદ્યાલયનાં સ્નાતિકા છે. તેમનો જન્મ અને ઉછેર બ્રહ્મદેશમાં થએલો, પણ ઉત્તમ શિક્ષણ અને તાલીમથી ઘડાએલાં આ દંપતીને જોઈ આપણને એમ જ થઈ આવે કે સારા યે ભારતવર્ષની તરુણ પેઢીને આવી શરીરસંપત્તિ ને જીવનસ્ફૂર્તિ આપી સંલગ્ન કરનાર આવી વિદ્યાસંસ્થાઓ અનેકશ: વિસ્તાર પામો. સંસ્થાએ એમને પ્રમાણપત્રો આપ્યાં હશે, પણ હવે તો તેઓ પોતાના જીવનથી સંસ્થાને પ્રમાણપત્ર આપી રહ્યાં છે.'

માતૃસંસ્થાનાં ચરણોમાં આ નિષ્ઠાવાન દંપતીએ પંદર વર્ષની સેવા ધરી એ અરસામાં શેઠ શ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા બહેનો માટેની કૉલેજ ખોલી રહ્યા હતા. આ માટે ચતુરકાકાને કહ્યું : 'હું બહેનો માટેની કૉલેજ તો ખોલું છું. પણ મને સંસ્થા ઊભી કરે, તેનો વિકાસ અને વિસ્તાર કરે તેવો તપસ્વી, સાચો બ્રાહ્મણ ઋષિ લાવી આપો.' અને ચતુરકાકાએ શંકરદેવજીને પોરબંદર આવવા આગ્રહ કર્યો. કાંગડી ગુરુકુળના સંચાલકોએ એમને પોરબંદર જેવા અજાણ્યા અપરિચિત સ્થળે કદાચ ન ફાવે તે માટે એક વર્ષની 'લૉન' સર્વિસ ઉપર જવા દીધા. પણ એ લૉન ક્યારેય પરત થઈ નહિ. એમની અસાધારણ વિદ્વત્તા, અપાર નમ્રતા, અગાધ જ્ઞાન, અદ્ભુત વક્તૃત્વશક્તિ અને વિદ્યાર્થિનીઓ પ્રત્યેની વત્સલતાને જોઈને સંસ્થાના સંસ્થાપકે માત્ર છ જ મહિનામાં એમને સમગ્ર ગુરુકુળ સંસ્થાના કાર્યકારી ટ્રસ્ટી બનાવી દીધા અને સંસ્થાની સમગ્ર જવાબદારીનો ભાર એમને સોંપી દીધો.

શંકરદેવજીએ પણ અથાક પરિશ્રમ અને પુરુષાર્થથી મહિલા કૉલેજ ઊભી કરી દીધી. એટલું જ નહિ, પણ કૉલેજમાં એવું ભાવનાત્મક, પારિવારિક વાતાવરણ સર્જ્યું કે આ કૉલેજ અન્ય શિક્ષણ સંસ્થાઓમાં વિશિષ્ટ સંસ્કારધામ બની રહી. તેઓએ તેમનો સમગ્ર વાનપ્રસ્થ કાળ આ ગુરુકાળ સંસ્થામાં વીતાવ્યો અને અસંખ્ય બાલિકાઓમાં જ્ઞાન, સ્નેહ અને સંસ્કારનું સિંચન કરતા રહ્યા.

તેમની સમગ્ર જીવનયાત્રા દરમિયાન અનેક મહામનીષીઓના જીવન અને સાંનિધ્યથી પ્રભાવિત તેઓ થયા હતા. કાંગડી ગુરુકુળમાં ગૃહપતિ તરીકે હતા ત્યારે અસંખ્ય વિભૂતિઓના નિકટ પરિચયમાં આવવાનું થયું હતું. કવિવર ટાગોરનો આદર્શ તો એમની નજર સમક્ષ હતો જ. રાષ્ટ્રપિતા ગાંધીજીની વિચારસરણીએ પણ એમના પર પ્રબળ અસર કરી. શ્રી રાધાકૃષ્ણનના પણ નિકટ પરિચયમાં આવવાનું એમને સાંપડયું હતું. એમનાં તત્ત્વચિંતન અને દર્શનથી તેઓ ખૂબ પ્રભાવિત હતા. કાકાસાહેબ કાલેલકર તો એમના માર્ગદર્શક ગુરુ હતા, તેમની પાસેથી પત્રવ્યવહાર દ્વારા એમણે ઘણું ઘણું માર્ગદર્શન મેળવ્યું હતું. શંકરદેવનો કલાના ક્ષેત્રમાં રસ જાગ્રત કરનાર કાશીના કલા-મીમાંસક શ્રી રાયકૃષ્ણદાસ હતા, એ તો એમના કલાગુરુ જ નહિ પિતા સમા આત્મીય સ્વજન હતા. એમના જીવન અને કવનની શંકરદેવજી પર પ્રબળ અસર હતી. એમને મળવા માટે તેઓ ખાસ કાશી જતા અને દિવસો સુધી ગુરુના સાંનિધ્યમાં એમના પુત્રની માફક ગુરુગૃહે જ રહેતા. એ જ રીતે પંડિત રામનારાયણ મિશ્ર, જેઓ છોટે માલવિયજી

તરીકે પ્રસિદ્ધ હતા, એમના જીવનમાંથી પણ શંકરદેવજીને ઘણી પ્રેરણા મળી હતી. શંકરદેવજીની ગુરુભક્તિ અનન્ય હતી. પોતાના સર્વ ગુરુજનોને પ્રત્યેક ગુરુપૂર્ણિમાએ તેઓ સ્વરચિત વંદનાકાવ્યો મોકલતા. એમના એક ગુરુની તર્પણક્રિયા અને શ્રાદ્ધવિધિ તો હજુ ગયે વરસે જ એમણે જાતે કરી હતી. આવા અનન્ય ગુરુભક્ત, વિભૂતિપૂજક અને જ્ઞાનપ્રેમી શંકરદેવજી વિદ્યાર્થીપ્રિય પણ એટલા જ હતા.

કાકાસાહેબને 'વિદ્યાર્થીઘેલા અધ્યાપક' તરીકે ઓળખવામાં આવે છે. એ બિરુદ શંકરદેવને પણ આપી શકાય. તેઓ હમેશાં કહેતા, 'કવિ, વક્તા, લેખક અને સર્જક કરતાં પણ હું તો અધ્યાપક છું.' પોતાના આ અધ્યાપનકાર્યના મંગલ પ્રારંભ વેળાએ સૂપા ગુરુકુળમાંથી એમણે કાકાસાહેબના આશીર્વાદ માગ્યા હતા. કાકાસાહેબનો એ આશીર્વાદ-પત્ર એમના પર કાકાસાહેબનો પ્રથમ પત્ર હતો જેનું એમણે જીવનપર્યંત અક્ષરશઃ પાલન કર્યું હતું. આ પત્રમાં કાકાસાહેબે એમને લખ્યું હતું: 'શિક્ષણનું કાર્ય તો શ્રેષ્ઠ છે. અત્યંત પવિત્ર છે, વિદ્યાર્થીઓના હૃદયની ચેતનાને જાગ્રત કરવાનું દિવ્ય કાર્ય છે. એમાં માન-અપમાન જોશો નહિ. અધ્યાપક બનવું એ તો ગૌરવની વાત છે. બાળકોનાં જીવનમાં દિવ્યતાનો સંચાર કરો'. અને પોતાના સંપર્કમાં આવતા પ્રત્યેક વિદ્યાર્થીઓના જીવનવિકાસમાં ગાઢ રસ લઈ તેમનામાં દિવ્યતાનો સંચાર કરવાનું કામ એમણે જીવનભર કર્યું. સોક્રેટિસનું કેળવણી વિષેનું આ મંતવ્ય 'જે માણસ પોતાનાં અને બીજાનાં બાળકોને ભણાવે છે, તેનાથી મોટી બીજી કોઈ દિવ્યતા હું જોતો નથી.' એમનો જીવનમંત્ર બની ગયું હતું. કાંગડી ગુરુકુળમાં ગૃહપતિ તરીકે ફરજ બજાવતાંબજાવતાં એમને માનવજીવનના ઘડતરની ચાવી પ્રાપ્ત થઈ અને તેઓ અસંખ્ય વિદ્યાર્થીઓનું જીવન-ઘડતર કરતા રહ્યા. આ સમય દરમિયાન જ એમને સર્વ વિદ્યાર્થીઓએ 'ભાઈજી'ના વહાલસોયા નામથી સંબોધવાનું શરૂ કર્યું અને આ નામ એમની સાથે છેવટ સુધી એટલું તદ્રૂપ બની ગયું કે ઘણાને એમના મૂળ નામનો ખયાલ પણ ન હતો. વિદ્યાર્થીઓની ચેતનાનો વિસ્તાર કરવો, જ્ઞાન લાદવું નહિ પણ જ્ઞાન જગાડવું, ઉપદેશ આપવો નહિ પણ વર્તનથી જ એવું વાતાવરણ સર્જવું કે સીધા ઉપદેશની જરૂર જ ન રહે. શિક્ષણ અંગેના એમના આવા વિચારો હતા અને આ મુજબ જ તેઓ જીવનભર વર્ત્યા હતા.

હમણાં થોડા સમય પહેલાં તેઓ કલકત્તા ગયા હતા. ત્યાં તે સમયે ટાગોરની 'સમાપ્તિ' વાર્તા ઉપરથી ઊતરેલું 'ઉપહાર' ચલચિત્ર ચાલતું હતું. શંકરદેવજી એ ચિત્ર જોઈને બહાર નીકળ્યા ત્યારે બે બંગાળી સદ્‌ગૃહસ્થો દૂરથી જ એમને અવલોકતા હતા અને પછી તેઓએ નજીક આવી નમસ્કાર કરીને એમને પૂછ્યું : 'આપ શંકરદેવજી તો નહિ ને?' ત્યારે તેમણે આશ્ચર્યથી કહ્યું, 'હા હું એ જ, પણ આપનો પરિચય?' ત્યારે તે બંને સદ્‌ગૃહસ્થોએ કહ્યું કે, ત્રીસ વર્ષ પહેલાં ગુરુકુળ કાંગડીમાં આપે અમને 'સમાપ્તિ' વાર્તા ભણાવેલી. આ ચલચિત્ર જોતાં થિયેટરમાં અમે આપને જ યાદ કરતા રહ્યા, અને કેવો યોગાનુયોગ કે બહાર નીકળતાં જ આપના પ્રત્યક્ષ દર્શન થયાં. અમે ધન્ય બની ગયા.' આ સાંભળી અધ્યાપક શંકરદેવનો આત્મા પ્રસન્ન થઈ ગયો. એમને એમની જીવનસાધનાની સફળતાનું પ્રત્યક્ષ પ્રમાણ મળી ગયું.

એક વિદ્યાર્થીને વાર્તાલેખક બનવું હતું. ભાઈજી પાસે એણે પોતાની ઇચ્છા પ્રકટ કરી. ભાઈજીએ તેના વાચન અંગે પૂછતાં જાણવા મળ્યું કે તે તો માત્ર જાસૂસી નવલકથાઓ જ વાંચે છે. ભાઈજીએ એ અંગે કશું જ ન કહેતાં તેના હાથમાં ક્રમશઃ શરદબાબુ, 'ધૂમકેતુ' અને રવીન્દ્રનાથની વાર્તાઓનાં પુસ્તકો મૂકતા ગયા. થોડા દિવસોમાં જ તે વિદ્યાર્થીને વાર્તા શું છે, તે આપોઆપ સમજાઈ ગયું. પછી તો તે જાતે જ વાર્તા લખતો થઈ ગયો. આજે તે વિદ્યાર્થી હિન્દી ભાષાનો ઘણો જ સારો વાર્તાલેખક ગણાય છે.

એક વિદ્યાર્થિનીને શ્રી અરવિંદના પુસ્તકમાં કશું સમજાતું ન હતું. તે ભાઈજી પાસે સમજવા ગઈ. ભાઈજીએ તેને કશું સમજાવ્યું નહિ, પણ તેને ટાગોરનું એક પુસ્તક આપ્યું. તે વિદ્યાર્થિનીએ તે વાંચ્યું અને શ્રી અરવિંદના પુસ્તકમાં જે વસ્તુ નહોતી સમજાતી, અઘરી લાગતી હતી તે સમજાઈ ગઈ.

ભાઈજી કહેતા કે શિક્ષકે કશું કરવાનું નથી, માત્ર ભૂમિકા તૈયાર કરવાની છે. એ ભૂમિકા તૈયાર થાય એટલે જ્ઞાન તો પછી આપોઆપ સ્ફુરે છે. વિદ્યાની આ પદ્ધતિ જ સર્વશ્રેષ્ઠ છે એમ તેઓ માનતા અને આ રીતે જ એમણે પોતાના વિદ્યાર્થીઓમાં જ્ઞાનભૂખ જાગ્રત કરી છે. એટલે જ એમના વર્ગમાં ભણેલા એક પણ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની એમને જીવનપર્યંત ભૂલી શકતાં નથી. ગુરુકુળના પટાંગણમાં બાલિકાઓના વૃંદની વચ્ચે તેઓ સદાય વીંટળાયેલા જોવા મળતા. ક્યારેક પુષ્પોની માહિતી આપતા હોય કે ક્યારેક દેશભક્તિની વાત કરતા હોય. તેઓ માત્ર વત્સલ ગુરુ ન હતા, પરંતુ સંચાલકો, શિક્ષકો, સંશોધકો, સર્વના હિતચિંતક, શુભેચ્છક અને પ્રેમાળ માર્ગદર્શક હતા. તેમની હાજરીમાં સહુ કોઇને આશ્વાસન રહેતું, હૂંફ મળતી. એમની વિદ્વત્તા અને બહુશ્રુતતાનો કદી કોઈને જરા સરખો પણ તાપ લાગ્યો ન હતો. નાનું બાળક કે કામવાળી બાઈ આ સંસ્થાના આચાર્ય સહુ કોઇના તેઓ આત્મીય સ્વજન સમા હતા. જાણે કે ગુરુકુળ તપોભૂમિમાં એક આધ્યાત્મિક ચેતના સર્વ ઉપર શીળી છાયાની જેમ છવાઈ રહી હોય તેવી એમની સંનિધિની સર્વને અનુભૂતિ હતી.

એમનું નિવાસસ્થાન તો એક વિશાળ પુસ્તકાલય જ બની ગયું હતું. એમના વિશાળ ઘરના બધા જ ખંડો પુસ્તકોથી ખીચોખીચ ભરેલા છે. આટલાં બધાં પુસ્તકો શું એમણે વાંચ્યાં હશે એવો પ્રશ્ન સહેજે થાય. પરંતુ કયા પુસ્તકમાં શું છે તેની એકએક વિગતની એમને સંપૂર્ણ માહિતી રહેતી. અદ્‌ભુત હતી એમની અધ્યયન પ્રીતિ. રાત્રે અને વહેલી પરોઢે વાંચતા અને લખતા જ હોય. કોઈ પણ વિષય એવો નહિ હોય કે જેની માહિતી ભાઈજી પાસે ન હોય. સાહિત્ય, સંગીત, કલા, ભૂગોળ, ખગોળ, વિજ્ઞાન, પુરાતત્ત્વ, ઇતિહાસ, ધર્મ, સંસ્કૃતિ રાજ્યનીતિ, પ્રકૃતિ, પુષ્પો, વનસ્પતિ, ઔષધો વગેરેનું જ્ઞાન ધરાવનાર ભાઈજી તો એક જીવતો-જાગતો વિશ્વકોષ હતા. એમના મસ્તિષ્કના સર્વ ખંડો જ્ઞાનથી છલોછલ ભરેલા હતા. જેને જ્યારે જે જોઇએ તે ભાઈજીના વિશ્વકોષમાંથી માત્ર પૂછતાં જ તાત્કાલિક મળી રહેતું.

ભાઈજીનો પુષ્પપ્રેમ પણ અદ્‌ભુત હતો. ગુરુકુલની ભૂમિમાં એમણે જાતે જ ઘેરઘેર પારિજાતનાં વૃક્ષો વાવ્યાં છે. પારિજાત એમને એટલું પ્રિય હતું કે એમણે પોતાના નિવાસસ્થાનનું નામ પણ 'પારિજાત પલ્લી' આપ્યું હતું. વૃક્ષમાં નવા અંકુરો ફૂટે, મધુમાલતીમાં પ્રથમ પુષ્પો ખીલે કે કોઈ નવા છોડ પર કળી બેસે તેના આનંદજનક સમાચાર આપતાં તેઓ પોતે પણ પુષ્પ જેવા પ્રફુલ્લિત બની જતા. એમના હાસ્યમાં પણ પુષ્પોની સુગંધ મહોરી ઊઠતી. બાગાયતનો એમને જબરો શોખ હતો. કદંબ પારિજાત, આમળાં અને નીલગિરિનાં વૃક્ષોને તેઓ જ ગુરુકુળભૂમિમાં લઈ આવ્યા હતા. તેઓ દેશભરમાંથી જાતજાતનાં બિયારણ મંગાવતા. વનસ્પતિઓ અને ઔષધિઓની એમને પૂરી ઓળખ હતી. પ્રત્યેક પ્રભાતે તેઓ બગીચામાં બેએક કલાક સુધી ફરતા અને વાડીમાંથી ને બગીચામાંથી જાતજાતની વનસ્પતિઓ, પુષ્પો, શાકભાજીઓ જાતે જ ચૂંટી લાવતા અને અંતેવાસીઓને એનો પરિચય કરાવતા. એમના વનસ્પતિ અને બાગાયત પ્રત્યેના અનન્ય પ્રેમને લક્ષમાં લઇ પોરબંદરની હોર્ટિકલ્ચર સોસાયટીએ (અનુ. પૃ. ૧૩૭)

અંગારાની ફાંટ

(રેડિયો-નાટિકા)

હસમુખ બારાડી

પ્રોફેસર : (પ્રાથમિક ઉદ્‌ઘોષણા પછી) (શ્રોતાઓને) વર્તમાન-ની આ ક્ષણે તમે નાટક – ખાસ તો આ નાટક સાંભળવા બેઠાં હશો, કે હવે તમારું ધ્યાન સાંભળવામાં લાગવા માંડ્યું હશે. પણ આ ક્ષણ પહેલાંનું જે જીવન હતું અને હવે આવતા અર્ધા કલાકમાં જે નાટક રજૂ થશે એમાં તફાવત છે, અને એ તફાવત તમે જાણો જ છો. નાટકમાં પ્રસંગોની પસંદગી અને ગોઠવણી એક ખાસ દૃષ્ટિકોણથી થાય છે, એનું વાસ્તવ અને સત્ય આ દૃષ્ટિકોણને લીધે એટલાં જુદાં પડે. આ નાટકમાં મારું કામ દૃષ્ટિકોણ આપ્યા કરવાનું છે. વળી, આ નાટક-માં હું એક પાઠ પણ કરવાનો છું—પ્રોફેસરનો. મૂળ મારું નામ...છે. બીજાં ત્રણ પાત્રો છે : બે મોટાં ને એક મુન્નો...તારું નામ શું બેટા?

મુન્નો :...પણ જરા જલ્દી કરજો, મારે નિશાળનું મોડું થાય છે.

કમલ : (જાણે સહેજ ઉતાવળે) હા, બેટા. (શ્રોતાઓને) આ મુન્નાના પિતા કમલની ભૂમિકા હું ભજવીશ.

ઇન્દુ : અને હું, મુન્નાની આન્ટી – ઇન્દુનો રોલ કરીશ.

પ્રોફેસર : (શ્રોતાઓને) વાત અમારા આ ચારેયની છે—અંગારાની ભરેલી ફાંટ-એટલે કે પીંડે નાખેલી પછેડી જેવી; પણ આ આખી વાતમાં ઇન્દુ કેન્દ્રમાં છે. એના અને કમલ તથા મુન્નાના જીવનમાં મારી એન્ટ્રી થોડી મોડી થઈ હતી. અને મારા આવતાં સુધીમાં એમનું આટલું જીવન વહી ગયું હતું.

(રિક્ષાના હૉર્નનો અવાજ)

ઇન્દુ : (દૂરથી કોઇને કહેતાં) એ ઊભો રહેજે... આવે છે. મુન્ના, જલ્દી કર, તારી રિક્ષા આવી ગઈ. (નજીકથી) લે, આ તારું નાસ્તાબૉક્સ...શું કરે છે આ?

મુ૦ : આ જુઓને, આન્ટી! બૂટની દોરી...

ઇન્દુ : પણ મને કહેને બેટા, હું બાંધી દઉં...ને હજી તો તારે બાના રૂમમાં જવાનું છે.

મુ૦ : ડૅડી ક્યાં?

ઇ૦ : આજ હજી બાથરૂમમાંથી નીકળ્યા લાગતા નથી. (ફરી હૉર્ન)

ઇ૦: એ આવે! સારું, ચાલ હું જ તને બાના રૂમમાં લઈ જાઉં. લે, આ દફ્તર. ને રીસેસમાં બરાબર નાસ્તો કરી લેજે, હોં?... જો-જો સંભાળ... જરા ધીમેથી. અને જો, ડૅડી રોજ કરાવે છે એ રીતે બાને નમીશને? બહુ ડાહ્યો. સામે જો ફોટોની, અને બે હાથ જોડ. લે, તારા ડૅડીએ તો ફૂલનો તાજો હાર ચડાવીય દીધો ફોટોને?

મુ૦ : આન્ટી, આ ફોટોવાળી બા મને રાજુની મમ્મી જેટલો જ પ્રેમ કરતી?

ઇ૦ : હા, એટલે તો ડૅડી તને રોજ સવારે નમસ્તે કરાવવા લઈ આવે છે...કેમ, બેટા?

મુ૦ : પણ આન્ટી, તમેય મને...

ઇ૦ : હા, તું મારોય એવો વહાલોવહાલો મુન્નો છે ને, એટલે!

મુ૦ : હું તમને મમ્મી કહું?

ઇ૦ : કોઇને ગમે તે નામે બોલાવીએ, એમાં શું? પ્રેમ કેટલો છે એનું આપણે તો કામ, ખરું ને? જો, તારું નામ અંબરીષ, પણ અમે તને મુન્નો કહીએ છીએ. અંબરીષ બોલતાંય વાર લાગે. 'મુન્નો' કેવું સરસ નામ છે, નહિ?

મુ૦ : પણ હું તમને બા ક્યાં કહેવાનો છું? હું તો મમ્મી કહીશ. રાજુને મમ્મી છે તો મારે કેમ નહિ? રાજુને ત્યાં તો બા-દાદાનો ફોટો સાથે છે. પણ એના ડૅડી એને રોજ નમસ્તે કરવાનું કહેતા નથી.

ઇન્દુ : સારું, મુન્ના, હમણાં તારા ડૅડી...

મુ૦ : ને હવે તો રાજુ પણ પોતાની મેળે આજથી બાને નમસ્તે કરવાનો છે-મારી જેમ; ને હું હવે તમને મમ્મી કહેવાનો છું—રાજુની જેમ! કહુંને?

ઇન્દુ : સારું, બેટા.

મુન્નો : (આશ્ચર્યથી) ડૅડી!

ઇ૦ : અરે! તમે અહીં ક્યારના ઊભા છો આમ ટુવાલ વીંટીને?... તમે બાથરૂમમાં હતા, એટલે હું...

કમલ : કંઈ વાંધો નહિ. બેટા, નમસ્તે કર્યાં બરાબર?

મુ૦ : હા, પણ ડૅડી...

કમલ : બોલ, બેટા.

મુ૦ : આ ફોટોવાળી બા રાજુની મમ્મી જેવી જ હતી?

ક૦ : હા, કેમ?

મુ૦: કંઈ નહિ. પણ મારે તો આન્ટી યે છે.

ઇન્દુ : હા, બેટા.

મુ૦ : પણ ડૅડી! આપણે બા પાસે ક્યારે જઇશું? તમે કહેતા હતાને, હું તને લઈ જઇશ...

ક૦ : ક્યારેક લઈ જઇશ.

મુ૦ : પણ આપણે જઇશું ત્યારે હું આન્ટી-ની આંગળી નહિ છોડું. તમે આવશોને?

(હૉર્ન)

ઇ૦ : હું રિક્ષાવાળાને રોકું છું. (જાય છે)

ક૦ : બસ, બેટા? ચાલ, પછી તારે મોડું થશે. લે, આ તારી ચૉકલેટ, અને આ તારા દોસ્ત રાજુ માટે.

મુ૦ : હા, રાજુએ મને કાલે ગોળી આપી હતી... (દૂર જતાં) આવજો ડૅડી!

ક૦ : સંભાળજે.

(રિક્ષા ચાલુ થાય છે)

ઇ૦ : આવજે, મુન્ના. (રિક્ષા જાય છે) અંદર ચાલો, તમને પવન લાગી જશે.

ક૦ : તમને મુન્નો બીજું શું કહેતો હતો?

ઇ૦ : જિદ લીધેલી આજે એણે, 'હું તમને મમ્મી કહીશ.'

ક૦ : હં... હં...

ઇ૦ : બીજું તો તમે બધું સાંભળેલું.

ક૦ : હા. (નિર્ણય જણાવતાં) તમને મમ્મી કહેવાની એને હું રજા આપીશ.

ઇ૦ : મેં એને રજા આપી દીધી છે.

ક૦ : એટલે?

ઇ૦ : એટલે એમ, કે એમાં આપણી સમ-જૂતીનો ભંગ નથી થતો.

ક૦ : કઈ સમજૂતી?

ઇ૦ : આપણાં લગ્ન સમયની. બરાબર?

કમલ : (મૂંઝાઇને) હા, હા. બરાબર... એમાં શું?

ઇ૦ : અને એ મને બા થોડો કહેવાનો છે? ને, એવી રજા તો હું ય એને ન આપું.

ક૦ : તમારું આ સ્પષ્ટ વલણ મને ગમે છે. ને તમે તમારા નિર્ણયોને વળગી રહો છો એ ય હું જાણું છું. આ રીતે તમે આ ઘરને તમારું ગણો—(સુધારે છે.) ગણો છો. એનો મને આનંદ છે, ઇન્દુ! આમે ય હવે આપણાં લગ્નને બે વરસ તો થવાં આવ્યાં.

ઇ૦ : તમને મારે કારણે કંઈ તકલીફ તો નથી પડી ને?

કમલ : ના. કેમ?

ઇ૦ : કાલથી તમે હજી થોડા વહેલા નાહી-ધોઈ લેજો. તમારું એલાર્મ હું પંદરેક મિનિટ વહેલું મૂકીશ.

ક૦ : તમે કંઈ નારાજ તો નથીને ઇન્દુ?

ઇ૦ : અરે, ના રે. હોય?...જાઓ, કપડાં બદલી લો, હું નાસ્તો આપી દઉં.

(પોઝ)

પ્રો૦ : (શ્રોતાઓને) ઇન્દુ ઝડપથી એટલા માટે ચાલી ગઈ, કે નહિ તો એ કંઈક બોલી પડી હોત...અને આવું તો ઘણી વાર બનતું. વાત કરતાંકરતાં છેક છેવટનું કહી દેવાનું એને મન થઈ જતું. પણ જીભનો સળવળાટ એ દાંતમાં દાબી દેતી. એને હજુય આશા હતી... અને ક્યારેક તો ઉમળકોય થઈ આવતો. સામેથી વાત ઉખેળવાનો. ક્યારેક એ પહેલો શબ્દ પણ બોલી બેસતી. પરંતુ પેલા રાજાની જેમ, ઇન્દુ હજી તો ફક્ત અડકી જોતી ત્યાં જ કમલ સોનાનું નિર્જીવ પૂતળું બની જતો. અને પછી બીજી જ પળે કમલ એની મૃત પત્નીના રૂમમાં ચાલ્યો જતો. ને ત્યારે ઇન્દુને થઈ આવતું કે કમલને બૂમ પાડીને પોતે પાછો બોલાવે, અને એને ગમતું અણગમતું બધું કહી દે... કારણ કે ક્યારેક તો એ બધું કહી જ દેવું પડશે. (ઇન્દુને) હા, ઇન્દુ, કહી દે. આજ આ બરાબર મોકો છે. કહી દે, ઇન્દુ...

(પોઝ)

ઇ૦ : કહી દઉં, કમલ ?

ક૦ : શું ?

ઇ૦ : મેં મુન્નાને મને મમ્મી કહેવાની છૂટ આપી, એ તમને બહુ ગમ્યું નથી.

ક૦ : હા. મુન્ના વિશેના નિર્ણયો સાથે બેસીને લેવાનું આપણી સમજૂતીમાં છે. જો કે સમજૂતીને યાદ કરાવવી એ મને ગમતું નથી; અને એ તમે જાણો પણ છો. આપણે એને વળગી રહીએ, એટલે બસ. કેમ બોલતાં નથી ?

ઇ૦ : મુન્ના વિશે બીજી શી વાત કરું એ વિચારતી હતી.

ક૦ : ઇન્દુ !

ઇ૦ : હા, કમલ. આજ ઘણો વખત થયો.

ક૦ : હિસાબ કરવો છે ?

ઇ૦ : એની જરૂર લાગે છે તમને ? આપણું રોજનું બૅલેન્સ-શીટ તો આમ ચપટીમાં તૈયાર થઈ જાય છે.

ક૦ : આજ તમારો ટોન કંઈ બદલાયો છે. મારા તરફથી કોઈ વાતનો તમને અસંતોષ છે ? આવડું આ ભર્યુંભાદર્યું ઘર તમારી સત્તા નીચે છે. તમારી ઇચ્છા મુજબ મુન્નો તમારી સાથે હોય છે. એના વિકાસનું મને અને તમને બન્નેને ગૌરવ છે. મેં પણ તમારો અનાદર ન કરવા ખાસ કાળજી રાખી છે. બાકી, સમજૂતીનો ભંગ તો મારાથી નહિ થઈ શકે.

ઇ૦ : હું એવું કંઈ નથી કહેતી, કમલ.

ક૦ : તમે મોંએથી શબ્દો પાછા ઠેલો છો, પણ આંખોમાં અછતું નથી રહેતું. આપણા વચ્ચે સ્પષ્ટ વાત થઈ હતી કે મુન્ના સાથે રહેવાની તમારી ઇચ્છામાં હું આડો નહિ આવું, અને હું નથી આવતો. તમે આ ઘરમાં મુન્નાની મા તરીકે પ્રવેશ માગ્યો અને મેં તમને એ મનભર આપ્યો છે.

ઇ૦ : મા તરીકે નહિ, આયા તરીકે.

ક૦ : મામાંથી પત્ની બનવાનું પગથિયું ચડવા માગતાં હશો, તો આયા ય નહિ રહો, સમજૂતી પ્રમાણે !

(પોઝ)

પ્રો૦ : (શ્રોતાઓને) રહેવા દે, ઇન્દુ ! કમલ સાથે સંવાદ કરવાનો તારો પ્રયત્ન નિરર્થક જશે. કમલ એના દૃષ્ટિકોણથી સાચો છે. એની પત્નીના પ્રેમની એણે તને કેટલીક વાત કરી છે. અને એને એ શા માટે ભૂલી જાય ? ના ઇન્દુ, તારી જાતને સંકોરી લે. ખરેખર, તારે કમલની ય જરૂર નથી. મને ખબર છે તારી વાત ! તું આવી સ્ત્રી થઇને, હવે આટલે વખતે મુન્નાએ તારી આંગળી પકડી છે તો ય, તું કેમ અભિસારે નીકળી છે એ હું જાણું છું, ઇન્દુ !

(પોઝ)

ઇ૦ : પ્રોફેસર, તમે આ છોકરાં ભણાવવા માંડયાં એ પહેલાં કવિતા લખતા હતા ?

પ્રો૦ : (હળવાશનું વાતાવરણ સર્જતાં) ના રે. કવિતા તો નહોતી લખી. હા, કવિતા વાંચવી ગમતી. ક્યારેક ગીતો ય લલકારતો. પણ હવે એ બધું છૂટી ગયું છે.

ક૦ : પ્રોફેસર, ઇન્દુ તમને ગાવાનું નહિ કહે. શું કામ ચિંતા કરો છો ? (ત્રણેય હસે છે.)

ઇ૦ : નાનાં હોય ત્યારે બેત્રણ ગઝલ-ગીતો બધાંય લખે, એમાં શું ? લો, આ કૉફી. હા, સાહેબ, કડક છે – તમારા માટે.

(પોઝ)

પ્રો૦ : (શ્રોતાઓને) ટૂંકમાં, આ શહેરમાં જ્યારે મારી નિમણુક થઈ ત્યારે મને આવો આવકાર આ કુટુંબે આપ્યો હતો. એની પહેલાં ઇન્દુને થોડુંક જ ઓળખતો હતો. અમે યુનિવર્સિટીની સ્પર્ધાઓમાં એક વખત ભેગાં થઈ ગયાં એટલું જ. અને એક દિવસ રસ્તામાં એણે મને ઓળખી કાઢયો. કમલે ઘરે આવવા આમંત્રણ આપ્યું. પછી તો અવારનવાર તેને ત્યાં જવાનું બનવા માંડયું. ખાસ તો એ કે મુન્ના સાથે તોફાન-મસ્તીમાં મને મજા પડતી. અને એટલે, એક વખત મને ઇન્દુએ પૂછ્યું ત્યારે મેં કહી પણ દીધું : (ઇન્દુને) આ તમારો મુન્નો ખૂબ સરસ છે. તમે બન્ને એને ખૂબ દિલથી ઉછેરો છો.

ઇ૦ : બાળક બિચારું ! હૂંફ અને મુક્તિ મળે એટલે એને બીજું શું જોઇએ ?

પ્રો૦ : પણ એકલા કમલથી એ આવો ન ઊછર્યો હોત. એને તમારી જરૂર હતી, અને એ તમે બરાબર પારખી.

ઇ૦ : તમે શું કહેવા માગો છો, એ હું સમજું છું. પ્રોફેસર. પણ કમલથી મુન્નો બરાબર નહિ ઊછરે એ જોઇને મેં કમલ સાથે લગ્ન નથી કર્યાં; તમને ખબર છે ને હું મારા અભ્યાસ માટે મુન્નાની બાલવાડીમાં જતી, મુન્નો મને ગમતો. એને આ ઘરે આવીને ય રમાડતી. એટલે મેં એક દિવસ કમલને કહી દીધું.

પ્રો૦ ફક્ત મુન્ના માટે ?

ઇ૦ : હા, અને ફક્ત મુન્નો જ મારી અને કમલની વચ્ચેની કડી છે. હજી આ પૂરાં બે વરસે ય !

પ્રો૦ : એક વાત પૂછું ?

ઇ૦ : પૂછો.

પ્રો૦ : તમે જુદાં સૂવો છો ?

ઇ૦ : હા, સમજૂતી પ્રમાણે.

પ્રો૦: અને તમારો આ વિસંવાદ બાળકના ઉછેરમાં નથી નડતો ? ભવિષ્યમાં નહિ નડે ?

ઇ૦ : હજી સુધી નથી નડ્યો એ તમે જુઓ છો; પણ નહિ નડે, એ મારાથી ન કહેવાય.

પ્રો૦ : કેમ ?

ઇ૦ : આ વિસંવાદ કેવું રૂપ લે, એ કોણ ભાખી શકે ?

પ્રો૦ : હું કહું ?

ઇ૦ : (તોફાની થઇ) હં...હં...જરૂર.

પ્રો૦ : (ગંભીર બની) તમે બંને આ બાળક માટે ભેગાં થયાં છો ને ? એના જ હિતને લીધે તમે આ વિસંવાદ વકરવા નહિ દો.

ઇ૦ : વાત તમારી ઠીક લાગે છે, પણ...

પ્રો૦ : પણ એમાં ભોગ તમારો લેવાશે. ઉજ્જ્વલ માતૃત્વ...

ઇ૦ : તમે મારો દૃષ્ટિકોણ સમજ્યા છો. પરંતુ આ ‘ભોગ’, ‘ઉજ્જ્વલ માતૃત્વ’ એવા એવા શબ્દો પ્રોફેસરોની જેમ વેડફશો નહિ. મારે માટે તો નહિ જ ! મારે તમારી સહાનુભૂતિની જરૂર નથી, તેમાં વળી તમારાં આ સન્માનપત્રો ગળે લગાડીને ક્યાં ફરું ?

(પોઝ)

પ્રો૦ : (શ્રોતાઓને) એ પછી એ સડસડાટ અંદર ચાલી ગઈ. એની નારાજીનું કારણ હું જાણતો હતો. આ દંપતી કરતાં મુન્નાને લીધે જ મને આ ઘર તરફ વધુ આકર્ષણ હતું. બને ત્યાં સુધી મુન્નો હોય ત્યારે જ હું અહીં આવતો,–ખાસ કરીને, કમલના હોવાની તો હું તકેદારી જરૂર રાખતો. તો ય જાણે હું અકારણ ઊંડાં પાણીમાં ઊતરી ગયો હતો.

(પોઝ)

ઇ૦ : (દૂરથી નજીક આવતાં) માઠું લાગ્યું, પ્રોફેસર ?

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૫)

ઓગણીસમી સદીનું

કચ્છ અને સહજાનંદ સ્વામી

લેખક • રામસિંહજી રાઠોડ

ઈ. ૧૭૭૨માં સિંધના ગુલામશાહ કલ્હોરા સાથે ઝારાનું ભીષણ યુદ્ધ લડીને થાકેલા કચ્છની વીરતાનો કેફ ઊતરી ગયો હતો. ઈ. ૧૭૭૮માં રાવ ગોડજીનું અવસાન થયું હતું અને પંદર વર્ષની વયના કીકા રાવ રાયધણજી કચ્છની ગાદીએ બેઠા હતા. રાજખટપટો, દગાખોરી ને ખૂનામરકી કચ્છમાં રોજિંદી ઘટનાઓ બની ગઈ હતી. આમાં દીવાન દેવચંદ અને રાજમાતા વચ્ચે સુંવાળો સહચાર છે એવી પાસવાનોની ચડામણીથી રાયધણજીએ જમાલ મિયાણા દ્વારા દેવચંદ, તેના ભાઈઓ અને તેમના સમગ્ર પરિવારની હત્યા કરાવી. આ અંધેરમાં મૂળ ગુલામો તરીકે કચ્છમાં આવેલા સીદીઓનું જોર વધી ગયું હતું. એવો એક સીદી મરીચ રાજકારોબારમાં હલાણી થઈ બેઠો હતો. રાયધણજીને એણે શરાબ અને વ્યભિચારની લતે ચડાવી દીધા હતા એટલું જ નહિ, રાવને એણે ઈસ્લામ-પરસ્ત પણ બનાવી દીધા હતા. સીદી મરીચના પ્યાદા સમા રાયધણજીની રાજસત્તાની કોઈ ધાક ન રહેતાં લૂંટફાટ અને ચાંચિયાગીરી વકરવા લાગી. રાજના ભાયાતો સૌ બે-જવાબદાર બની ગયા. સીદી મરીચે દીવાન વાઘા પારેખનો સાથ લઈને પત્રીના જાડેજા ભારાજી અને જીયાજીનાં ખૂન કરાવ્યાં. આથી વિફરેલા જાડેજાઓએ એક થઈ સીદી મરીચને માર્યો અને સીદીઓની સત્તા ઘટાડી નાખી. આ ખૂનામરકીમાંથી યે રાયધણજીએ પોતાના અજીજ અંગરક્ષક મસુદને બચાવી લીધો હતો. પણ વહેમી અને નબળા મનના રાયધણજી આવી ખટપટોથી કાયર બની મુસ્લિમ ધર્મપ્રચારક મહમદ પન્નાહની નિગાહમાં ચાલ્યા ગયા અને કચ્છના રાજકારોબારની દોરવણી મહેલના બદલે મસ્જિદમાંથી થવા લાગી.

કચ્છની બરબાદીમાં આ ઓછું હોય તેમ ઈસ્લામ-પરસ્ત રાયધણજીએ પઠાણોની મદદથી ભુજના હિંદુઓને વટલાવવા માંડ્યા. રાજગોર ઓધવજીને કેદમાં નાખ્યો અને માંડવીમાં હુલ્લડ કરાવીને વાણિયા-બ્રાહ્મણોને પરધર્મી ગણી એમનાં ઘર લૂંટાવ્યાં. રાવ ભારમલની બહેન કમાબાઈએ સ્થાપના કરાવેલી વાઘેશ્વરીમાતા ને રામેશ્વરના મંદિરની મૂર્તિઓ ભાંગી. રાયધણની આવી બેફામ વર્તણૂકથી ત્રાસેલા ભુજના મહાજને દીવાન વાઘા પારેખની સહાય માગી. એણે પોતાના ભાઈ કોરાને ચારસો માણસો સાથે ભુજ બોલાવ્યો. રાયધણજીએ એ બધાને દગાથી કતલ કર્યા અને એ સૌને એકસાથે દફનાવી દેવડાવ્યા. કચ્છના ઇતિહાસમાં વાઘાસર-કોરાસરના કાંડ તરીકે આ ઘટના જાણીતી છે. આવી બેલગામ પરિસ્થિતિમાં પોતાના જાન-માલના રક્ષણાર્થે લોકો ગઢરક્ષિત ગામોમાં આશરો લેવા હિજરત કરી જવા લાગ્યા.

આવી અરાજકતામાં રાયધણજીની આવક અટકી પડી અને એથી ધૂંધવાઈને એણે મહમદ પન્નાહ અને સીદી મસુદ ઉપર પણ નાણું એકઠું કરવા માટે જોરતલબી કરવા માંડી. અંતે આ ત્રાસ અને અંધેરમાંથી છૂટવા મહાજન, રણવાસની રાણીઓ અને જાડેજા ભાયાતોએ એક થઈ, માંડવીના મેઘજી શેઠની મદદ લઈને રાયધણજીને કેદ કરી તેમના નાના ભાઈ પૃથ્વીરાજ – ભાઈજીબાવાને ગાદીએ બેસાડી દીવાન ડોસલ વેણની આગેવાનીમાં કચ્છમાં પ્રજાધિપત્યવાળા 'બારભાયા' રાજવહીવટની સ્થાપના કરી. પ્રજામાં એક નવી આશા પ્રકટી.

થોડો સમય તો આ શાસન-વ્યવસ્થા સરાહસર ચાલી, પણ પછી બારભાયા સંઘના ચાલકો અધિકારની લોલુપતામાં પડી ગયા. મેઘજી શેઠનું વલણ ભાઈજીબાવાની મા આઈમાબાઈ તરફ ઢળવા લાગ્યું. બારભાયાઓને ઝેર આપવાનું આળ મેઘજી શેઠ પર આવ્યું અને આમ અંદરોઅંદરની પક્ષાપક્ષીથી પ્રકટેલા કુસંપ અને કાવાદાવાનો લાભ લઈ બારભાયામાંના બે-ભટ્ટી હમીર અને તુર્ક વાયદિનાએ રાયધણજીને કેદમાંથી છોડાવ્યા. બીજી બાજુ આ પક્ષાપક્ષીઓમાં જમાદાર ફતેહમામદનું વર્ચસ્વ વધી ગયું. કેદમાંથી છૂટેલા રાયધણજીએ એના પર હુમલો કર્યો અને જમાદારે ફરી એને કેદ કરી ભાઈજીબાવાના નામે પુનઃ રાજકારોબાર ચાલુ કર્યો. પણ પછી ભાઈજીબાવા અને જમાદાર વચ્ચે યે અણબનાવ થયો. આ તકરારમાં ફરી રાયધણજીને છૂટા કરવામાં આવ્યા અને એણે રાજસત્તા સ્વહસ્તક લઈ લીધી. ઈ. ૧૮૦૧માં ભાઈજીબાવાનું મૃત્યુ થયું. કચ્છના રાજશાસનની આ અંધાધૂંધીનો લાભ લઈ સિંધ, પારકર અને ગુજરાતમાંથી વારંવાર હુમલા અને બેફામ લૂંટફાટ થવા લાગ્યાં. ઈ. ૧૮૦૪માં રાજ્યના આ અંધેરને દૂર કરવા કંપની સરકારની મદદ માગવામાં આવી, પણ ત્યારે અંગ્રેજોને આ એકલવાયા પડી ગએલા કચ્છમાં રસ નહોતો. પ્રજાની કોઈને ખેવના જ નહોતી રહી. લોકોના જાનમાલની ને સ્ત્રીઓના શિયળની કોઈ સલામતી રહી નહોતી. સમસ્ત પ્રજા સત્ત્વહીન અને કાયર બની



← સ્વામિનારાયણ મંદિર (ભુજ)ના સંતનિવાસની મેડીએ અગાસી, એટલે કે આગળના ભાગમાં કચ્છી કમાંગરીનાં ભીંતચિત્રોનો એક ભાગ. એમાં ઉપર, 'કચ્છ માંડવીથી વહાણમાં બેસીને જોડિયા પધારતા મહારાજ' અને નીચે 'વચનામૃત'નું પાન કરાવતા મહારાજનું આલેખન છે. હવે તો આ ભીંતચિત્રો ભૂંસાઈ ગયાં છે.

(ફોટો - રામસિંહજી રાઠોડ)



સ્વામી સહજાનંદની સાથે કવિ, કલાકાર ને કસબીઓનું એક આગવું અને કાયમી જૂથ રહેતું. ભુજના સુથાર નારણજીએમાં અગ્રણી ચિત્રકાર હતા. ગઢડા (સૌરાષ્ટ્ર)-ના ગોપીનાથજી મહારાજની આરસની પ્રતિમા પણ




એમણે ઘડી હતી. ગઢડા સ્વામિનારાયણના મંદિરમાં આ નારણજીભાઈએ બનાવેલું સહજાનંદનું એક અસલ ચિત્ર છે જેને સહજાનંદ સ્વામીએ સ્વમુખે માન્ય કરતાં કહેલું કે, 'આ છબી બરાબર અમારા સ્વરૂપ જેવી બની છે; આ મૂર્તિમાં અમારો વાસ છે.' ગુજરાતમાં વિચરણ કરતાંકરતાં એક વાર સહજાનંદ સ્વામી અમદાવાદ આવ્યા ત્યારે કાંકરિયા તળાવ પાસે આમલીનાં વૃક્ષો તળે એમણે ઉતારો કરી ત્યાં ધર્મસભા યોજી હતી. એ સમયના અમદાવાદના પોલિટિકલ એજન્ટ ડનલોપે ત્યાં એમનું સન્માન કરેલું. આ ચિત્રમૂર્તિઓની પૂજા અંગે સહજાનંદ મહારાજે 'વચનામૃત' (૪૮)માં કહ્યું છે, 'આ તો કાગળ ઉપર ચિત્રામણ છે અને એ કુસંગ થકી આપણી કેમ રક્ષા કરશે એવો સંશય ભાવ તો કોઈ દાડો લાવશો જ માં. પંચવર્તમાનમાં રહીને આવી મૂર્તિની પૂજા થતી રહે. ત્યાં લગી નરનારાયણ એમાં વિરાજમાન છે.' અને આ વચનોનો આદેશ સ્વીકારીને સંપ્રદાયના હરિભક્તો શ્રીજી મહારાજની જે છબીઓ પૂજે છે તે બધી નારણજી સુથારની મૂળ કૃતિ પરથી બનાવેલી હોય છે. અહીં આપેલું આ રેખાંકન પણ એના પરથી વડતાલના 'જ્ઞાનબાગ'માં બનાવેલું છે. ઉપર: કાલાવડવાસી રાજકવિ માવદાનજી ભીમભાઈ રતનુ રચિત 'શ્રી યદુવંશ પ્રકાશ અને જામનગરનો ઇતિહાસ' (ઇ. ૧૯૩૪)માં ભારતના કેટલાક મહાન પુરુષોની જન્મકુંડળીઓ આપી છે. લેખકે તે પોતાના ગામના કોઈ જ્યોતિષશાસ્ત્રીના સંગ્રહમાંથી લીધેલી છે. તેમાંથી સહજાનંદ સ્વામીની જન્મકુંડળી ઉપર આપી છે. તેમાં પ્રથમ સ્થાને વૃશ્ચિક રાશિમાં ગુરુ અને શનિ; બીજા સ્થાને ધનુમાં મંગળ, પાંચમા સ્થાને મીન રાશિમાં બુધ, શુક્ર અને રવિ (સૂર્ય), છઠ્ઠે મેષમાં રાહુ, નવમે કર્કમાં ચંદ્ર અને બારમા સ્થાને તુલામાં કેતુ દર્શાવ્યા છે. જો કે આ કુંડળીની પ્રમાણભૂતતાનો કોઈ આધાર નથી.

જઈ સતત અજંપો વેઠી રહી હતી. એવા એ કપરા કાળમાં સ્વામી સહજાનંદનું કચ્છમાં આગમન થયું.

ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક સ્વામી રામાનંદે, ભુજમાં રાવ લખપતજીએ સ્થાપેલી અદ્વિતીય એવી 'કાવ્યકળા શીખવાની પાઠશાળા'ની પ્રતિષ્ઠાથી પ્રેરાઈને અને સંપ્રદાયને સદ્‌વિદ્યાની આવશ્યકતા છે તેમ સમજીને પોતાના બે શિષ્યો—સાધુ મુક્તાનંદ અને દેવાનંદને સૌરાષ્ટ્રના લોજ ગામેથી કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે ભુજ મોકલ્યા હતા. (મુક્તાનંદ કાવ્યામૃત-૫.) ભુજમાં તેઓ રામવાડીમાં રહેતા, માધુકરી માગી લાવી નિર્વાહ કરતા અને વ્રજભાષાની એ પાઠશાળામાં કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરતા. થોડા સમય પછી રૂગનાથજીના સાધુ જોડે કંઈ ખટરાગ થતાં એમને રામવાડી છોડવી પડી. એમની વસવાટની ચિંતા ટાળવા જેમને ત્યાંથી તેઓ માધુકરી લઈ આવતા એવી એક ધર્મપરાયણ સુથારણ રૂપાબાઈએ પોતાના પુત્રોને કહ્યું. તેઓએ ભૂતપ્રેતના વાસવાળી મનાતી એક વંડી કાઢી આપી. આ ભૂતાવાસમાં સાધુઓ સલામત નહિ રહે તેમ ઘણાએ માન્યું, પણ એવું કંઈ થયું નહિ. રૂપાબાઈના પુત્ર સુંદરજી સુથારની આવી સહાય મળી જતાં આવાસની ચિંતા ટળી અને એથી સરળતાથી અભ્યાસ કરવા સાથે સાધુઓએ ત્યાં સત્સંગનો પણ પ્રસાર કર્યો. વિદ્યાભ્યાસની અવધિ પૂરી થતાં એ સાધુઓ જ્યારે લોજ ગામે પાછા ફર્યા ત્યારે કેટલાક સત્સંગીઓ પણ રામાનંદ સ્વામીના દર્શનાર્થે તેમની સાથે ગયા. આ સૌએ ભુજના સત્સંગ-પ્રસારની વાત કરી અને આગ્રહપૂર્વક રામાનંદ સ્વામીને ભુજ લઈ આવ્યા. પછી તો રામાનંદ સ્વામીએ અવારનવાર કચ્છ આવીને ભુજથી કારા તળાવ અને તેરા લગી સદાવ્રતો અને સત્સંગ થકી ઉદ્ધવ સંપ્રદાયનો ફેલાવો કર્યો, આમ, ભુજની કાવ્યશાળા કચ્છમાં સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રસરણની પૂર્વભૂમિકા તૈયાર કરવામાં નિમિત્ત બની.


આ દરમિયાન પોતાના આધ્યાત્મિક વિકાસ અર્થે ગૃહત્યાગ કરીને યાત્રાટન કરતાંકરતાં નીલકંઠ વર્ણી ઘનશ્યામ સૌરાષ્ટ્રમાં લોજ ગામે આવી ચડ્યા. ત્યાં ઉદ્ધવ સંપ્રદાયના સ્વામી મુક્તાનંદના સંપર્કમાં એમનું મન કોળતાં તેઓ એમની પાસે જ રોકાઈ રહ્યા. અહીં એમણે આધ્યાત્મિક વિકાસ સાધવા સાથે પોતાના વ્યક્તિત્વથી આગવી પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરી. રામાનંદ સ્વામીને મળવાની એમને ઉત્કટ ઇચ્છા હતી, પરંતુ ત્યારે (ઈ. ૧૮૦૦) રામાનંદ ભુજમાં હતા. પોતાની ઇચ્છા અંગે નીલકંઠ વર્ણીએ તથા મુક્તાનંદ સ્વામીએ સંયુક્ત પત્ર આપીને મયારામ ભટ્ટને ભુજ મોકલ્યો, જે સાત દિવસે ત્યાં પહોંચ્યો. પોતાને જેના પનોતા આગમનની પ્રેરણા થઈ હતી તે હવે આવી પહોંચ્યા છે એમ સમજી જઈ રામાનંદ સ્વામી ઘણો હર્ષ પામ્યા.

પછી તો ગિરનારની તળેટીમાં પીપલાણા ગામે રામાનંદ સ્વામી ને નીલકંઠ વર્ણીનું મિલન થયું, સંવત ૧૮૫૭ની કારતક સુદ એકાદશીએ (ઈ. ૧૮૦૧) રામાનંદ સ્વામીએ ભાગવતી દીક્ષા આપીને એમને સહજાનંદ નામ આપ્યું, બીજે વર્ષે જેતપુરમાં ઉન્નડ ખાચરના દરબારમાં રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધુરા એમને સોંપી વગેરે ઘટનાઓ તથા આ પછી બેએક વર્ષ સહજાનંદે સૌરાષ્ટ્રમાં વિચરણ કરીને સંપ્રદાયનું પ્રસરણ કર્યું અને એમના પ્રભાવ-પ્રતાપ પણ વધ્યા તે બધું તો હવે સર્વવિદિત છે.










ઉપર: ભુજના સ્વામિનારાયણ મહામંદિરના પ્રસાદી-પ્રાસાદમાં પૂજાતાં સહજાનંદ સ્વામીનાં પાદમાંડણાં. બાજુમાં: 'આ પ્રસાદિના શ્રીહરિના ચસમાં અમદાવાદવાલા સદ્ગુરુ સ્વામી શ્રીનંદકિશોરદાસજીયે ભુજમંદિરમાં પધરાવ્યાં છે.' જમણી બાજુ મથાળે: સત્સંગસમસ્તના ભુજનગરમાં શ્રીજી મહારાજ સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે પ્રતિષ્ઠા કરી પધરાવેલા નરનારાયણદેવ. (તેની નીચે) એ મંદિરની સ્થાપના અંગેનો શિલાલેખ: 'શ્રી મહારાજ સ્વામી શ્રી ૭ સહજાનંદજીની આજ્ઞા થકી શ્રી નરનારાયણનું મંદિર ભુજનગ્ર મધ્યે રાજાશ્રી દેસલજીના રાજમાં જેઠિ ગંગારામ આદે સત્સંગ સમસ્તે કરાવ્યું છે સંવત ૧૮૭૯ના વૈશાક સુદ ૫ ને દિવસે મૂર્તિ પધ્રાવી છે॥'(આ લેખ સાથેના બધા ફોટો : રામસિંહજી રાઠોડ)


ઈ. ૧૮૦૪માં એમને કચ્છ આવવાની ઇચ્છા થઈ. પણ આ દિશાના તેઓ અભોમ્યા હોઈ કચ્છ પ્રદેશના જાણકાર એમના એક પરમભક્ત લાલજી સુથારને ભોમિયા તરીકે એમણે સાથે લીધા. કચ્છના રણપ્રદેશના કપરા માર્ગે અનેક મુશ્કેલીઓ હસતે મોંએ વેઠી લઈ અંતે તેઓ લાલજીના સાસરે આધોઈ ગામ પહોંચ્યા. પગમાં વાગતા કાંટાને ભક્તિપૂર્વક કાઢવાથી માંડી એમની દરેક પ્રકારે નાનીમોટી સેવા ઉપાડતા રહેલા લાલજી પર પ્રસન્ન થઈ 'તમે શીદ દુઃખના દરિયામાં વહો, હવે પરમહંસ દીક્ષા ગ્રહો' કહી સહજાનંદે આધોઈમાં દીક્ષા આપી અને 'નિષ્કુલાનંદ' નામ આપ્યું. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' એ ગાનાર આ નિષ્કુલાનંદ સ્વામીએ ત્યાગ-વૈરાગ્યનાં પોતાનાં સેંકડો પદો વડે સંપ્રદાયની બહાર પણ ઘણી પ્રતિષ્ઠા મેળવી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્ય-સર્જનોમાં એમની દેણગી નોંધપાત્ર છે.

આધોઈથી એકલા નીકળીને સંવત ૧૮૬૭ની મહા સુદ સાતમની સાંજે સહજાનંદ ભુજ આવ્યા. સુંદરજી સુથારના ડેલામાં એમણે વાસ કર્યો. રામાનંદ સ્વામીના સમયના સંખ્યાબંધ હરિભક્તો સાથે સત્સંગ કર્યો. નાની વાગડ, મોટી વાગડ, ખડીઅર, પચ્છમ, બન્નીકાંઠો પાવર, અંજાર ચોવીસી, ભુવડ ચોવીસી, હાલા ચોવીસી, કાંઠી, મોડાસો, અબડાસો, ધંગગરડો અને માહકપટમાં હેલેહેલે યાત્રાઓ કરી, અનેક પછાત કોમોના કચ્છી હરિભક્તો સાથે સત્સંગ માટે પગપાળા જવાથી માંડીને જે મળ્યાં તે વાહનો દ્વારા તથા તુણાથી જતડિયા સુધી મછવામાં એમણે ખેપ કરી. આ બધી સફરો એ કાળે આ પ્રદેશોમાં કંઈ સરળ નહોતી અને એ કાળ પણ કપરો હતો, પરંતુ એ બધાં કષ્ટોને એમણે ધર્માર્થે મોજ માનીને માણ્યાં હતાં. એક વખત માનકુએથી કરલા (ઊંટ) ઉપર બેસી એ કંડોરાઈ ગયા. ત્યાં હરિભક્તો સાથેની જ્ઞાનવાર્તામાં વચ્ચે એમણે એ સફર માટે મલાવીને બોલતાં, 'માનકુઓ એ વૈકુંઠ, કરલો તે ગરુડ અને વરખડાના જે વૃક્ષ નીચે વિશ્રામ કર્યો એ કલ્પવૃક્ષ' કહીને સફરનાં કષ્ટોને હસી કાઢ્યાં હતાં, આમ, ગામેગામ, ઘેરઘેર ફરી ધર્મવાતો કરી એમણે કચ્છના એ સર્વ રીતે કપરા કાળમાં લોકોમાં પ્રસન્નતા પ્રકટાવી હતી.

એક દિવસ એ ભુજથી રામપર જવા નીકળ્યા. એમને મોકલાણી કરવા (વળાવવા) ગંગારામ જેઠી સહિત ભુજના અનેક હરિભક્તો લખપતજીની છતરડી સુધી સાથે ગયા. એવામાં માંડવીથી ભુજ આવતા

સ્વામિનારાયણ મહારાજે લખાવેલા બેપત્રો: સંપ્રદાય અંગેની એમની વ્યાવહારિક સજગતાનો તેમાંથી નિર્દેશ મળે છે. ડાબી બાજુનો પ્રથમ પત્ર એમના ભાઇઓને એમણે આચાર્ય પદે સ્થાપ્યા તે અંગેનો છે. તેની વાચના: 'સ્વતિશ્રી સત્સંગ મહા શુભ સ્થાને પરમહંસ સમસ્ત તથા સત્સંગ્ર બાઇભાઈ સમસ્ત પ્રત્યે લિખાવિત સ્વામી સહજાનંદજી મહારાજના નારાયણ વાંચજો બિજું લખવા કારણ એમ છે જે અમારા ભાઈ જે પાંડે રામપ્રસાદજી તથા ઈછારામજી એ બેને અમે તમારા સર્વેના આચાર્ય કર્યા છે તે માટે તમારે ને એમને ગુરુશિષ્યપણાનો સંબંધ થયો અને એમને અમે આજ્ઞા કરિ છે જે તમારા વંશના જે હોય તેમને વ્યવહારમાં કઠિત સમો આવી પડે તો સત્સંગમાં ભિક્ષા માગી ખાવી પણ કોઇના વ્યાજે રુપૈયા ન લેવા તથા મંત્રજંત્ર ઓષધી યે કરિને કોઇ મુવાને જિવતો કરવો ને જીવતાને મારવો એવિ જાતની સિશઇનો પ્રપંચ ન કરવો તથા કોઇકના પૃથ્વી દ્રવ્ય મનુષ્યાદિકના લેણદેણના વ્યવહારમા કોઇના





જમાન ન થાવો એ ત્રણ વાનાંનિં આજ્ઞા કરિ છે તે અમારિ એ આજ્ઞા પ્રમાણે એ રહેશે અને એ ત્રણ વાનાં જો અજાણે એમને ભુલ (અહીં આ પત્રનો અગ્રભાગ પૂરો થાય છે). બીજો પત્ર એક સંભવિત ભેટના અસ્વીકાર અંગેની સૂચનાનો છે. તેની વાચના: 'સ્વસ્તિ શ્રી ભુજનગર મહા શુભ સ્થાને સર્વ શુભ ઉપમા જોગ સુતાર હીરજી તથા જેઠી ગંગારામ તથા ઠકર ઊકરડા તથા સતસંગી સમસ્ત જોગ ગઢડેથી લી. સ્વામી શ્રી સહજાનંદજીના નારાણ વાંચજો બીજું લખવા કારણ એમ છે જે જાડેજા રાઅધણજીનો કાગલ ઉપર આવો છે એમાં લખ્યુ છે જે બાઇ અદીબાની સગાઇ સરઈઆ શાંમતજીને વેરે કરી છે તેમાં બોલી કરી હશે જે શ્રી નર નારાયણ સ્વામીના મીંદરમાં કોરી ૨૦૦ શાંમતજીને દેવી ને કોરી ૧૦૦ પડલામાંથી રાઅધણજી દેશે જમલે કોરી ૩૦૦ ઠરાવી છે તે એ કોરી આપણે હરામ છે કોઈની લેવી નહી ને રાઅધણજીએ મહા પાપ કરૂ છે તેને સતસંગમાં બેશવા દેશોમાં સંવત ૧૮૮૧ના ભાદ્રવા સુદ ૫.' આ પત્રો પરથી તત્કાલીન ભાષાનો પણ ખયાલ મળે છે. ગુજરાતી ગદ્યલેખનના પ્રારંભના વિકાસમાં સ્વામિનારાયણ-સાહિત્યનો મોટો ફાળો છે.

જમાદાર ફતેહમામદે આ ઠઠ્ઠો જોઈ સાથેના અસવારને એ શું છે તે પૂછ્યું. જવાબ મળ્યો, 'હૈયર ભુજમેં માડુ જેકે ભગવાન ચેતા સે સાધુ હિ પંઢ.' (હમણાં ભુજમાં લોકો જેને ભગવાન કહે છે તે આ સાધુ પોતે.) ફતેહમામદ નજીક આવ્યો. સહજાનંદનો પ્રભાવ જોઈ એ ઘોડા પરથી ઊતરી ગયો ને ગંગારામ જેઠીને આમ એકઠા થવાનું કારણ પૂછ્યું, અને સહજાનંદ રામપર ગંગાજીએ જાય છે તેની મોકલાણીનો આ ઓછવ છે એ જાણી લીધા પછી સહજાનંદ સમક્ષ અદબ કરીને એમને પૂછ્યું, 'તું કેર? ખુધા કે ખુધાજો નૂર બંધો?' સ્વામીએ માત્ર એટલો જ જવાબ આપ્યો, 'જેવી જેની શ્રદ્ધા'. પછી જમાદારે એમને પોતાને ત્યાં માંડવી પધારવા આમંત્રણ આપ્યું, ત્યારે સ્વામીએ કહ્યુ, 'અમારે તો ભુજ કે માંડવી બધે સરખું છે. અમારું જે વચન માને છે તેનું અમે કલ્યાણ વાંછીએ છીએ. જમાના અનુસાર માણસના સ્વભાવને અનુસરી, સર્વ લોકને વિષે સુખ દેનારા માનવધર્મના સાહિત્યનું હાલે અમે સર્જન કરીએ છીએ.' સ્વામીને રૂબરૂ મળ્યાનો આનંદ પામી જમાદાર પોતાને માર્ગે ગયો.

રામપરામાં રુકમાવતીને તીરે ગૌમુખી ગંગા પર કચ્છની કુદરતના ખોળે સહજાનંદે નિવાસ કર્યો. અહીં તદ્દન સરળ સાદી વાર્તાઓ રૂપે એમણે બ્રહ્મ નિરૂપણ અને પુરુષોત્તમ ગીતાના મહિમાની સમજણ આપી. તેના સાર-સાહિત્યનું સર્જન કર્યું. આમાં એમણે સર્વ શાસ્ત્રમાં વ્યાપક ધર્મની વાત સમજાવતા પંદર અધ્યાયમાં ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ અને નારાયણ-સ્વરૂપનું નિરૂપણ કરીને સર્વશાસ્ત્રોનું રહસ્ય સમજાવ્યું છે.

એ અરસામાં ભુજમાં જગજીવન મહેતા નામે જમાદાર ફતેહમામદનો એક વગવાળો કારભારી હતો. આ વીસનગરા નાગરને ઇષ્ટદેવના મંદિરે પૂજામાં એક વાર પડામાં ફૂલ ઓછાં પડ્યાં. તેનું કારણ પૂછતાં એને ખબર પડી કે સહજાનંદ સ્વામીના ફૂલડોલના ઉત્સવમાં બધાં ફૂલ લેવાઈ ગયાં હતાં. ઘેર ગયા ત્યારે એણે જોયું કે ઘરનો સ્ત્રીવર્ગ પણ એ ઉત્સવમાં પહોંચી ગયો હતો. પ્રખર શિવ-ઉપાસકને આ ગમ્યું નહિ. પોતાના ફરાંસને મોકલીને તપાસ કરાવી ત્યારે તેની વિગત આપતાં ફરાંસે વાત વધારીને કહ્યું કે સહજાનંદ તો ત્યાં ભગવાન બનીને ફૂલહડોળે ઝૂલે છે. મહેતો ખારો થયો. એણે સ્વામીને ભુજ છોડી જવા કહેવરાવ્યું. સહજાનંદે ઉત્તર મોકલ્યો, 'આ ગામમાં પાપકર્મ કરનારા પણ રહે છે અને બીજા સર્વ લોક પણ રહે છે, અને અમે શું ભૂંડું કર્યું જે જતા રહીએ?' આટલું જ નહિ, એમણે મહેતાથી થાય તે કરી લેવા પણ કહેવરાવ્યું. આથી ક્રોધે ભરાઈ મહેતાએ આરબોનો હલ્લો મોકલ્યો, પણ ગંગારામ મલ્લ ને માનકુઆના ગરાસિયા અદેભાઇએ હથિયાર લઈ આરબોને ભગાડ્યા. પછી ગંગારામે આ

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૯)

પ્રદેશે
જય-વિજયના
૧૮

મેલ્બર્ન

લેખક · ડૉ. રમણલાલ ચી. શાહ

▷



ફ્લિન્ડર્સ સ્ટ્રીટ સ્ટેશન. મેલ્બર્નનાં પરાંઓને જોડતા રેલમાર્ગોનું મુખ્ય મથક. ઇ. સ. ૧૮૫૪માં ખુલ્લું મુકાએલું. આ રેલવેસ્ટેશન ઑસ્ટ્રેલિયામાં જૂનામાં જૂનું છે. મૂળ તે 'હૅાબ્સન્સ બે રેલવે કંપનીનું મુખ્ય મથક હતું. ઇ. ૧૮૭૮માં રાજ્ય-સરકારે તે પોતાને હસ્તક લીધું અને તેમાં ફેરફાર કરી ઇ. ૧૯૧૦માં તેને આજનું આ સ્વરૂપ આપ્યું.

▷

મુંબઈથી અહીં આવ્યો ત્યારે મેલ્બર્નમાં વસતાં ઝરણાબેન વિમાનમાં સાથે હતાં. છૂટા પડતી વખતે એમણે ખાસ આગ્રહ કર્યો હતો કે હું મેલ્બર્ન જઉં ત્યારે મારે એમને ત્યાં જ ઊતરવું. હવે હું કૅન્બેરાથી મેલ્બર્ન જતો હતો એટલે નીકળતાં પહેલાં મેં એમને ઘેર ફોન કર્યો. જો કે મેલ્બર્નમાં પી. ઈ. એન.ના પ્રતિનિધિઓ માટે ત્યાંની વિક્ટોરિયા હોટેલમાં ઉતારાની વ્યવસ્થા તો હતી જ, પરંતુ મેં ઝરણાબેનને ત્યાં જ જવાનું રાખ્યું. આપણું જ શાકાહારી ખાણું અને ગુજરાતી પરિવાર સાથે રહેવાનું મળે એ વતનથી દૂર પરદેશમાં તો અત્યંત આશ્વાસક અને સગવડરૂપ બની રહે. ફોન કર્યો ત્યારે ઝરણાબેન તો ઘેર નહોતાં, પણ તેમના પતિ અનિલભાઈ સોમૈયાએ જણાવ્યું કે તેઓ મને મેલ્બર્નના એરપોર્ટ પર લેવા આવશે.

આદત મુજબ હું કૅન્બેરાના એરપોર્ટ પર પણ વહેલો પહોંચી ગયો. ઑસ્ટ્રેલિયાનું પાટનગર હોવા છતાં અહીંના એરપોર્ટ સાથે કોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમાર્ગ સંકળાએલો નથી. નગર પણ નાનું હોઈ મોટે ભાગે તો સરકારી કર્મચારીઓ તથા રાજદ્વારી પુરુષોની જ અવરજવર એટલે લોકોની ભીડ પણ નહિવત્ હતી, અને વળી, અહીં કસ્ટમના કોઈ ખાસ વિધિ નહોતા.

સમય થતાં વિમાન આવ્યું. સમયસર ઊપડયું અને વખતસર મેલ્બર્ન પહોંચ્યું. સફરનો એક કલાક તો જરા વારમાં પૂરો થઈ ગયો. ઊતરનાર પ્રવાસીઓમાં હું જ એક ભારતીય અને મહેમાનને લેવા આવનારાઓમાં અનિલભાઈ પણ એક માત્ર ભારતીય. એકબીજાને શોધવાપણું હતું જ નહિ. પણ મને લાગ્યું કે મેં અનિલભાઇને અગાઉ ક્યાંક જોયા છે. મને જોઇને એમને પણ એમ જ લાગ્યું. મારો સામાન પોતાની મોટરમાં મૂકતાં એમણે પૂછ્યું :

'રમણભાઈ, તમે ઝેવીઅર્સમાં હતા કે નહિ ?'

'હા, ૧૯૫૧થી ૧૯૭૦, વીસ વર્ષ મેં ત્યાં કામ કર્યું છે.'

'તો તો હું તમારો વિદ્યાર્થી છું. '૫૧-'૫૨માં હું ઝેવીઅર્સમાં ભણ્યો છું. તમને જોતાં જ લાગ્યું કે તમે તો અમારા પ્રોફેસર છો, પણ ઝરણાએ કહેલું કે તમે બૉમ્બે યુનિવર્સિટીમાં છો એટલે પહેલાં જરા અવઢવ થઈ હતી. કેટલાં બધાં વર્ષો પછી મળ્યા !'

વર્ષો પછીના આ અણધાર્યા મિલનથી અમને બંનેને ઘણો આનંદ થયો. અનિલભાઈ ત્યારે યુગાન્ડાથી મુંબઈ ભણવા આવેલા. પછી તો ગાડીમાં ભૂતકાળનાં અનેક સંસ્મરણો ઊખળ્યાં અને એ વાગોળતાં, યાદ કરતાં અમે એમના ઘર તરફ ઊપડયા.

'આજે તમારો કોઈ ખાસ કાર્યક્રમ છે?' અનિલભાઇએ વચ્ચે પૂછ્યું.

'સાંજે સાડા છ વાગ્યે મેલ્બર્ન યુનિવર્સિટીમાં રીસેપ્શન છે અને જમવાનું પણ ત્યાં જ છે. એ સિવાય દિવસ દરમિયાન બીજું કોઈ રોકાણ નથી.' મેં કહ્યું અને પછી ઉમેર્યું : 'પણ તમારે તો આજે રજાનો દિવસ નથી એટલે મારે ખાતર તમારું કામ બગાડવાની જરૂર નથી. હું તો ઘેર બેસીને વાંચીશ અથવા શક્ય હશે તો આસપાસમાં એકલો લટાર મારી આવીશ.'


'આપણું ઘર એકાદ કલાકને રસ્તે છે. તમને હરકત ન હોય તો રસ્તામાં મારે એકબે સ્થળે થોડું કામ છે તે પતાવીને ઘેર જઇએ તો?'


મારે તો વહેલા કે મોડા થવાથી કોઈ ફર્ક પડતો જ નહોતો. પછી વાતચીતમાં જાણવા મળ્યું કે અનિલભાઇએ થોડા માસથી અહીં એક ઑસ્ટ્રેલિયન સાથે ભાગીદારીમાં સ્વતંત્ર ધંધો ચાલુ કર્યો હતો. માથાના વાળ માટે તેઓ જાતજાતનાં તેલ, શૅમ્પુ વગેરે બનાવે છે. અહીં નોકર-ચાકર મળે નહિ, અને મળે તો ધંધાના આ આરંભમાં પરવડે પણ નહિ. એટલે ઑર્ડર પ્રમાણેનો માલ તેઓ આમ એકાદ દિવસે જાતે બધે પહોંચતો કરી દેતા. આજે એમનો એ દિવસ હતો.

પણ મને તેઓ ઘેર મૂકીને પછી પોતાના કામે જાય, હું ઘેર એકલો બેસી રહું અને સાંજે પાછું મારે શહેરમાં આવવાનું રહે, એ બધા પાછળ એમનો યે વખત બગડે. પણ જો હું એમની સાથે જ રહું તો એમની સાથે ફરવામાં મને શહેર જોવા મળે અને એમનું યે કામ થતું જાય. મેં એમને એમ જ કરવા સૂચવ્યું.

પછી તો અમે મેલ્બર્નના એક પછી એક વિસ્તારમાં ઘૂમતા રહ્યા. આ રીતે એમનું કામ પણ થતું ગયું અને મને શહેરના અનેક ભાગ જોવા મળ્યા, જે સામાન્યતઃ કદાચ હું જોવા ન પામત. માર્ગમાં અમે એ પણ નક્કી કરી લીધું કે સાંજે ઘેર જવાને બદલે હું સીધો રીસેપ્શનમાં જ જઉં અને પછી ત્યાંથી ટ્રેનમાં એમને ઘેર પહોંચી જઉં. આ માટે ફ્લિન્ડર્સ સ્ટ્રીટ નામના સ્ટેશનેથી મારે કઈ રીતે ક્રોઇડન સ્ટેશને કઈ બાજુ ઊતરવું અને ત્યાંથી મને લઈ જવા માટે અનિલભાઇને ફોન કરીને ક્યાંથી બોલાવવા વગેરે મેં સમજી લીધું.

મેલ્બર્ન યુનિવર્સિટી પર હું વહેલો પહોંચી ગયો. યુનિવર્સિટીના કૅમ્પસમાં નિરાંતે ફરીને બધું જોયું, અને સમયસર રીસેપ્શનના મેળાવડામાં જોડાઈ ગયો. શ્રીમતી ગિટિને બધી વ્યવસ્થા બહુ ચોકસાઈ-





મેલ્બર્નનાં બે દૃશ્યો. મેલ્બર્નમાં પ્રવેશતાં જ (જમણી બાજુ) 'ધી પ્રિન્સીઝ ગેટ'ની ભવ્ય સુંદર આધુનિક ઇમારત અને તેને પડછે વામણી લાગતી અન્ય જૂની ઇમારતો. તેમાં ડાબી બાજુ દૂર દેખાતું શિખર સેન્ટ પોલના દેવળનું છે. ડાબી બાજુનું દૃશ્ય મેલ્બર્નની બર્ક સ્ટ્રીટનું છે. મેલ્બર્નની નગર રચનામાં પહોળા માર્ગો અને જૂની નવી બાંધણીની ઇમારતો ખાસ ધ્યાન ખેંચે છે.

મેલ્બર્ન : ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા રાજ્યનું મુખ્ય શહેર. ઑસ્ટ્રેલિયન કૉમનવેલ્થના પાટનગર તરીકે કૅનબેરાનો વિકાસ થયા પૂર્વે એ રાજધાનીનું શહેર હતું. આજે એ ઑસ્ટ્રેલિયાનું બીજા નંબરનું સૌથી મોટું શહેર છે, પરંતુ દોઢ સદી પૂર્વે તો આ તરફ બહુ ઓછો વસવાટ હતો. ઈ. ૧૮૩૫માં ઑસ્ટ્રેલિયામાં જન્મેલા જ્હૉન બૅટમૅન નામના અહીંના એક આદિવાસીએ સંખ્યાબંધ ધાબળા, છરી-ચપ્પાં, વગેરે જેવાં સાધનોના બદલામાં અહીંની છ લાખ એકર જેટલી જમીન કબજે કરી હતી. એ પછી અહીં ગામ વસાવવાની મંજૂરી મળી અને એ માટે મોજણી થઈ. એકબીજાને કાટખૂણે વૃક્ષાચ્છાદિત પહોળા રાજમાર્ગો, સીધી દોરીઉતાર શેરીઓ અને એકાંતરે આવેલી સાંકડી ગલીઓવાળી મેલ્બર્નની લાક્ષણિક નગરરચનાનો યશ એ મોજણીકરનારને ઘટે છે.

આ જ અરસામાં ઑસ્ટ્રેલિયાના ઊનની પરદેશમાં મોટી માગ હતી. એનાથી ન્યૂ સાઉથ વેલ્સમાં વધી રહેલા ઘેટાંઉછેરમાં પડેલા લોકો ચરાણની સગવડ માટે આ નવા વિસ્તારમાં ઊતરી આવવા લાગ્યા એટલે અહીંની વસ્તી પણ ઝડપથી વધવા માંડી. ઈ. ૧૮૫૧માં આ તરફ સોનું મળી આવ્યા પછી તેમાં વધુ વેગ આવ્યો ને દુનિયાભરના લોકો સોનું ખોદી કાઢવા અહીં ડેરાતંબૂ નાખવા લાગ્યા. જોતજોતામાં મેલ્બર્ન આખા ઑસ્ટ્રેલિયામાં સૌથી વધુ સમૃદ્ધ અને સૌથી મોટું શહેર બની ગયું. પણ પછી સોનાની પ્રાપ્તિમાં ઓટ આવી અને રોજીરોટી માટે અહીં નાનાનાના ઉદ્યોગો ઊભા થવા લાગ્યા. બીજી બાજુ ન્યૂ સાઉથ વેલ્સના મુખ્ય શહેર સીડનીનો વિકાસ પણ ઝડપથી વધતો ગયો અને ઓગણીસમી સદીના અંત સુધીમાં તો સીડની મેલ્બર્નથી આગળ થઈ આજે ઑસ્ટ્રેલિયાનું સૌથી મોટું શહેર બની ગયું છે. આમ છતાં, લાંબા સમયથી ઑસ્ટ્રેલિયાનું આર્થિક કેન્દ્ર હોવાને કારણે મેલ્બર્નના મહત્ત્વમાં કોઈ ફેર પડ્યો નથી. ઑસ્ટ્રેલિયાનાં અન્ય રાજ્યોમાં થએલા વિકાસમાં આ મેલ્બર્નની વેપારી પેઢીઓનો ઘણો મોટો હિસ્સો છે. અહીંના લોકો કંઈક રૂઢિચુસ્ત લાગે છે. ઑસ્ટ્રેલિયાના બીજા પ્રદેશના લોકો કરતાં પોતે વધુ ઇંગ્લિશ છે એમ તેઓ માને છે. અદ્યતન ઇમારતો, વિશાળ મોટાં વ્યાપાર-કેન્દ્રો, પહોળા માર્ગો ને પથ્થરનાં જૂનાં મકાનો વગેરે જેવી આગવી લાક્ષણિકતાઓને લીધે હજી યે તે ગઈ સદીના નગર જેવું લાગે છે. અહીંની યુનિવર્સિટી પણ આ પ્રદેશમાં સોનું મળ્યું તે કાળની છે. અહીંની આર્ટ ગૅલેરીનો કલાસંગ્રહ ઑસ્ટ્રેલિયાભરમાં સારામાં સારો ગણાય છે. દર વર્ષે નવેમ્બર માસના પહેલા સપ્તાહમાં યોજાતી 'ધ મેલ્બર્ન કપ' ઘોડદોડ એ એક મોટો પ્રસંગ ગણાય છે અને ત્યારે દેશભરમાંથી ઘોડદોડના રસિયા લોકો અહીં ઊમટી પડે છે. — સં.

પૂર્વક કરી હતી. પણ સીડનીથી ધારેલાં એટલાં પ્રતિનિધિઓ આવ્યાં નહોતાં. લગભગ પાંત્રીસેક જણ જ હતાં. કારણ મુખ્ય સંમેલન પછી આવાં નાનાં સંમેલનોમાં આવવાનો બહુ ઉત્સાહ ન રહે એ સ્વાભાવિક હતું. વળી, નાતાલના દિવસો પણ નજીક હતા, અને ઑસ્ટ્રેલિયામાં ઘૂમવું પણ બહુ ખર્ચાળ હતું.

ભોજનમાં એક પછી એક વાનગી–કૉર્સ બદલાતાં ઘણો સમય જતો હતો અને મોડું થતું જતું હતું. બીજાં સૌ પ્રતિનિધિઓને એમની હોટલ પર પહોંચાડવા માટે તો બસની વ્યવસ્થા હતી. છતાં આવા વિલંબથી તેઓ પણ કંટાળવા લાગ્યાં હતાં, જ્યારે મારે તો ફ્લિન્ડર્સ સ્ટ્રીટથી ગાડી પકડવાની હતી. લગભગ નવ વાગ્યા એટલે હું નીકળી ગયો. રાત પડી ગઈ એટલે ટૅક્સી મળવાનો સંભવ નહોતો. બહુ વારે ટ્રામ મળી તેમાં ફ્લિન્ડર્સ સ્ટ્રીટ પહોંચ્યો.

ફ્લિન્ડર્સ સ્ટ્રીટ એ મુંબઈના ચર્ચગેટ કે બોરીબંદર જેવું સ્ટેશન છે. પરાંની બધી ગાડીઓ ત્યાંથી મળી શકે. ટિકિટ પણ ખાસ્સી મોંઘી. ત્યાંથી હું ક્રોઈડન પહોંચી ગયો. અજાણ્યા શહેરમાં પહેલો જ દિવસ, રાતનો વખત અને અપરિચિત માર્ગો. જો ભૂલો પડું તો પૂછપરછ કરવા માટે ય કોઈ દેખાય નહિ. જોકે, ગુંડાગીરીનો ભય નહોતો.

ક્રોઈડનથી અનિલભાઇને ફોન કર્યો. પાંચેક મિનિટમાં તો એ ગાડી લઈ આવી પહોંચ્યા. ઘેર ઝરણાબેનને અને એમનાં ત્રણ સંતાનોને મળીને આનંદ થયો. મોટા શાંત વિસ્તારમાં, સ્વિમિંગ પુલ સાથેનું એમનું બેઠા ઘાટનું સુંદર મકાન હતું. ટી. વી. જોતાં ને અવનવી વાતો કરી અંતે અમે સૂવા ઊઠ્યાં. મેલબર્નમાં મારો પહેલો દિવસ પૂરો થયો.

બીજે દિવસે સવારે મેલ્બર્ન પેન સેન્ટરે નૅશનલ આર્ટ ગૅલેરી જોવાનું ગોઠવ્યું હતું. ક્રૉઇડનથી ઊપડીને કઈ રીતે ત્યાં પહોંચવું તે અનિલભાઈ પાસેથી સમજી લઇને હું ત્યાં પહોંચી ગયો. બીજાં પ્રતિનિધિઓ પણ આવી ગયાં હતાં. શ્રીમતી ગિટિને અમારા માટે ટિકિટો લઈ રાખી હતી. ગાઈડ માટેની ફી પણ ભરી દીધી હતી. પરંતુ આર્ટ ગૅલેરી બતાવવા માટે ગાઈડ યુવતી હજી આવી નહોતી.

અંતે ગાઈડ વિના જ એકાદ વિભાગ જોઈ લેવા અમે ચાલ્યા.

થોડું જોયું ત્યાં ખબર આવી કે ગાઈડબાઈ આવી ગઈ છે.

મોડું થઈ ગયું હતું એટલે એણે તો ઝપાટો લગાવ્યો. કલાકૃતિઓ વિષે બે-પાંચ વાક્યો કહે ન કહે ને વચ્ચે ત્રણચાર કૃતિઓ કુદાવતી આગળ દોડવા લાગી. તેની પાછળ ઘસડાતાં અમારામાંનાં ઘણાંના ચહેરા પર અણગમો દેખાવા લાગ્યો. પછી આવી ભારતીય શિલ્પકૃતિઓ. બોધિસત્ત્વ, મહાકાલી વગેરેથી અપરિચિત અમારામાંનાં ઘણાંને તેના વિષે સમજાવવા મેં કહ્યું, એણે જવાબ આપ્યો, 'માફ કરજો, એ વિષે હું કંઈ જાણતી નથી. હું અહીં થોડા વખતથી જ જોડાઈ છું.' અમારી નિરાશા વધી ગઈ. કેટલાંકને તો રસ જ ન રહ્યો એટલે ગાઈડને છોડીને પોતાની ઇચ્છા મુજબ આમતેમ થોડું જોઇને પાછાં વળી ગયાં.

આર્ટ ગૅલેરીનું મકાન ભવ્ય છે, પણ તેના પ્રમાણમાં અહીંના કલાસંગ્રહની સમૃદ્ધિ બહુ કમ લાગી. કેટલીક કૃતિઓ તો જાણે જગ્યા ભરવા જ ગોઠવી હોય તેવી સામાન્ય હતી, તો બીજી બાજુ ભીંત ભરાય એવડાં મોટાં કેટલાંક ચિત્રો પણ જાણે અર્થહીન લાગતાં હતાં. અલબત્ત, પ્રાચીન યુરોપીઅન ચિત્રોનો અહીંનો સંગ્રહ સારો હતો. 'ક્રાયર્સ ડેથ' નામનું એક શિલ્પ મને યાદ રહી ગયું. શ્વેત આરસમાં કંડારેલા કાર્ડિનલોની શોકમગ્ન મુખાકૃતિઓમાં મૃત્યુના વાતાવરણનું ગાંભીર્ય કલાકારે બહુ ચોટદાર રીતે કંડાર્યું હતું.

અહીંથી હવે અમારે બૉટનિકલ ગાર્ડન જવાનું હતું. લંચ પણ ત્યાંના ગાર્ડન રેસ્ટોરાંમાં લેવાનું હતું. શ્રીમતી ગિટિને પેન ક્લબના સ્થાનિક સભ્યોની ગાડીઓમાં જ ત્યાં જવાની વ્યવસ્થા કરેલી. એ માટે અમે ગૅલેરીની લૉબીમાં એકઠાં થયાં. બપોરના બારેક વાગ્યા હતા. બે સન્નારીઓ સહિત અમે પાંચેક જણ એક વૃદ્ધ સજ્જન સાથે જવાનાં હતાં. બેમાંનાં એક સન્નારી તો કલામર્મજ્ઞ હતાં.

ગાડીવાળા સજ્જનની સાથે અમે પાર્કિંગ લોટમાં નીચે આવ્યાં. ત્યાં દસબાર લાંબી હારમાં સહેજે હજારેક મોટરગાડીઓ હતી. અલબત્ત, આ બધી ગાડીઓ કલાસંગ્રહ જોવા આવનારાઓની જ નહોતી. અમુક પૈસા આપીને આસપાસની ઑફિસના લોકો પણ અહીં પોતાની ગાડીઓ રાખી શકે. ગૅલેરીને એથી વધારાની આવક થાય.

'અહીં થોભો, હું જોઈ લઉં. મારી ગાડી આટલામાં જ છે.' કહી સજ્જન એક બાજુ ગયા. ત્યાંથી પાછા ફરી બીજી બાજુ ગયા. મને લાગ્યું કે એ સજ્જન ગાડી ક્યાં રાખી છે એ કદાચ ભૂલી ગયા હશે. આટલી બધી ગાડીઓ એકઠી થતી હોય ત્યાં પોતાની ગાડી ક્યાં રાખી છે એ ક્યારેક ભૂલી જવાય એ સ્વાભાવિક છે.

થોડી વારે પેલા સજ્જન પાછા આવ્યા અને એમની સાથે જ અહીં આવેલાં પેલાં કલામર્મજ્ઞ સન્નારીને પૂછ્યું, 'આપણે આ દરવાજેથી જ આવેલાં કે બીજેથી?' પણ એ સન્નારીને યે તેનો ખયાલ નહોતો. ફરી પેલા સજ્જન ત્રણેક હારમાં ઘૂમી આવ્યા, પણ ગાડી મળી નહિ. અમને થયું કે અમારે એમને મદદ કરવી જોઇએ. પૂછ્યું, 'તમારી ગાડીનો શો નંબર છે? અને કયા રંગની ગાડી છે?'

કહે, 'બ્લ્યૂ રંગની ગાડી છે, અને નંબર છે ૩૪૪૯'.

અમે દરેકે એકએક હારમાં જોવા માંડ્યું. સજ્જન પોતે પણ વધુ એક વાર જોઈ આવ્યા. ગાડી જાય ક્યાં? ચોરાવાનો તો સંભવ નહોતો, અને તે યે પાર્કિંગ લોટમાંથી. ગાડી પાર્ક કરીને કેટલી હાર વટાવી હતી તે શાંતિથી યાદ કરી જોવા અમે કહ્યું.

'બહુ બહુ તો એકાદ હાર વટાવીને અમે અંદર આવ્યાં હોઈશું. અહીં ઉપર જવા માટે ચાર દરવાજા છે એટલે એમાંના એકાદની પાસે જ ગાડી હોવી જોઇએ.' સજ્જને કહ્યું.

'ગાડીની બારીના કાચ ઉપર 'સ્ટૉપ એક્સ્પોર્ટિંગ યુરેનિયમ' લખેલી પટ્ટી ચોંટેલી હતી એ મને યાદ છે.' પેલાં કલામર્મજ્ઞ સન્નારીએ કહ્યું.

ફરી અમે બધી ગાડીઓ જોઈ વળ્યાં. ઘણું મોડું થઈ ગયું હતું. અંતે એ સજ્જને કહ્યું, 'હવે આપણે ટૅક્સી કરીને જ ચાલ્યાં જઇએ.' એ માટે ઉપર જવા અમે ચાલવા માંડ્યું. પણ છેડે પહોંચતાં પાછળ આવતા એક જણ બોલી ઊઠ્યા, 'આ એક ગાડીમાં પેલી પટ્ટી લગાડેલી છે.'

'અરે એવી પટ્ટી તો અહીં અનેક ગાડીઓ પર હોય છે.'

'વળી, આ ગાડીનો રંગ પણ કેસરી છે.'.

'અને નંબર પણ ૩૪૪૯ નહિ, પરંતુ ૫૭૮૯ છે.' મેં કહ્યું.

મારો અવાજ સાંભળતાં જ પેલા સજ્જનના કાન ચમક્યા. કહે, '૫૭૮૯ છે? એ તો મારી પત્નીની ગાડીનો નંબર છે. એ અહીં ક્યાંથી! એ તો બારોબાર બૉટનિકલ ગાર્ડન આવવાની છે.'

'કદાચ કોઈ કારણસર અહીં આવ્યાં હોય. તપાસ કરીએ. હોય તો આપણે ટૅક્સી ન કરવી પડે.' મેં કહ્યું.

પેલાં સન્નારી પણ નજીક આવ્યાં. ગાડી જોઇને કહે. 'મને લાગે છે કે આપણે આ જ ગાડીમાં અહીં આવ્યાં છીએ',

'પણ તો પછી આ ગાડીની ચાવી મારી પાસે હોવી જોઇએ ને?' આમ કહી સજ્જને ગજવામાંથી ચાવી કાઢીને ગાડીને લગાડી જોઈ. ચાવી બરાબર બેસી ગઈ. અમે સૌ અચંબાથી જોઈ રહ્યા. 'તો તમે તમારી ગાડી લઈ આવ્યા કે તમારી પત્નીની?' 'મને લાગે છે કે ઉતાવળમાં હું એની ગાડી લઈ આવ્યો છું. મારી ગાડીની ચાવી મારી પાસે નથી'. 'ખેર, ચાલો. ગાડી મળી ગઈ એટલે નિરાંત થઈ.'

'એ તો ખરું, પણ મારી પત્ની એની ગાડીને એટલી બધી સાચવે છે કે વાત ન પૂછો!' મતલબ કે એમની પત્નીને પોતાની ગાડી બીજું કોઈ વાપરે એ પસંદ નહોતું. આ સજ્જન ભૂલથી એની ગાડી લઈ આવ્યા એટલે સંભવ છે કે હવે એમના પર પસ્તાળ પડશે. ગાડી મળી ગયાથી એમને જે નિરાંત થઈ તેના કરતાં પોતાના પર હવે જે માછલાં ધોવાશે એની એમને વધુ ચિંતા જણાતી હતી. (ક્રમશઃ)

અનુસંધાન] **ગુજરાતી સાહિત્યનો આસ્વાદ** [પૃ. ૧૨૮થી

ઝાલા ભાલા વાવરો, કરી કારમો ક્રોધ;
સહુ બરા સાવધ રહી, જેમ કરો મહાજોધ.
મરવાનું છે મહિ વિષે, એમાં ન મળે ફેર;
જુધમાં તન ક્ષત્રી તજે, મરે ન મહીં ઘેર. (એજન પૃ.૧૦૬)

નાન્દી, સૂત્રધાર અને વિદૂષકના પાત્રવાળું આ નાટક સંસ્કૃત પદ્ધતિએ રચાયું છે. નાટકના અંતભાગમાં ભરતવાક્ય માટે નાટ્યકારે સ્વર્ગમાંથી ઋષિનું પૃથ્વી પર અવતરણ પણ કરાવ્યું છે.

ઓગણીસમા સૈકામાં સેંકડોની સંખ્યામાં નાટકો રચાયાં. એમાં ગુણવત્તા અતિ અલ્પ. એમાંની ઘણીખરી કૃતિઓ કાળસાગરમાં લુપ્ત થઈ ગઈ છે. વિવેચક અનંતરાય રાવળે નોંધ્યું છે તેમ: 'પંદર સોળ નાનકડાં પાનાંથી માંડી બસોથી વધુ પાનાં સુધીના વિસ્તારનાં નાટકો ઈ. સ. ૧૯૦૦ સુધીમાં ઘણાં પ્રગટ થયેલાં છે. એમાંનાં કેટલાંક વાર્તા ને નાટક વચ્ચેનો ભેદ સમજતાં નથી. થોડાક સંવાદ મૂકી 'પછી આમ બન્યું' કરતું વાર્તાસ્વરૂપી લખાણ શરૂ થાય એવું એવી ઘણી ચોપડીઓમાં આવે છે! નાટક બનાવવા ચાહી હોય એવી કૃતિઓમાં ય નાટ્યકૌશલના વાંખા હોય છે. નાટ્યોચિત પ્રસંગો અને પરિસ્થિતિઓની પસંદગી તેમ જ તેની સંકલના કરવામાં તેમ પ્રવેશો પાડવામાં અણઆવડત, પ્રસંગોની અસ્વાભાવિકતા, સંભાષણમાં સંસ્કૃત શ્લોકો સાથે લાંબા નિબંધો કે ભાષણો, વિદૂષકની અસ્વાભાવિક ને રસક્ષતિકર લાગે એવી જ્યાંત્યાં હાજરી, સંવાદોમાં કવિતાનો થતો અતિરેકભર્યો ઉપયોગ, સજીવ વ્યક્તિત્વવાળાં નહિ, પણ ગુણદોષવાચક નામોવાળાં નામથી જ સૂચવાતા માનવ-પ્રકારનાં પ્રતિનિધિ જેવાં પાત્રો, અને પ્રમાણવિવેકનો તથા ઔચિત્યબુદ્ધિનો થોડોઘણો અભાવ – એ આ સમયનાં ઘણાં નાટક નામે ઓળખાવાયેલાં પુસ્તકોનાં સામાન્ય લક્ષણો છે.' ('સાહિત્યવિહાર', ૧લી આવૃત્તિ, ઈ. ૧૯૪૬, પૃ. ૧૮૧.)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

પ્રકરણ ૯મું

ગુજરાતી નાટકો

લેખક

પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

પશ્ચિમી સંસ્કૃતિના સંપર્ક પછી સમગ્ર દેશમાં – ગુજરાતમાં સમાજ, શિક્ષણ, સાહિત્ય એમ અનેક ક્ષેત્રે પ્રબળ પરિવર્તનો આવ્યાં. મુદ્રણકળાએ સાહિત્યના ખેડાણને ભારે વેગ આપ્યો. સાહિત્યના એક કાર્યક્ષમ વાહન તરીકે ગદ્ય પ્રચારમાં આવ્યું ને પ્રતિષ્ઠિત થયું. ગદ્યના ખેડાણને કારણે અંગ્રેજી સાહિત્યની અસર નીચે આપણે ત્યાં નિબંધ, નવલકથા, નાટક આદિ સાહિત્યસ્વરૂપો પ્રચારમાં આવ્યાં. પ્રાચીનકાળમાં જેમ સંસ્કૃત ભાષામાં રચાએલી નવલકથાઓ હતી, તેમ નાટકો પણ હતાં. સંસ્કૃત સાહિત્ય નાટકોથી સમૃદ્ધ હતું.

મધ્યકાળમાં, વિક્રમ સંવતના બારમા-તેરમા સૈકામાં પણ રામચંદ્રસૂરિનાં સંસ્કૃત ભાષામાં રચાએલાં 'કર્ણસુંદરી', 'નલવિલાસ' ઈત્યાદિ અગિયાર નાટકો તેમ જ અન્ય લેખકોનાં 'મોહરાજપરાજય', 'પાર્થપરાક્રમ વ્યાયોગ', 'હમ્મીર-મર્દન', 'દૂતાંગદ' વગેરે નાટક પ્રાપ્ત છે. પરંતુ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ સુધી ગુજરાતી ભાષામાં એક પણ નાટક રચાયું જણાતું નથી. 'પ્રેમાનંદનાં નાટકો'ની આખી ઘટના એક પ્રપંચ હતો તે હવે તો સુવિદિત છે. ગુજરાતી રંગભૂમિ અને અર્વાચીન ઢબનાં નાટકો અંગ્રેજી શિક્ષણ અને સાહિત્યના સંપર્ક પછી જ આપણે ત્યાં ઉદ્ભવ પામ્યાં.

ભવાઈના વેશ

મધ્યકાળમાં નાટક તો નહિ પણ લોકરંજનાર્થે ભવાઈના વેશ હતા. ભવાઈ એ લોકનાટ્યનું સ્વરૂપ હતું. ભવાઈના વેશોમાં તત્કાલીન સમાજની વિલક્ષણ ઘટનાઓનું પ્રતિબિંબ ઝિલાતું હતું. એમાં ખાનદાનીના ખોટા ઘમંડ પર, ધંધાદારીઓની શોષણવૃત્તિ અને તેમનાં જૂઠાણાં પર ભારે કટાક્ષો રજૂ થતા હતા. ગુજરાતના સમાજજીવનની નિર્બળતાઓનો રસપ્રદ ચિતાર ભવાઈના વેશોમાંથી મળી રહેતો. એમાં મિયાંબીબી, ઝંડાઝુલણ, સુંદર નાગરણ અને પઠાણ જેવા વેશો તો ખૂબ પ્રસિદ્ધિ પામેલા. ભવાઈની ભાષા હિંદી-ગુજરાતી મિશ્ર જેવી, એમાં સાહિત્યિક ગુણવત્તા નહિ, અને હાસ્યનું સ્તર નીચું-ગ્રામ્યતા સુધી પહોંચે તેવું. ભવાઈની બીભત્સતાથી જ નવશિક્ષિત વર્ગ સૂગાયો અને નાટકરચના તરફ વળ્યો.

ગુજરાતી રંગભૂમિ – પારસીઓનો ફાળો

ઈ. ૧૮૫૧માં એરિસ્ટોફેનીસનાં 'પ્લુટસ' નાટકના અંગ્રેજી અનુવાદનો સાર ગ્રહણ કરીને કવિ દલપતરામે ગુજરાતીમાં 'લક્ષ્મીનાટક' પ્રગટ કર્યું. નહિવત્ નાટ્યતત્ત્વવાળું એ અધકચરું રૂપાંતર હતું, પણ છતાં નાટ્યલેખનની પ્રવૃત્તિના શ્રી ગણેશ 'લક્ષ્મીનાટક'થી મંડાયા. ગુજરાતી નાટકની રચના થઈ તે પૂર્વે અંગ્રેજો પોતાના મનોરંજન માટે અંગ્રેજી નાટકો ભજવતા.

પશ્ચિમની રંગભૂમિની સજાવટ, સીનસીનરી વગેરેનો ખયાલ પણ પાશ્ચાત્ય રંગભૂમિએ આપ્યો. ગુજરાતી ભાષામાં 'પારસી નાટક-મંડળી'એ (સ્થાપના : ઈ. ૧૮૫૨) પ્રથમ નાટક 'રૂસ્તમ સોહરાબ અને ધનજી ગરક' તા. ૨૯-૧૦-૧૮૫૩ના રોજ મુંબઈમાં ભજવ્યું. એમાં 'ધનજી ગરક' ફારસ હતું. એ રીતે જોતાં ગુજરાતી રંગભૂમિનો આરંભ ઈ. ૧૮૫૨થી પારસીઓ દ્વારા થયો અને પારસીઓએ જેમ વર્તમાનપત્રની બાબતમાં, નવલકથાલેખનમાં (ભલે અનુવાદરૂપે) તેમ રંગભૂમિની બાબતમાં પણ પહેલ કરી. દેશનેતા દાદાભાઈ નવરોજી તથા ખુરશેદજી નોશેરવાનજી, ધનજીભાઈ નોશેરવાનજી, અરદેશર ફરામજી વગેરે 'પારસી નાટકમંડળી'ના સ્થાપકો હતા.

બીજી એક પારસી નાટકમંડળીમાં અગ્રણી તરીકે ફિરોજશા મહેતા હતા અને શેક્સપીઅરનાં નાટકો અંગ્રેજીમાં ભજવવાનો તેમને શોખ હતો. પારસી કોમના સુરક્ષિત અને કુલીન પુરુષોને રંગભૂમિમાં અને નાટક રચવા-ભજવવામાં જીવંત રસ હતો. પારસી નાટક તખ્તાનો ઇતિહાસ આલેખનાર શ્યાવકશા દારાશાહ શ્રોફે ('ફિરોઝગર') નોંધ્યું છે કે પ્રતિષ્ઠિત સજ્જનો તખ્તા પરની ઇજ્જતને 'જાનથી જ્યાદા વ્હાલી' ગણતા હતા. પારસીઓએ એ આરંભના વર્ષોમાં સંખ્યાબંધ નાટકમંડળીઓ સ્થાપી હતી. તેમાં ધી પારસી સ્ટેજ પ્લેયર્સ, ઝોરાષ્ટ્રીયન ડ્રામેટિક કલબ, પર્સિયન ઓરિએન્ટલ ડ્રામેટિક કલબ, બૅરોનેટ થીયેટ્રિકલ કલબ, પારસી એલ્ફિન્સ્ટન ડ્રામેટિક કલબ, ઓરીજિનલ ઝોરાષ્ટ્રીયન કલબ વગેરેનો સમાવેશ થતો હતો. આ જુદીજુદી પારસી નાટકમંડળીઓ વચ્ચે રંગભૂમિમાં કંઈક નવું દાખલ કરવાની સ્પર્ધા ચાલતી. કુશળમાં કુશળ પારસી નટો દારૂનો કોગળો કરીને તખ્તા પર જતા. અભિનયનો નશો ચડે એ માટે આ જરૂરી ગણાતું. નાટકકંપનીના માલિકો નવા પ્રયોગો દ્વારા નામના મેળવવા ઉત્સુક રહેતા.

પારસી નાટકમંડળીઓ અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ અને ગુજરાતી નાટકો ભજવતી હતી. 'રૂસ્તમ-સોહરાબ', 'નઠારી ફિરંગણ ઠેકાણે આવી', 'કરણઘેલો' ઇત્યાદિ નાટકો આરંભકાળમાં મુંબઈ-સુરતમાં ભજવાયાં હતાં. કેખુશરૂ કાબરાજીએ અંગ્રેજી ઉપરથી તેમ જ ઈરાનની ઐતિહાસિક ઘટનાઓ પરથી નાટકો રચ્યાં. શેક્સપીઅરનાં નાટકો પ્રત્યે એ યુગમાં ઘણા બધા લેખકોનું ધ્યાન આકર્ષિત થયું હતું. 'હેમ્લેટ', 'ઑથેલો', 'ટેઇમિંગ ઑવ ધ શ્રૂ', 'કૉમેડી ઑવ એરર્સ', 'સીમ્બેલીન' ઇત્યાદિ નાટકો અંગ્રેજીમાં અથવા અનુવાદ કે રૂપાંતરરૂપે ભજવાતાં હતાં. પારસીઓને બીજો એક માનીતો નાટ્યવિષય હિન્દુધર્મની પુરાણકથાઓમાંથી જડી રહ્યો. 'હરિશ્ચંદ્ર' નાટક તો દેશવિદેશમાં સેંકડોવાર ભજવાયું. 'લવકુશ', 'નળદમયંતી' વગેરે બીજાં એ પ્રકારનાં પ્રસિદ્ધ નાટકો હતાં. શામળની 'નંદબત્રીસી' કથા પણ નાટ્યાંતર પામીને ભજવાઈ હતી. એ સમયમાં નાટકને દેશભરમાં લોકપ્રિય બનાવવા સારુ પારસી નાટ્યકારો ઉર્દૂમાં નાટકો ભજવતા, ગુજરાતી નાટકોનાં પણ ઉર્દૂમાં ભાષાંતરો કરાવતા. સ્ત્રીઓનાં પાત્રો સ્ત્રીઓ જ ભજવે એવા આગ્રહથી એ જમાનામાં દાદી પટેલ નામના એક નાટ્યકારે સ્ત્રીઓને તખ્તા પર પ્રસ્તુત પણ કરી. કેખુશરુ કાબરાજીએ આ પ્રથા સામે સખત અણગમો અને ટીકા પ્રગટ કર્યાં હતાં.

પારસી નાટ્યકારો નાટકો લખતા એટલું જ નહિ, નાટકશાળાઓ સ્થાપતા, નાટકનો સંગીત વિભાગ (ઘણી વાર જાતે) સમૃદ્ધ કરતા; દિગ્દર્શન પણ તેઓ કરતા અને નટ તરીકે પણ અભિનય આપતા. નાટકો ભજવવાનો તેમનો ઉત્સાહ અદમ્ય અને અપ્રતીમ હતો. એ સમયમાં વેશભૂષા કે દૃશ્ય-સજાવટ માટેનાં સાધનો સાવ ટાંચાં હોવા છતાં તેમણે રંગભૂમિના ઉત્કર્ષમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો. નાટકમાં ઝભ્ભા માટે કૉચ કે ખુરશીના કાપડનો ઉપયોગ કરીને મહેલમાં કે જંગલમાં એક જ પ્રકારના ઝભ્ભાથી તેમણે પોતાનું ગાડું ગબડાવ્યું. સંગીતમાં હાર્મોનિયમ નહિ; સારંગી અને તબલાંથી તેમણે સંગીતનું પ્રયોજન સાધ્યું. રંગભૂમિ વિશે અને નાટક તથા અભિનય વિશે તેમણે લેખો પણ પ્રગટ કર્યા. કુશળ અભિનેતા તરીકે ખ્યાતિ પામેલા જહાંગીર ખંભાતાએ પોતાના નાટકી અનુભવ

વિશેના પુસ્તકોમાં 'એકટીંગ' વિશે પોતાનું મંતવ્ય પ્રગટ કર્યું છે – 'ખરાં એકટીંગની ગેરહાજરીમાં એકટીંગને નામે લોકો 'છાણપૂતલાં'ના ચેનચાળા આજે જુએ છે, અને કેટલાય ટકભંડોલ્યા એક્ટરો, પાર્ટ કીધો કે મહાન એક્ટરમાં ખપી નાક પર માખ બેસવા દેતા નથી! ખરે બેદા, ક્યારે એવા ખડખડપાંચમ, ખડીયા ખરખરોને બદલે ખરેખરા કેળવાયેલા એક્ટરો મેળવવામાં આપણો નાટયતખ્તો ભાગ્યશાળી બનશે!'

ગુજરાતી રંગભૂમિ

પારસીઓએ સજ્જ કરેલી રંગભૂમિ પર કેખુશરૂ કાબરજી તથા અન્ય પારસી નાટયલેખકો નાટક ભજવતા હતા તેમાં રણછોડભાઈ ઉદયરામ, દલપતરામ, નર્મદ વગેરે કવિ અને નાટયલેખકોનો પણ સહયોગ હતો. રણછોડભાઈનાં અનેક નાટકો પારસી કલાકારોએ વારંવાર ભજવ્યાં હતાં અને રણછોડભાઈ તેમાં ઝીણવટભર્યું માર્ગદર્શન આપતા. 'રૂસ્તમ-સોહરાબ' નાટકનાં ગીતો લખવામાં દલપતરામનો ફાળો હતો. પરંતુ થોડા સમય પછી રણછોડભાઈ પારસી રંગભૂમિથી છૂટા પડયા. કેટલાક શિક્ષકોએ પારસીઓ સાથેની સ્પર્ધામાં 'ગુજરાતી નાટકમંડળી' સ્થાપી અને રણછોડભાઈનું 'લલિતા દુઃખદર્શક નાટક' ભજવ્યું. ગુજરાતમાં વિવિધકક્ષાની નાટયમંડળીઓ ઉદય પામી રહી હતી તે અરસામાં સૌરાષ્ટ્રમાં પણ નાટયમંડળીઓ સ્થપાવા માંડી. વાઘજીભાઈ આશારામ ઓઝા અને મૂળજીભાઈ આશારામ ઓઝા, એ બે ભાઇઓએ 'મોરબી આર્ય સુબોધ નાટકમંડળી' સ્થાપી અને રૂડીપેરે વિકસાવી. આ ઉપરાંત 'મોરબી નૌતમ નાટક મંડળી' પણ પ્રવૃત્ત હતી; વાંકાનેરમાં ત્ર્યંબક ભાઈઓની 'વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપની'એ નાટયરસિકોમાં આકર્ષણ જમાવ્યું હતું. ૧૯મી સદીના છેલ્લા ચતુર્થમાં સૌરાષ્ટ્રમાં નાનીમોટી સંખ્યાબંધ નાટકમંડળીઓ સ્થપાઈ હતી અને એમાંની ઘણીખરી અલ્પજીવી નીવડી હતી. ઓગણીસમી સદીના અંતભાગમાં મુંબઈમાં ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીએ 'શ્રી દેશી નાટક સમાજ'ની સ્થાપના કરી હતી. ડાહ્યાભાઈ ધોળશાજી પોતે નાટકો લખતા, તેનાં ગીતો પણ રચતા. વિશાળ જનસમાજના ચિત્તને આકર્ષી રાખવાની તેમનાં નાટકોમાં અદ્ભુત શક્તિ હતી. દેશી નાટક સમાજની જેમ જ 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી' પણ મૂળશંકર મૂલાણીનાં નાટકો દ્વારા ખૂબ લોકપ્રિય બની ગઈ. ઓગણીસમી સદીનાં છેલ્લાં પચીસેક વર્ષમાં સેંકડો નાટક કંપનીઓએ વિપુલ સંખ્યામાં નાટકો ભજવ્યાં.

ગુજરાતી રંગભૂમિ પર ભજવાતાં નાટકો ધંધાદારી હતાં. રણછોડભાઈ ઉદયરામ, નર્મદ, નવલરામ, મણિલાલ જેવા લેખકોનાં સાહિત્ય કક્ષાનાં નાટકો આરંભમાં ભજવાયાં, પરંતુ ધીમેધીમે ધંધાદારી નાટકોનું જ વર્ચસ જામ્યું. સાહિત્યકારો અને રંગભૂમિ વચ્ચે અંતર પડી ગયું અને એ અંતર વધતું જ રહ્યું. સાહિત્યકારો રંગભૂમિથી વિમુખ બની રહ્યા અને રંગભૂમિ પર લોકોને સસ્તું મનોરંજન પૂરું પાડે એવાં નાટકો જ મુખ્યત્વે ભજવાવા માંડયાં. રણછોડભાઈએ એમના 'જયકુમારી નાટક'ની પ્રસ્તાવનામાં કહ્યું હતું કે, 'ભવાઈ ઉપર અભાવ ઊપજવાથી, પ્રથમ મારું લક્ષ નાટક ઉપર ગયું, અને મનમાં એમ આવ્યું કે નાટક વિષય પણ ગુજરાતી ભાષામાં ખેડાવો જોઇએ.'

નાટયસ્વરૂપનાં પ્રાથમિક સ્ફુરણો

દલપતરામે ગ્રીક નાટયકાર એરિસ્ટોફેનીસના 'પ્લુટસ' નાટકના અંગ્રેજી અનુવાદનો સાર ગ્રહીને ગુજરાતીમાં 'લક્ષ્મીનાટક' (ઈ. ૧૮૫૧) પ્રગટ કર્યું એમાં ગુજરાતી નાટયસ્વરૂપનું પ્રથમ સ્ફુરણ જોઈ શકાય. આ નાટક રૂપાંતર હતું અને અપક્વ હતું.

નાટયસ્વરૂપની કંઈક ઝાંખી નગીનદાસ તુળજાશંકર મારફતિયાના 'ગુલાબ' નાટકથી (ઈ. ૧૮૬૨) થઈ એમ કહી શકાય. નગીનદાસ મારફતિયા નર્મદના નિકટના સાથી, સુધારાના કાર્યમાં અગ્રણી અને મુંબઈ યુનિવર્સિટીના પ્રથમ ગ્રેજ્યુએટ હતા. સંસારસુધારો એ તે યુગના સાહિત્યનું એક મહત્ત્વનું પ્રેરકબળ હતું. 'ગુલાબ' નાટકમાં પણ લેખકે નાયક ભોગીલાલ અને ગુલાબ વચ્ચે પ્રેમના અંકુરો વિકસાવી, અંતે એમનાં પ્રેમલગ્ન યોજ્યાં છે. બે પ્રેમીઓનાં લગ્નમાં સમાજ અંતરાય બનીને ઊભો રહે છે એવી પરિસ્થિતિ રચીને નાટયકારે કંઈક સંઘર્ષ પણ યોજ્યો છે. નાટયકારે એમાં સરકારી ખાતામાં પ્રચલિત લાંચરૂશ્વતોનો કથાપ્રવાહ પણ ભેળવ્યો છે. ભોગીલાલ જેવા પ્રામાણિક, નીડર અને સુશિક્ષિત યુવાનો આવા અનિષ્ટનો પ્રતિકાર કરીને તેને ડામી શકે એમ તેમણે સૂચવ્યું છે. અલબત્ત, નાટકમાં બે પ્રવાહો એકરૂપ બની શકતા નથી. પાંચ અંકમાં વહેંચાએલાં અને વિપુલ પ્રવેશ-સંખ્યાવાળા આ નાટકમાં શિથિલ વસ્તુસંકલના, કચાશભર્યું પાત્રચિત્રણ, સાવ સામાન્ય અને નીરસ લાગે તેવા સંવાદો, કોઈ ખાસ ચમકાર વિનાનું ગદ્ય – આ બધા તરી આવતા દોષ છે. અલબત્ત, ક્યાંક એમની કલમનો ઝબકાર પ્રગટે છે. નાટકના ત્રીજા અંકમાં ભોગીલાલનું ચિત્ત ગુલાબ પ્રત્યે આકર્ષાય છે એવી રજૂઆત છે. એનો મિત્ર માણેકલાલ એમાં વિક્ષેપ પાડવા માટે કહે છે: 'ખરેખરી ભરવાડણ છે.' ત્યારે ભોગીલાલ જવાબ આપે છે: 'તો પણ કામદેવનાં ઢોર ચારતી હશે.'

નાટયકારે પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે: 'આ નાટકનું બંધારણ અંગ્રેજી નાટકો પરથી લીધેલું છે.' તેમણે સંસ્કૃત નાટકો વિશે જાણકારી નહિ હોવાનો એકરાર કર્યો છે, તેમ છતાં કોઇકોઈ દૃશ્યમાં કાલિદાસના 'શાકુન્તલ'ની છાયા પ્રગટયા વિના રહેતી નથી. ગુલાબનાં લગ્ન પછી તેની વિદાયના દૃશ્યમાં શકુન્તલાની વિદાયના દૃશ્યની અસર સ્પષ્ટ વરતાય છે.

આ નાટકમાં સ્થળ-વાતાવરણ સૂરતના છે અને એથી નાટકની ભાષામાં સૂરતી બોલીના અનેક પ્રયોગો—કેટલાક ગ્રામ્ય પણ—નજરે ચડે છે. નાટક તેની ઘણી બધી મર્યાદાઓ સાથે પણ ગુજરાતી ભાષાના પહેલા મૌલિક નાટક તરીકે ધ્યાન ખેંચી રહે છે.

રણછોડભાઈ ઉદયરામ (ઈ. ૧૮૩૭–૧૯૨૩)

નગીનદાસ મારફતિયાએ 'ગુલાબ'માં પ્રેમલગ્નનો વિષય નિરૂપ્યો તે જ વિષય વિશેષ કલાત્મક રૂપે બે વર્ષ પછી પ્રગટ થએલા 'જયકુમારીવિજય નાટક'માં રણછોડભાઈ ઉદયરામે નિરૂપ્યો છે.

રણછોડભાઈ ઉદયરામ સમાજસુધારામાં અગ્રણી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં કેટલોક સમય આસિસ્ટન્ટ સેક્રેટરી, 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી અને વડોદરાની ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદના (ઈ. ૧૯૧૨) પ્રમુખ હતા. ફાર્બસ ગુજરાતી સભા સાથે પણ તે સંકળાએલા હતા. નાટયશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના તે સારા અભ્યાસી હતા. 'રણપિંગળ' એ તેમનો પિંગળ વિશેનો અભ્યાસગ્રંથ છે. એમાં ત્રીજા ભાગમાં તેમણે ફારસી છંદશાસ્ત્ર વિશે વિશદતાથી ચર્ચા કરી છે. હોપ વાચન-માળામાં પણ તેમણે કામગીરી બજાવી હતી. એ 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી હતા ત્યારથી તેમની કવિ અને નાટયકાર તરીકેની પ્રવૃત્તિ પ્રકાશમાં આવવા માંડી. એ જ અરસામાં તેમણે નિબંધો પણ લખ્યા હતા. તેમનું 'જયકુમારી વિજય નાટક' (ઈ. ૧૮૬૪) પહેલાં 'બુદ્ધિપ્રકાશ'માં 'જે કુંવરનો જે' નામથી પ્રસિદ્ધ થયું હતું. એ નાટકની પ્રતિષ્ઠા જોઇને તેમના મિત્ર મનસુખરામ ત્રિપાઠીએ તેની પૂર્તિરૂપે 'ઉત્તર જયકુમારી' નામનું રસીલું, બોધપ્રદ નાટક રચ્યું હતું. 'રાસમાળા'નું ભાષાંતર પણ તેમણે કર્યું હતું. અલબત્ત, આખા પુસ્તકનું ભાષાંતર તે કરી શક્યા નહિ. તેમણે કચ્છ રાજ્યમાં દીવાનગીરી પણ

કરી હતી અને કચ્છ દેશનો ઇતિહાસ પણ લખ્યો હતો.

રણછોડભાઈ ઉદયરામની અનેકવિધ સાહિત્યપ્રવૃત્તિ હોવા છતાં તેમની નામના મુખ્યત્વે નાટ્યકાર તરીકેની છે. ભવાઈમાં કજોડાના વેશમાં અશ્લીલતા જોતાં જ તેમની સુરુચિને આઘાત પહોંચ્યો. એ અરસામાં 'રાસ્ત ગોફતાર'ના તંત્રી કેખુશરૂ કાબરાજીએ તેમની સાથે મળીને 'નાટક ઉત્તેજક મંડળી' સ્થાપવાની યોજના મૂકી. કાબરાજી એમના 'હરિશ્ચન્દ્ર' નાટકથી પ્રસન્ન હતા. રણછોડભાઇને યોજના ગમી. એમાં તેમનું નામ ને પારસીઓનું કામ થતું હતું ને નાટક દ્વારા લોકોને બોધ કરવાનો એમનો હેતુ પાર પડતો હતો. રણછોડભાઇએ 'નળદમયંતી', 'બાણાસુરમદમર્દન' ઈત્યાદિ નાટકો આ પ્રયોજનસર લખ્યાં.

થોડા સમય પછી રણછોડભાઈ પારસીઓની નાટકમંડળીથી છૂટા પડ્યા અને કેટલાક મહેતાજીઓને ગુજરાતી નાટક મંડળી સ્થાપવામાં પ્રોત્સાહન આપ્યું. એ મંડળી માટે તેમણે ખાસ 'લલિતાદુઃખદર્શક નાટક' રચી આપ્યું. રણછોડભાઇએ એમની દીર્ઘ સાહિત્યિક કારકિર્દીમાં સંખ્યાબંધ નાટકો રચ્યાં છે. એક રીતે જોતાં એમણે જ ગુજરાતી નાટ્યસ્વરૂપનું વ્યવસ્થિત ખેડાણ શરૂ કર્યું અને ગુજરાતી રંગભૂમિના ઉત્કર્ષ માટે તે સતત પ્રયત્નશીલ રહ્યા. ગુજરાતી રંગભૂમિ સાથે રણછોડભાઈનું નામ સંકળાઈ ગયું છે. એમણે પુરાણમાંથી વિષય લઇને, સંસ્કૃત નાટકો ઉપરથી તેમ જ સામાજિક વિષયો પર સંખ્યાબંધ નાટકો રચ્યાં છે, પરંતુ તેમને પ્રતિષ્ઠિત કરનાર તો 'લલિતા દુઃખદર્શક નાટક' (ઈ. ૧૮૬૬). એ અગાઉ ઈ. ૧૮૬૪માં રચાએલાં 'જયકુમારી વિજય નાટક'ને પણ સામાજિકોએ ઉત્સાહથી માણ્યું હતું. એમાં જયા નામની એક શિક્ષિત અને સંસ્કારી યુવતી અને પ્રાણલાલ નામના એક સમાજહિતચિંતક અને કન્યા કેળવણીના પ્રબળ હિમાયતી વચ્ચે ધીરેધીરે વિકસતા અને અંતે કૌટુંબિક તેમ જ સામાજિક અંતરાયો ઓળંગીને લગ્નમાં પરિણમતા સ્નેહની કથા છે. આ અને 'લલિતાદુઃખદર્શક નાટક' બંને ખાસ સંસારસુધારાનું પ્રયોજન સિદ્ધ કરવા માટે જ રચાયાં હતાં. 'જયકુમારી વિજય નાટક'માં સ્ત્રીકેળવણી અને યુવાન વયે સ્નેહલગ્ન એ બે મુખ્ય પ્રશ્નો તેમણે નિરૂપ્યા છે. 'લલિતાદુઃખદર્શક નાટક'માં કજોડાનો પ્રશ્ન કેન્દ્રમાં છે. નંદન નામના એક શ્રીમંત કુટુંબના નબીરા સાથે લલિતાનાં માતાપિતાએ તેનાં લગ્ન કર્યાં છે. પરંતુ લલિતા જેટલી સંસ્કારી અને શિક્ષિત તેટલો જ નંદન અણુપઢ અને ગમાર, શ્રીમંતાઈનાં બધાં અપલક્ષણો એનામાં છે. લલિતાનાં લગ્ન પછી એ નંદનને ત્યાં જાય છે ત્યારથી જ એના પર સિતમની ઝડી વરસવી શરૂ થાય છે. એને મારી નાખવાના પ્રયત્ન થાય છે. લલિતા એક પછી એક આપત્તિઓમાં સપડાતી જાય છે. લેખકે એને માટે વિટંબણાઓ યોજવામાં કશી કસર રાખી નથી. શરીર અને મનથી ભાંગી પડેલી અથડાતી કુટાતી લલિતા પોતાને પિયર પાછી ફરે છે—મૃત્યુના ખોળે નિદ્રા લેવા માટે જ.

આ નાટકે સમાજમાં ઘેરી અસર પાડી હતી. એવી નોંધ છે કે એક ડોસીએ આ નાટક જોઇને, પોતાની દીકરીને કજોડામાંથી ઉગારવા માટે એનો કોઈ શ્રીમંતના દીકરા સાથેનો વિવાહ ફોક કરી દીધો હતો. કેટલાય સમય સુધી 'નંદન' નામ દુરાચારીના પ્રતિનિધિ તરીકે પ્રચલિત બની રહ્યું હતું.

ભવાઈના થોડાક અંશો એમનાં નાટકોમાં છે, પરંતુ એમણે ટેકનિકની બાબતમાં સંસ્કૃત અને અંગ્રેજી નાટકોની ટેક્નિકનું મિશ્રણ કર્યું છે. 'લલિતાદુઃખદર્શક નાટક' પશ્ચિમનાં નાટકોની અસર દાખવતું ગુજરાતી સાહિત્યનું પહેલું કરુણાન્ત નાટક છે. રણછોડભાઈનાં નાટકો કલાના માપદંડે ઘણાં ઊણાં ઊતરતાં લાગે. એમનાં નાટકો પાંચથી ઓછા અંકવાળાં નહિ, તેમાંય પાછાં દશ્યો. 'જયકુમારીવિજય' તો આઠ અંકમાં પથરાયેલું નાટક છે. એ જમાનામાં બિનાવશ્યક પ્રસ્તાર કરવાની આદત ઘણા બધા લેખકોમાં હતી. સંકલના કે પાત્રચિત્રણની બાબતમાં પણ રણછોડભાઈનાં નાટકો નબળાં લાગે. પાત્રોના લાંબા વાર્તાલાપો કેટલીક વાર તો પદ્યમાં ચાલે, અને પાત્રો નિરાંતે સામાજિકો સમક્ષ નાટકનો બોધ રજૂ કરે. દાખલા તરીકે 'લલિતાદુઃખદર્શક નાટક'માં મૃત્યુ વેળાએ લલિતા પદ્યમાં તેમ જ ગદ્યમાં 'કજોડા' વિશે પ્રવચન આપતાં કહે છે :

'નાનપણે તમે પરણાવ્યો પુત્રી કેહેવાતું શોધ્યો કુળ;
ગુણ કે અવગુણ કાંઈ જુવો નહિ, તેમાં મળે બધું ધૂળ.'

અને પછી ગદ્યમાં આક્રોશપૂર્વક ઉચ્ચારે છે—

'અરે ! આ પ્રમાણે મારા જેવી હજારો અને લાખો લાચાર છોકરિયો દુઃખી હશે તેની દાઝ કોઈ દીલે લેતું નથી. 'પશુ દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય !' અરે આવી નિર્દોષ દીકરિયોના ત્રાસ લેનારા, પોતાના ઘરની ખોટી પ્રતિષ્ઠા વધારવાને માટે નામના કુલીન પણ રાક્ષસ, પાપી, ચંડાલ અને પતિત પતિયોને પરણાવીને ગરીબ અબળાઓને દુઃખમાં નાખનાર પાપિયોના ઉપર બ્રહ્માંડ તૂટી પડજો અને જગતમાં વર્ષાદ વરસવાને બદલે પરમેશ્વરના કોપનો વર્ષાદ તૂટી પડજો.' અને લલિતાના મરણ પછી સ્ત્રીઓ પરજિયો ગાતાંગાતાં સીધો સુધારાબોધ કરવા માંડે છે – અલબત્ત પદ્યમાં.

અત્યારના સામાજિકને આ પ્રકારનાં નાટકો અકલાત્મક લાગે પણ એમનો રસાસ્વાદ માણવા એ જમાનાને નજરમાં રાખવો ઘટે. વિવેચક અનંતરાય રાવળે સહૃદયતાપૂર્વક આ નાટકોની વિવેચના કરતાં નોંધ્યું છે : 'આપણે ભલે વધુ સુધર્યા હોઈએ, તો પણ નથી લાગતું કે આજથી છ દાયકા પહેલાંના જમાનામાં પ્રેક્ષકો નાટકશાળામાંથી નાટકને અંતે આવતો બોધ સાંભળી એ ગુંજતાગુંજતા ઘેર જાય તે એ જમાનામાં તો ગમત સાથે જ્ઞાન આપવાનો સરસ માર્ગ હતો ? નાટક જોવા જનાર તત્કાલીન બહોળા જનસમૂહને – ને તેમાં સ્ત્રીઓ પણ હતી એ ધ્યાનમાં રાખો – આથી ઉત્તમ સંસ્કારદાન આ નાટકો કરી શકતાં એ તેની જેવીતેવી સિદ્ધિ નથી.' (રણછોડભાઈ ઉદયરામ શતાબ્દી સ્મારકગ્રંથ, આવૃત્તિ ૧લી, ઈ. ૧૯૩૮. પૃ. ૧૪૯.)

રણછોડભાઈ ઉદયરામનાં 'જયકુમારીવિજય નાટક' ને 'લલિતાદુઃખદર્શક નાટક' પ્રગટ થયાં તે અરસામાં જ નવલરામે પણ બે નાટકો પ્રકાશિત કર્યાં. 'ભટનું ભોપાળું' (ઈ. ૧૮૬૭) અને 'વીરમતી' (ઈ. ૧૮૬૯). દલપતરામે જીવરામ ભટ્ટના અમર પાત્રવાળું પ્રહસન 'મિથ્યાભિમાન' (ઈ. ૧૮૭૧) પ્રગટ કર્યું. એ પૂર્વે નર્મદનું ઐતિહાસિક નાટક 'કૃષ્ણાકુમારી' પ્રગટ થઈ ચૂક્યું હતું (ઈ. ૧૮૬૯). નર્મદે એ પછી 'રામજાનકીદર્શન' (ઈ. ૧૮૭૬), 'દ્રૌપદીદર્શન' (ઈ. ૧૮૭૮), 'સાર શાકુંતલ (ઈ. ૧૮૮૧), અને 'બાલકૃષ્ણવિજય' (ઈ. ૧૮૮૬) પ્રગટ કર્યાં. આમાંનું એક પણ નાટક નર્મદની કલમને યશ આપે તેવું નથી.

'કાન્તા' નાટક

ઓગણીસમા સૈકાનું કલાદૃષ્ટિએ કોઈ સમર્થ નાટક હોય તો તે મણિલાલ નભુભાઈનું 'કાન્તા' (ઈ. ૧૮૮૨). ઇતિહાસના બીજવાળા આ નાટકમાં લેખકે મધ્યકાલમાં રજપૂતાણીનાં ગૌરવનો અને પતિ પાછળ સતી થઇને જીવનનું બલિદાન આપી દેવાની રૂઢિનો મહિમા વ્યક્ત કર્યો છે. અલબત્ત, નાટકનો વિષય આજે જૂનવાણી લાગે; સતી થવાની પ્રથાને કોઈનું અનુમોદન ન મળે. તેમ છતાં નાટ્યકારે યોજેલી આકર્ષક ઘટનાઓ (જેમકે કાન્તાના હારની ચોરીનો પ્રસંગ), તીવ્ર સંઘર્ષ, મનોહર પાત્રચિત્રણ, પાત્રમુખે ઉચ્ચારાયેલી કવિતા એ સર્વ 'કાન્તા'ને એ સૈકાના સમર્થ નાટક તરીકે સ્થાપી આપે છે. અલબત્ત, નાટકમાં વસ્તુસંકલનાના કેટલાક મહત્ત્વના દોષ છે. કાન્તાને રાણી

યૌવનશ્રીની સારસંભાળ માટે વનમાં મૂકીને વિદાય થતા સુરસેને તેને 'એકપત્નીવ્રતના સત્યથી સંધાયેલો' હાર આપે છે અને જ્યાં સુધી એ દિવ્યહારનાં મોતી વિખૂટાં ન પડે ત્યાં સુધી પોતાનું જીવન સલામત છે એવી પ્રતીતિ તેનામાં જન્માવે છે. એ પછી કાન્તા દુશ્મન રાજા કરણના પંજામાં સપડાય છે. એ રાજાને મચક આપતી નથી. આથી કાન્તાની દાસી તરલા, સુરસેનના મૃત્યુનો ભ્રમ તેના ચિત્તમાં પેદા કરવા માટે, એ જ્યારે નિદ્રામાં હોય છે ત્યારે એના ગળામાંનો હાર કાતરી નાખે છે. આ પ્રસંગમાં સંકલનાનો નબળો અંકોડો દેખાય છે. સુરસેન જીવિત હોય તો દિવ્યહાર તૂટે શી રીતે? હારમાં જે ચમત્કારકતા આરોપવામાં આવી છે તે નિષ્ફળ ઠરે છે. તદુપરાંત હારછેદન થતાં જ કાન્તાને સત ચડે છે. એના સતીત્વનો પ્રભાવ પ્રગટ કરનારી ઘટનાઓ બને છે. સુરસેન જીવિત હોવા છતાં કાન્તાને સત ચડે, સતીત્વના ચમત્કારો સર્જાય આ બધું પ્રતીતિકર નીવડતું નથી.

કાન્તા એ નાટકની નાયિકા છે. એ પતિવ્રતા છે, તેજસ્વી છે. સુરસેનના મૃત્યુનો ભ્રમ હારછેદનને કારણે તેના ચિત્તમાં પેદા થાય છે. અને તે સતી થાય છે. આવા એક ભાવનાશીલ પાત્રનો નાટકના ખલપાત્ર હરદાસ સાથેનો અયુક્ત સંબંધ હોવાનો અણસારો નાટ્યકારે હરદાસના મુખે ઉચ્ચાર્યો છે. હરદાસના એ ઉદ્ગારને ક્યાંય રદિયો મળતો નથી એટલે એના વક્તવ્યને સાચું માની લેવાની સ્થિતિ વાચક-પ્રેક્ષક માટે સર્જાય છે. કાન્તાના ઉજ્જ્વળ અને નિષ્કલંક ચરિત્ર પર નાટ્યકારની અસાવધતાને કારણે કલંક બેસે છે. મુખ્ય પાત્રના આલેખનમાં આવી કચાશ કોઇને પણ કઠ્યા વિના રહે નહિ.

નાટકમાં કરણ અને હરદાસ એ ગૌણ પાત્રો છે. તેમના ચિત્રણમાં લેખકનું કૌશલ બરાબર ઝળકી ઊઠ્યું છે. તરલા જ્યારે કરણરાજાની કૃપાના લોભે કાન્તાનો હાર કાતરવા જાય છે ત્યારનું એનું મનોમંથન લેડી મૅકબેથ જેવા પાત્રના મનોમંથનનું સ્મરણ કરાવે છે. એનું પાપભીરુ હૃદય થરથર કાંપતું, વારંવાર ચમકી ઊઠતું, ચંદ્ર અને તારા જેવા અમાનુષી પદાર્થોની ઉપસ્થિતિ પણ સહી શકતું નથી. એનું ભીરુ હૃદય ધીમા ઉદ્ગાર કરી ઊઠે છે:

જા ચંદ્ર, તું સંતાઈ નભમાં શીદ અહીં ઊભો રહ્યો,
તારા ખુઆઈ જજો સહુ નવ દેખશો કશું એ તમો.

પોતાના કંપતા હૃદયને તે ઉપાલંભ આપે છે—

રે દિલ! બ્હીકણ રાંક થરથરતું ધીમું પડી,
બાલભાવ સહુ છાંડ, એક જ વાર મનુષ્ય થા.

આ આખુંય દૃશ્ય નાટકના વસ્તુ-વિકાસમાં અતિ મહત્ત્વનું અને પાત્રનો ચિત્તસંઘર્ષ સમર્થ રીતે રજૂ કરે છે.

નાટકના શઠ પાત્ર હરદાસની દુષ્ટતા અથવા બેવકૂફીમાંથી જ કાન્તા અને સુરસેન જેવાં પાત્રોનાં બલિદાનની ઘટના સર્જાય છે. કાન્તાને પામવાની કે કરણરાજાના કૃપાપાત્ર બનવાની સર્વ યોજનાઓમાં હરદાસ નાલાયક જ ઠરે છે. વિવેચક નવલરામ પંડ્યા એની નાલાયકીભરી દુષ્ટતાથી અકળાઇને આક્રોશથી ઉદ્ગાર કરી ઊઠે છે કે કાન્તા ને સુરસેનની ચિતામાં એને પણ કોઇએ ઊંચકીને નાખી દીધો હોત તો ઠીક થાત.

કરણરાજાના શૃંગાર-વિલાસ દ્વારા એનું વ્યક્તિત્વ પણ નાટ્યકારે બરાબર ઉપસાવ્યું છે. વળી, નાટકમાં કવિતા એ તેનું આગવું આકર્ષણ છે. સંસ્કૃત સાહિત્યના રસિક પંડિત મણિલાલે 'કાન્તા'માં છૂટે હાથે કવિતા વેરી છે. નાટકમાં શૃંગાર, વીર, કરુણ ઈત્યાદિ રસોની જમાવટમાં આ કવિતા કામિયાબ નીવડે છે. રણભૂમિના વર્ણન દ્વારા તેમણે બીભત્સ રસ નિષ્પન્ન કર્યો છે:

ચક્રે ઊડે સમળી, કકળે કાગડા શ્વાન પૂંઠે
ઝાલી પંજે, મુખથી કરડે ખોપરી ખોતરીને.

પ્રકૃતિનું મનોહર દૃશ્ય નિરૂપતી—

અંધારું થયું પાતળું નભ વિષે તારાદ્યુતિ નીસરી

અથવા

મંદમંદ સમીર વહે તરુકુંજમાં બહુ મહાલતો

જેવી પંક્તિઓ સુપ્રસિદ્ધ છે.

સુરસેન પાછળ સતી થવા તત્પર કાન્તા કાષ્ઠની ચિતા જોઈ અભિભૂત બનીને ઉદ્ગાર કરી ઊઠે છે—

તું કાષ્ઠ નથી, પણ કાષ્ઠનું વૈમાન છે શુભ સ્વર્ગનું.

ગંધરાજ

પુષ્પમાળા–૨૫

લેખક
સ્વ. પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર



▷ Gardenia Florida
Gardenia Cape Jasmine

અતિ રમણીય દુગ્ધ-ધવલ પત્રાવલી અને પ્રચુર સૌરભવાળું સાર્થનામ ગંધરાજ આપણા દેશનું એક જાણીતું ફૂલઝાડ છે. ઉષ્ણ હવામાનવાળા પ્રદેશોમાં એ ખૂબ પાંગરે છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાં સામાન્યતયા આઠ-દસ ફૂટ સુધી ઊંચું વધનારું આ સદાપર્ણી સુરમ્ય ફૂલઝાડ ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળમાં તો આથી યે વધુ લગભગ વીસેક ફૂટ સુધી ઊંચું જાય છે.

ગંધરાજનાં પાન ઘેરાં લીલાં ચળકતાં અણીદાર અને પાંચેક ઇંચ લાંબાં હોય છે. તગરનાં પાન જેવાં આ પાન સામસામાં ઊગે છે. ગંધરાજની શાખાપ્રશાખાઓ એટલી સઘન હોય છે કે તેની નિકુંજમાં ટહુકતાં કોયલ ને બુલબુલ જેવાં પક્ષીઓ જલ્દી નજરે પડતાં નથી.

શાખાઓ પર બે-અઢી ઇંચની વૃંતિકા પર માદક સુગંધવાળાં એકપત્રી અને બહુપત્રી પુષ્પો ખીલે છે. ગંધરાજનાં પુષ્પોની સુગંધ માદક છતાં લવિંગની સુગંધને જરા મળતી આવે છે એ પરથી ઉત્તર પ્રદેશમાં ગંધરાજને 'લૌંગ-મુશ્ક' પણ કહે છે. આરંભમાં દુગ્ધધવલ આ પુષ્પો એકાદ દિવસ તાજગીમાં રહ્યા પછી આછી પીળાશ સાથે ઝાંખાં પડી જાય છે. વનસ્પતિશાસ્ત્રીઓએ ક્રિયાકલ્પ કરી સુધારેલી ગંધરાજની જાતનાં પુષ્પો બહુપત્રી હોય છે.

મૂલત: ગંધરાજ એ ચીન જાપાનનું પુષ્પવૃક્ષ છે, પણ છેલ્લાં બસો વર્ષ દરમિયાન ઉષ્ણ હવામાનવાળા દેશોમાં એનો ઝડપથી પ્રસાર થયો છે. બંગાળમાં એ મહિલાઓનું પ્રિય પુષ્પ ગણાય છે.

મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશમાં ગંધરાજની જડને ઘસીને માથાના દુખાવામાં તેનો લેપ કરવામાં આવે છે એવી એક નોંધ સર જ્યૉર્જ વૉટે કરી છે. એના આંતરિક સેવનથી હિસ્ટીરીઆમાં પણ ફાયદો થતો હોવાનું મનાય છે. ગંધરાજના લૅટિન નામ ફ્લૉરિડાનો અર્થ થાય છે 'પ્રભૂત માત્રામાં ખિલનારું' અને ગંધરાજની એ લાક્ષણિકતા છે. □

મનોવિશ્લેષણ

સંવેદનાના અને માનસિક રોગોના સ્વરૂપ અને પ્રેરક કારણ સંબંધી માહિતી આપનાર મનોવિશ્લેષણ વિજ્ઞાન અજ્ઞાત મનની તપાસનું એક સાધન પણ છે. વળી, એનાથી બાળકના માનસિક વિકાસ અને મનોભાવનાના વિકાસની જાણ થાય છે. બાળપણના દસ વર્ષની ઉમર સુધીના બનાવો ચોક્કસપણે યાદ રહેતા નથી. જે કંઈ યાદ રહે છે તે અસ્પષ્ટ અને અચોક્કસ, ટૂંકારૂપમાં અને લાગણીઓ સાથે જોડાએલું હોય છે.

છ વર્ષની વય સુધીનો કાળ વ્યક્તિત્વના વિકાસનો નિર્ણાયક કાળ છે. આથી સંવેદનાઓના સંઘર્ષ અને બગાડાજનક ઘટનાઓ અને કારણોને યાદ કરીને ગોઠવવાં મુશ્કેલ છે. ભય તથા શરમના લીધે આની સ્મૃતિ અજ્ઞેય મનમાં દબાઈ રહે છે. આમે ય તે ચેતનામાં કે ભાનમાં નથી રહેતી, પણ તે મુક્ત થવા દબાણ કરે છે, વળી છદ્મ વેષે દેખા દે છે ને સંવેદનાઓની માંદગી પેદા કરે છે. વ્યક્તિના ચારિત્ર્યનિર્માણમાં પણ તે ભાગ ભજવે છે.

મનોવિશ્લેષણમાં અગાઉની દુ:ખદાયી અને ભુલાએલી સ્મૃતિઓ યાદ કરાવવા ઉપરાંત તે યાદોની સાથે દૂર કરેલી લાગણીઓનો પણ પુન: અનુભવ થવો જરૂરી છે. આમ થાય તો જ તેમની સામે સ્વાભાવિક ઊર્મિવેગો અને રોગિષ્ઠ પ્રતિકારો વચ્ચેના મનોભાવોનો સંઘર્ષ ધીમેધીમે શમે છે અને જવાબદારીભરી કામગીરી માટે માનસિક શક્તિ મુક્ત થાય છે.

માનસવિશ્લેષણ સમાજે લાદેલાં બંધનોથી મુક્ત બની ને ફાવે તેમ વર્તવાનો અધિકાર નથી આપતું, પણ તેને સંવાદિત રીત પસંદ કરવા, વ્યક્તિ ને સમાજને હિતકર્તા કામ કરવા શક્તિમાન બનાવે છે.

ન્યૂરોસીસ (ચિત્તક્ષોભ)ની મનોભાવોની માંદગી, (**Emotional illness**) ચારિત્ર્યના બગાડ, લગ્નજીવનની વિસંવાદિતા, આત્મહત્યા અને મનોવિકાર-મંડિત યુદ્ધનાં કારણો ઉપર મનોવિશ્લેષણ-સંશોધને ઘણો પ્રકાશ પાડ્યો છે. વળી ચિત્તભ્રમ અને ગુનાહિતતા વિષે ઘણું જાણવા મળ્યું છે. આમાં જો કે સમાજશાસ્ત્રીઓ અને શિક્ષાગૃહ અધિકારીઓએ ઘણું સંશોધન કરવાનું છે.

ગુનાની કોઈ અજ્ઞાત સમજણથી પ્રેરાઈને તેની શિક્ષા મેળવવા ગુનેગાર ગુનાહિત કામ કરવા પ્રેરાય છે. આ જ્ઞાનના આધારે ગુનેગારોને અગાઉ થતી કપરી શિક્ષાઓમાં હવે સુધારા થયા છે. માનસિક રોગીઓ અને ગુનાહિત વલણવાળા માટેની વિશદ સમજથી તેમની સારવારમાં માનવતા આવી છે. તેમના માટે જેલના બદલે હૉસ્પિટલો અને અપરાધીઓને રાખીને સુધારવાની સંસ્થા-રીમાન્ડ હોમના બદલે ઉપચાર-કેન્દ્રો સ્થપાયાં છે.

માનસવિશ્લેષણ-શાસ્ત્રના પ્રણેતા સિગમન્ડ ફ્રૉઈડ (૧૮૫૬-૧૯૩૯) માનસિક રોગોના મૂળમાં કામવાસના જુએ છે. ઉત્કટ કામુક અને હુમલાખોર ઇચ્છાઓ અજ્ઞાત મનમાં સંઘરાએલી હોવાના ફ્રૉઈડના મતનો વિરોધ કરનારા આજે પણ ક્યાં નથી? પણ માનસ-વિશ્લેષણના સંશોધનમાં જાણવા મળ્યું છે કે બાળપણના સ્તનપાનના અનુભવથી માંડી બીજા પ્રસંગો બનાવો અને ઘટનાઓના આધારે પુખ્ત વયની કામુકતા વિકાસ પામે છે. ફ્રૉઈડના આ વિચારો સાથે ઘણા સંમત નથી પણ બાળપણથી તબક્કાવાર કામુકતા ઉત્ક્રમે નહિ તો પુખ્તવયની કામુકતા અશક્ય બને.

માનવવ્યક્તિત્વની પ્રક્રિયાના સંશોધનની રીત તરીકે માનસ-વિશ્લેષણ શરૂ થયું, પણ પછી તે લાગણી અને માનસિક માંદગીના ઉપચાર માટે અસરકારક રીત જણાઈ. આ જ એનું મુખ્ય કાર્ય છે. આવા ઉપચારની કોને જરૂર એ રોગીની પૂરી તપાસ પછી માનસ-ચિકિત્સક જ કહી શકે. ઔષધ કે શસ્ત્રક્રિયાના ઉપચાર કરતાં આની કંઈ વધારે જરૂર પડતી નથી, પણ એમ કહી શકાય કે માનસ-વિશ્લેષણથી દરેક જણને લાભ થાય છે. તંદુરસ્ત વ્યક્તિ માનસ-વિશ્લેષણથી વધારે કાર્યસાધકતાથી અને ઓછી તાણથી જીવન ગુજારી શકે છે.

માનસચિકિત્સક સંસ્કારી અને સાહિત્ય, કળા, માનવશાસ્ત્ર તથા સમાજવિદ્યાનો જાણકાર હોય છે. અને તે માનસ-વિશ્લેષણનું વિશાળ અને સંપૂર્ણ જ્ઞાન તો ધરાવે છે જ. **ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી**

મણિલાલ માત્ર શુષ્ક પ્રકૃતિના પંડિત નહોતા. એમના અંતરમાં ભારોભાર રસિકતા હતી તેની પ્રતીતિ 'કાન્તા' નાટકમાં અત્રતત્ર વેરાએલી કવિતાથી થાય છે. કવિ સુંદરમે 'અર્વાચીન કવિતા'માં નોંધ્યું છે તેમ 'મણિલાલની સંસ્કૃતસભર ભાષા કલ્પના અને ઉચિત ભાવોની સામગ્રીથી આ કાવ્યો નાટકના અતિ પ્રાકૃત વસ્તુમાં કેટલીકવાર લોકોત્તમ સૌંદર્ય રચી જાય છે'. ('અર્વાચીન કવિતા', ઈ. ૧૯૪૬, પૃ. ૧૭૮)

'પ્રતાપ' નાટક

'કાન્તા' પછી ઓગણીસમા સૈકાનું ગણપતરામ રાજારામ ભટ્ટ રચિત 'પ્રતાપ' નાટક (ઈ. ૧૮૮૩) એમાં રહેલી ટેક અને બલિદાનની ભાવનાને કારણે તેમ જ એ ભાવનાને અનુરૂપ ઓજસભરી વાણીને લીધે ધ્યાનપાત્ર બને છે. 'નર્મગદ્ય'માંના 'મેવાડની હકીકત' નામના લેખમાંથી નાટ્યકારે આધાર લઇને એ નાટક રચ્યું છે. નાટકનો વિષય પ્રતાપ અને અકબર વચ્ચેના યુદ્ધનો હોવાથી વીર રસ નિષ્પન્ન કરવાનો નાટ્યકારને સારો અવકાશ મળ્યો છે. અને વીરની સાથે તેમણે પ્રતાપની દુર્દશાનું ચિત્ર આપીને કરુણ રસ પણ ભેળવ્યો છે. ગુજરાતી ભાષાનું સામર્થ્ય, તેના રૂઢિપ્રયોગો સાથે, આ નાટકમાં આકર્ષક રીતે પ્રગટ થાય છે. ગણપતરામ ભટ્ટ કવિ હતા. એમની વીરરસની કવિતાનો અહીં પરિચય થાય છે. અલબત્ત નાટકમાં કોઈ દૃઢ સંકલના નથી, સંભાષણો વિપુલ છે; જુસ્સાદાર પદ્યપંક્તિઓ પણ પાર વિનાની છે. નાટકમાં કાર્યવેગ મંદ છે, સંઘર્ષ યોગ્ય ઉઠાવ પામતો નથી. તેમ છતાં પ્રતાપ ભામાશા વગેરે પાત્રોનાં વ્યક્તિત્વને ઉપસાવવામાં નાટ્યકાર ઠીક સફળ રહ્યા છે. યુદ્ધમાં ઝનૂનથી ઝૂઝતા પ્રતાપને જોઈ ઝાલો રાણો માનસિંહ ઉદ્ગાર કરી ઊઠે છે: 'ઓ સૂર્યવંશી રાણા! ઈંદ્રાસન લેવા ઉતાવળો થા મા! હજી મેવાડને તારા વડે મહિમાવાન થવા દે. ઈન્દ્રાસનનો તારો હક વિધાતાએ પોતાની પોથીમાં નોંધ્યો છે તે કોઈથી મિથ્યા થવાનો નથી; માટે ઓ મહારાણા! આ તારી આસપાસ ઉલટેલાં તીડનાં ટોળાં ઓછાં થવા તારું છત્ર અળગું કરી જરા ઠરીને આ તારું લુણપાણી ખાનારનું પાણી જો! (પ્રતાપ તેનો પોકાર નહિ સાંભળતાં પ્રાણઘાતક સાહસ કરે છે – એથી પોતાના યોદ્ધા સાગે જોઇ) શૂરા ઝાલાઓ! શું જુઓ છો? રાણાજી ઉપરનું છત્ર તાણી લઈ આમ લાવો, ને એ મરણિયા થએલા શૂરાને વિમાનમાં પગ મૂકતો થોભાવો! એના વડે મેવાડ માનવંતું થવાનું છે; આપણે એનાં સાહિત્ય છીએ; એ જતે આપણ સર્વ નકામા થઈ પડીશું. મેવાડનો સૂર્ય ઈશ્વરે ઉગાડ્યો છે, માટે એ છે ત્યાં સુધી દિવસ જાણજો; પછી અંધારાં ઉલેચવાનાં થશે, માટે આ વખતની કરેલી મર્દામી કામની છે. વાર મા કરો. રાણાને અળગા કરો, ને તેમનું છત્ર આમ ધરો!' (આવૃત્તિ ૬ઠ્ઠી, ઈ. ૧૯૧૭. પૃ. ૧૦૭) રાજબારોટના વીરરસભર્યા દુહા પણ ચાનક ચડાવે તેવા છે:

> સિસોદિયા શર વાવરો, કરી ધનુષ્ય ટંકાર
> તુંવાર તરવારે કરી કરો શત્રુ સંહાર.

(અનુસંધાન પૃ. ૧૨૩)

અનુસંધાન] **કચ્છ અને સહજાનંદ સ્વામી** [પૃષ્ઠ ૧૨૦થી

અંગે જમાદારને પણ ફરિયાદ કરી ત્યારે જમાદારે જગજીવનને ચેતવણી આપી કે, 'સ્વામિનારાયણ તો મહાન સાધુ છે, એની રંજાડ તારે કરવી નહિ.' આથી મહેતો સમસમીને શાંત રહ્યો.

આ જગજીવન વેણીરામ મહેતા ચુસ્ત શૈવ હતો. રાયધણજીની ઇસ્લામ તરફી રંજાડમાં પણ એ ધર્મચ્યુત થયો નહોતો. ભુજમાં હમીરસરને કાંઠે જિન્નત મસ્જિદ પાસે ઈ. ૧૮૦૭માં એણે હાટકેશ્વરનું મંદિર બંધાવેલું. પોતાના ઇષ્ટ ધર્મની રક્ષા કાજે હિંસા કરવી પણ તેને ગ્રાહ્ય હતી. એણે અજયજ્ઞનું આયોજન કર્યું અને તેમાં સહજાનંદને પણ નિમંત્રણ આપ્યું. સહજાનંદ ત્યાં ગયા, પણ યજ્ઞમાં બલિદાન અર્થે હિંસા થતી રોકી. ધર્માચરણ વિષે વાદ પણ થયો. પરિણામે મહેતાનો ખોફ વધ્યો અને તેણે તેનો ડંખ મનમાં સંઘરી રાખ્યો.

કચ્છમાં ત્યારે જમાદાર ફતેહમામદનું જોર વધતું હતું. રાજકારણના કડવા અનુભવે એના સ્વભાવમાં કટુતા અને અવિશ્વાસ વધ્યાં હતાં, પોતાના રસાલામાં એણે પરદેશી સિપાઇઓનું બળ વધાર્યું હતું. ઈ. ૧૮૦૯માં એણે રાજ્ય વતી અંગ્રેજો સાથે કરેલા તહનામા પ્રમાણે તેનાથી દરિયાઈ ચાંચયાગીરી ને લૂટફાટ દબાઈ શક્યાં નહિ, એટલે એ અંગે કચ્છનાં બંદરો અને છેક કરાંચી સુધીના દરિયાકાંઠાની તપાસ માટે અંગ્રેજોએ મૅક્મર્ડોને મોકલ્યો. ઈ. ૧૮૧૩ના ફેબ્રુઆરીથી માર્ચ એણે એ તપાસ ચલાવી ચાંચિયાઓ સામે કાંઠા ઉપર સખત ચોકી ગોઠવી દીધી. એ ચોકી વચ્ચેથી યે કાસુ નાખવો બેટથી મછવો ભાડે કરીને પોતાના ચાર સાથીઓને યાત્રાળુ વિધવાઓનો વેષ પહેરાવી માંડવી આવીને કંપની સરકારનું માલ ભરેલું એક વહાણ ઉઠાવી ગયો. બીજી બાજુ વાગડમાં પણ લૂટફાટ વધી પડી. આ બધું કાબૂ કરવા ફતેહમામદની તજવીજો તો ચાલતી જ હતી, પણ પ્લૅગની ગાંઠ નીકળતાં ૫ ઑક્ટોબરે (૧૮૧૩) એનું અવસાન થયું, બીજે મહિને ૬ નવેમ્બરે ફકીરી જીવન ગાળતા રાયધણજીનું યે મૃત્યુ થયું. એની ઇચ્છા પ્રમાણે એમને દફનાવવાની તૈયારીઓ થતી હતી તેની વચ્ચેથી એમના શબને ઉઠાવી જઇને જગજીવન મહેતાની આગેવાનીમાં પાંચસો જેટલા ગરાસિયા અને અન્ય લોકોએ હિંદુ વિધિ પ્રમાણે એમનો અગ્નિસંસ્કાર કરી નાખીને કચ્છના રાજવંશની હિંદુપત જાળવી લીધી.

પણ હવે રાયધણજીના ઔરસ સંતાનના અભાવે કચ્છની ગાદી પર કોને બેસારવો એ પ્રશ્ન ઊભો થયો. ઈ. ૧૮૦૯ના તહનામા પ્રમાણે રાયધણજીના ભાઈ પૃથ્વીરાજ – ભાઈજીબાવાના ૧૧ વર્ષના પુત્ર લધુભાનો એ માટે હક્ક પહોંચતો હતો, પણ રાયધણજીને માનસંગજી નામે એક અનૌરસ પુત્ર હતો. એ પંદર વર્ષના માનસંગને કેસરબાઈ નામે એક બેન હતી, જેને ફતેહમામદના પુત્ર ઈબ્રાહીમ મીયાં જોડે મીઠો નાતો હતો. આ ઈબ્રાહીમ અને તેના ભાઈ હુસેને માનસંગનો દોર ખેંચ્યો, જાડેજા ભાયાતો આ બાબત લાપરવા રહ્યા, જ્યારે જગજીવન મહેતા સહિત કેટલાક હિંદુઓ લધુભાને ગાદીએ બેસારવા પેરવી કરવા લાગ્યા. આમાં લાગ સાધીને જમાદારના પુત્રોએ માનસંગજીને 'મહારાવ ભારમલજી' નામે ગાદીએ બેસારી દીધો.

બીજી બાજુ ફતેહમામદની ધાક જતાં જગજીવન મહેતાએ પોતાનો ડંખ યાદ કરી સહજાનંદ સ્વામીની હત્યા કરવા બે મારા મોકલ્યા પણ તેઓ સ્વામીના પ્રભાવથી અંજાઈ ગયા, એટલું જ નહિ, સ્વામીના સત્સંગી બની ગયા. આ ઘટનાથી લોકોમાં સહજાનંદની પ્રતિષ્ઠા વધી. જગજીવન મહેતાએ રાજકાજમાં પણ માથું મારવા પ્રપંચ કરવા માંડયા એટલે ઈબ્રાહીમ મીયાંએ ભુજની પંચહાટડીમાં તેનું ખૂન કરાવ્યું, તેના ભાઈ રામચંદ્રને પણ મરાવી નાખ્યો અને બીજા ભાઈ

મુરારકા ચૅરિટેબલ ટ્રસ્ટનું

ચરિત્ર-પારિતોષિક

એપ્રિલ માસ માટે

'શ્રીજી મહારાજ' માટે શ્રી રઘુવીર ચૌધરીને

તથા

'સહજાનંદ સ્વામી' માટે શ્રી પ્રફુલ્લ રાવળને

(બંનેને રૂ. ૫૦–૫૦)

મળે છે.

કુબેરજીએ સંન્યસ્ત લઈ જીવતા સમાધિ લીધી તથા મહેતા પરિવારની કેટલીક સ્ત્રીઓએ આત્મહત્યા કરી.

અશાંતિ અને બિનસલામતી, કાવતરાં અને ખૂનરેજી ઠેરઠેર સાધારણ થયાં હતાં. ભારમલજી અને લક્ષ્મીદાસ કામદારની હાજરીમાં જ ઈબ્રાહીમ મીયાંનું એક મારવાડી સિપાઇએ ખૂન કર્યું. લધુભા પણ મરાયા. ભાયાતો અને પ્રજાજનોએ કંપની સરકારને અરજ કરી. શાસનસુધારાની ખાતરી આપવાને બદલે ભારમલજીએ અંગ્રેજ વિરોધી અતિ ઉગ્ર વલણ દાખવ્યું અને પરિણામે અંગ્રેજોએ ચડાઈ કરી ભારમલજીને બ્રિટિશ લશ્કરના પહેરા તળે રાજકેદી તરીકે રાખ્યા. કંપની સરકાર અને કચ્છ રાજ્ય વચ્ચે નવું તહનામું થયું, કચ્છમાં રીજન્સી કાઉન્સિલ નિમાઈ અને સન ૧૮૧૯ની ૧૮ એપ્રિલે ભારમલજીના અઢી વર્ષના બાળક દેશળજી (બીજા)ને કચ્છની ગાદીએ બેસાડયો. બ્રિટિશ રેસિડેન્ટ ભુજમાં રહે એમ ઠર્યું. પ્રજાના ધર્મને સન્માનવા કચ્છમાં ક્યાંય ગાય, બળદ ને મોરની હત્યા ન કરવાનું પણ અંગ્રેજોએ કબૂલ્યું.

એ જ વર્ષે ૧૬ જૂને કચ્છની ધરતી તળે થએલા કોઈ અગમ્ય ફેરફારથી 'ભુજ-ભૂકંપ' તરીકે જાણીતો ભીષણ ધરતીકંપ થયો, જેના પરિણામે કચ્છની ઉત્તરે મોટા રણમાં પશ્ચિમ ભાગમાં આજે 'અલ્લાબંધ' નામે ઓળખાતી ધરતીની ધાર ઊપસી આવી. લખપતના કચ્છી પ્રદેશને ફળદ્રૂપ બનાવતું, સિંધુની કોરીનાળના મુખમાં જે થોડુંઘણું મીઠું પાણી આવતું તે પણ આથી સદાને માટે બંધ થઈ ગયું. ભુજમાં ગઢના થોડા ભાગ સાથે ૭૦૦૦ જેટલાં નાનાંમોટાં મકાનો પડી ગયાં તથા ૧૧૫૦ માણસો દટાઈ મર્યાં.

પણ પછી ધીરેધીરે સ્થિતિ થાળે પડતી દેખાવા લાગી. નવા યુગના સમાજસુધારાની અસર કચ્છમાં પણ આણવી જરૂરી હતી. સત્તાથી અંગ્રેજોને તેમાં જોઇએ તેટલી અનુકૂળતા મળતી નહોતી, પરંતુ સહજાનંદ સ્વામીએ તે સરળ બનાવી દીધું. પોતાના પ્રભાવક સદ્બોધથી એમણે અસામાજિક બળોને ધર્મ તરફ વાળવા માંડયાં હતાં. અરાજકતા અને દુરાવસ્થાથી ધર્મ અને સંસ્કારથી વિમુખ થઈ નિષ્ક્રિયતામાં હતઃપ્રભ થઈ સબડતા નીચલા થરના લોકસમાજને સંયમ અને ક્રિયાશીલતાની પ્રેરણા પાઇ નીતિનાશના માર્ગે જતો અટકાવીને ઉગાર્યો હતો. લાખા લાખિયારની પુત્રીઓને યોગ્ય મુરતિયા નહિ મળતાં તેઓ બળી મરી હતી, તેથી તેરમા સૈકાથી જાડેજાઓ ને તેમની અસર તળે કચ્છની કેટલીક જ્ઞાતિઓમાં પુત્રી જન્મે કે તુરત તેને 'દૂધપીતી' કરી દેવાના ગોઝારા ચાલ બંધ કરવા, કણબી ખેડૂતોને રંજાડ

બ્રહ્માંડના યાત્રીઓ

છોટુભાઈ સુથાર

અલકમલકના યાત્રિકોની વાત એ અવકાશના જ્યોતિઓની જ કથા છે. મોટા ભાગના લોકો અવકાશ એટલે પૃથ્વીની ચારે બાજુ વ્યાપી રહેલું અંતરીક્ષ એટલું જ સમજે છે. અવકાશના અનેક જ્યોતિઓની પેઠે આપણી પૃથ્વી પણ અવકાશમાં આવેલી છે એવો ખ્યાલ તેઓ ધરાવતા નથી.

આકાશમાં દેખાનારા જ્યોતિઓમાં સૂર્ય પ્રમુખ આકાશી પિંડ હોવાનું લાગે છે, પણ હકીકતમાં તે એક સામાન્ય તારો માત્ર છે. અવકાશસ્થિત નાના-મોટા અનેક તારાઓ પૈકીનો તે એક નાનો તારો છે. તારાઓની સામાન્ય ક્રિયા ઊગવા તેમ જ આથમવાની છે. પૃથ્વીના અક્ષભ્રમણને કારણે આમ થતું દેખાય છે. તારાઓની અન્ય એક ગતિ મંદાકિની વિશ્વમાંના ચકરાવાની છે. વિશ્વકેન્દ્રની આજુબાજુના પરિક્રમણને કારણે કેટલાક તારા આપણી તરફ આવતા જણાય છે તો કેટલાક તારા દૂરગમનની ગતિ દાખવે છે.

આ થઈ તારાઓની સામાન્ય ગતિની વાત.

આપણે સામાન્યો દ્વારા દાખવાતા અસામાન્ય તત્ત્વની વાત કરવી છે. આવી એક બાબત તારકસંઘની છે. સપ્તર્ષિ-મંડળમાં મુખ્ય સાત તારા છે. એ પૈકી પાંચ તારા સંઘતારકો છે જ્યારે અન્ય બે તેવા નથી. અવકાશમાં 'રોહિણી', 'સ્વસ્તિક' વગેરે તારકસંઘો આવેલા છે. સંઘ તારકોથી ઊલટા પ્રકારની ગતિવાળા – એકબીજાથી દૂર ભાગી જનારા – તારા પણ છે. મોટે ભાગે એ બધા યુવા તારા છે. એક જ સ્થળે જન્મેલા શિશુ તારા સમયના વહેવા સાથે એકબીજાથી દૂર સરકતા જાય છે.

યુવા તારાઓની આ અનન્યતા કયા બળને આભારી હશે એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. એમને અલગ કરનારું એ બળ મહાજ્યોતિ પરમ સ્ફોટકના પ્રઘાતી તરંગો દ્વારા અસ્તિત્વમાં આવતું દબાણ છે.

સૂર્યના હિસાબે હજારોગણું તેજ દાખવી, પોતાના અંતરાળમાંની ઊર્જાને, અનેક હજાર વર્ષોના આંતરે ઘણી વાર વિસ્ફોટ દ્વારા અવકાશમાં વિકિરિત કરનારા સ્ફોટક તારા તારાવિશ્વના વિશિષ્ટ સભ્યો છે. પરમ સ્ફોટક એમના હિસાબે અતિ વિશિષ્ટ યા અનન્ય તારા છે. સૂર્ય કરતાં વધુ દળ ધરાવતા પરમ સ્ફોટકો પોતાની જિંદગીમાં ફક્ત એક જ વારનો મહા ભારે વિસ્ફોટ કરે છે. અને ત્યારે કરોડો યા અબજ સૂર્ય જેટલું તેજ દાખવી તે સંપૂર્ણપણે તૂટી જાય છે. પરમ સ્ફોટકનું દ્રવ્ય ભારે વેગથી અવકાશમાં ધસે છે. આ દ્રવ્ય પ્રઘાતી તરંગયુક્ત હોય છે. અવકાશમાં ઘણે ઠેકાણે અનેક પ્રકાશવર્ષની લંબાઈ-પહોળાઈવાળાં વાયુવાદળો આવેલાં છે. એવા કોઈ વાદળની નજદીકમાં પરમ સ્ફોટકનો વિસ્ફોટ થતાં તેનું દ્રવ્ય તે વાદળના દ્રવ્યને ચારે બાજુથી ઘેરી લે છે. પરિણામે ઉક્ત દ્રવ્ય સંકોચાવા લાગે છે એટલું જ નહિ, પણ અનેક ખંડોમાં તે વિભક્ત પણ થઈ જાય છે. સંકોચાતા જતા આ વાયુખંડોમાંથી નવા તારાઓનો ઉદ્‌ગમ થાય છે. પરમ સ્ફોટકના મહાસ્ફોટ સમયે વધુ વજનદાર તત્ત્વો ઉત્પન્ન થાય છે અને તેમને આત્મસાત્ કરનારા યુવા તારા એકબીજાથી દૂર સરકતા રહે છે.

પણ આ થઈ અનન્યતા-દર્શક એકલ તારાની કથા, અવકાશના બધા તારા એકલ તારા નથી. કેટલાક યુગ્મ તારા છે. તો કેટલાક વળી ત્રણ, ચાર કે છ તારા મળીને બનેલા, પણ એકલ જેવા દેખાતા તારા છે. વિવિધ પ્રકારના આ બહુલ તારાઓમાં સૌથી મોટી સંખ્યા યુગ્મ તારાઓની છે. સામાન્ય ગુરુત્વ-કેન્દ્રની આસપાસ ફેરફૂદરડી ફરતા યુગ્મ તારા પૈકી કેટલાક તારા એકબીજાનું ગ્રહણ યા સંક્રમણ કરતા હોય છે. રૂપરંગની વિવિધ છટા દાખવતા અને વિશિષ્ટ પ્રકારે અવસ્થિત યુગ્મ તારાઓ પૈકી કેટલાક અકબીજાની ઘણા નજદીક આવેલા સામીપિક તારા હોય છે. અરસપરસનું દ્રવ્ય ખેંચવાની શક્તિ દાખવતા આ તારાઓને ચૂષક યા પાપ્તક તારા લેખીશું. સામીપિક તારાઓ પૈકી જે તારો મોટો હોય છે તે જલદી ઉત્ક્રાન્ત થાય છે. મતલબ કે એનું કદ વધવા માંડે છે. અને પછી એક સમયે તેનું દ્રવ્ય સાથીદાર નાના તારાની હદ સુધી પહોંચે છે. નાનો તારો ઉક્ત દ્રવ્યને પોતાના તરફ ખેંચી કદમાં તેમ જ દળમાં વધતો જાય છે. દ્રવ્ય ગુમાવનારો તારો સમય જતાં નાના કદનો શ્વેત વામન તારો બની જાય છે. અલબત્ત, એ સમય દરમિયાન નાનો તારો પણ ઉત્ક્રાન્ત થતો હોય છે. અને ત્યારે, કદમાં વિસ્તૃત બનેલા એ તારાનું દ્રવ્ય શ્વેત વામન તારા પર વરસવા

ન કરવા આદેશ આપ્યો હતો. દુકાળ, તીડ, મરકી ને ધરતીકંપ જેવી આફતોમાં લોકોના ઘેરઘેર પહોંચી એમણે સૌને હૈયાધારણ આપી હતી, એમના બોધથી નાંગિયારીના સાંધા મિયાણા જેવો ડાકુ પણ સન્માર્ગે વળ્યો હતો.

પણ આ બધું કાર્ય કંઈ સરળ નહોતું. અનેક વિતરાગીઓ સત્સંગી સાધુઓને સતત હેરાન પણ કરતા રહેતા. એની સામે સત્સંગીઓમાં શિસ્ત અને સમતા આણવા સહજાનંદે કેટલાક વ્યાવહારિક નિયમો સ્થાપ્યા હતા. જેમ કે દિવસ આથમ્યા પછી કોઈ હરિભક્ત એકલો બહાર ન નીકળે, કોઈ જગ્યા ધણિયાતી હોય તો તેના માલિકની સંમતિ વિના ત્યાં ન રહે વગેરે. પતિની પાછળ સતી થવા રૂપે પણ આત્મહત્યાને તેમણે અધર્મ ગણાવી. દેહ રૂપે ન જીવતાં આત્મા રૂપે જીવવાનો એમણે બોધપાઠ આપ્યો. પોતાના ભક્તની જેવી સમજ તેવી રીતે તેને એ બોધ આપતા. ટાબરિયાંથી માંડી ડોસાડગરા અને જ્ઞાની-અજ્ઞાની સૌ સાથે એ હેતથી સત્સંગ કરતા, ને એમના જેવા જ થઈને વર્તતા. અને આમ કરતાં બાળકની જેમ હરિભક્તો સાથે જળાશયમાં ધુબાકા મારવામાં, કાંબ વાળીને ઊભડક બેસવામાં, વાતચીતોમાં મજાક પણ કરી લેવામાં કે ગંગારામ જેઠી જ્યારેજ્યારે મળે ત્યારેત્યારે તેની સાથે કુસ્તીના દાવ ખેલી લેવામાં એમને સંકોચ નહોતો. કોઈ હરિભક્ત માંદો હોય તો જાતે જઈને એના ખબરઅંતર પૂછી પ્રેમથી હરિહેત કરાવે. હુતાશણીનો સમૈયો, ફૂલડોલ કે અન્નકૂટ જેવા ઉત્સવમાં સૌની સાથે આનંદથી ભળે. ગાવણું કરે ને ઝીલણીયાં પદ પણ બોલાવે. હરિભક્તને આવતો દેખે તો પોતે સામા જઈ ભેટીને હેતથી હુલાવે ને સ્વહસ્તે પીરસીને ભક્તોને જમાડીને રાજી થાય. જેવી જેની સમજ અને જેવી જેની રુચિ તે પ્રમાણે તેને જ્ઞાનસમજ આપે. એ હરિભક્તના દુઃખે દુઃખી ને સુખે સુખી હતા. ઉનાળામાં ઉઘાડા પગે જતા કોઈ હરિભક્તના પગ દાઝતા જુએ તો તેની સાથે પોતે પણ ઉઘાડા પગે ચાલવા લાગે. ભુજમાં એક દરજીએ ભાવથી એમને ભેટ આપેલા અંગરખાના ઉભડક ટેભા જોઈ કોઈ સાધુએ ટકોર કરી તો તુરત તેને વારીને એમને કહેલું, 'આ કંઈ સીવ્યાના ટેભા નથી, આ તો ધર્મહેતના ટેભા છે, જે મને ગમે.' એમના આગવા વ્યક્તિત્વનો પરિચય આપતા આવા નાનાનાના પ્રસંગોને સત્સંગીઓ 'લીલા' કહે છે, અને સંપ્રદાયના સાહિત્યમાં એ ઠેરઠેર વાંચવા મળે છે.

આમ, જનસમાજને સન્માર્ગે વાળવા ને કેળવવા સત્તાથી અંગ્રેજોને જ્યાં મુશ્કેલી પડતી ત્યાં સહજાનંદ સ્વામીએ પોતાના પ્રેમાળ

લાગે છે. દ્રવ્ય વરસાવતો ઉક્ત તારો ઉત્ક્રાન્તિનાં સોપાન સર કરતો જઈ, અંતે, અત્યંત નિસ્તેજ બની કાળા તારાની સ્થિતિ પ્રાપ્ત કરે છે.

એકબીજાનું દ્રવ્ય પ્રાપ્ત કરનારા યા કહો કે ગુરુત્વબળે દ્રવ્ય ચૂસનારા સામીચિક યુગ્મ તારાઓ ઉપરાંત અવકાશમાં તેવી ક્રિયા દાખવનારા જ્યોતિઓમાં સઘન તારાગુચ્છ, શ્યામ ગર્ત (Black Hole) અને ચૂષક તારાવિશ્વ મુખ્ય છે. સઘન તારા ગુચ્છમાં અનેક હજારથી માંડી લાખ જેટલા તારા હોય છે. વળી ગુચ્છના અર્ધા ભાગના તારા દળ તેમ જ કદમાં સૂર્ય કરતાં પણ મોટા હોય છે. એ પૈકી જે તારા ગુચ્છના કેન્દ્ર ભાગે હોય છે તે તેમની આજુબાજુના તારાઓનું દ્રવ્ય શોષી વધુ દ્રવ્યશાળી બને છે.

અવકાશમાં અનેક તારાવિશ્વો આવેલાં છે. તારાઓની પેઠે તારાવિશ્વો પૈકીનાં ઘણાં બે-ચારથી માંડી ક્યારેક હજારની સંખ્યામાં જૂથ રચતાં હોય છે. આવાં જૂથમાં જે તારાવિશ્વ મોટું હોય છે તે તેની સમીપના તારાવિશ્વનું દ્રવ્ય શોષી કદમાં તેમ જ દળમાં મોટું બનતું જાય છે. અલબત્ત, એ રીતે ઘણું મોટું બનેલું તારાવિશ્વ આંતરિક રીતે પોતાનું સંતુલન જાળવી શકતું નથી. એમ થતાં, તે પોતાના દ્રવ્યનો કેટલોક ભાગ અવકાશમાં ઉસેટી દે છે. આશ્ચર્યની વાત એ છે કે ઉત્ક્ષિપ્ત દ્રવ્ય પણ તારાવિશ્વનું રૂપ પામી પોતાનું અલગ અસ્તિત્વ દાખવે છે.

દ્રવ્ય શોષી લેનારો પણ તેનો ઉત્ક્ષેપ ન કરનારો શ્યામગર્ત આકાશી પિંડોમાં અનન્ય છે. શ્યામગર્તનું દળ સૂર્યદળ કરતાં ત્રણ ગણું યા તેથી વધારે હોય છે, પણ એનું કદ આપણી પૃથ્વીના કદ કરતાં પણ ઘણુંઘણું નાનું—માંડ પાંચેક કિલોમીટરના વ્યાસવાળું હોય છે. શ્યામગર્તનું ગુરુત્વબળ અતિ પ્રબળ છે. એની સમીપ પહોંચતા દ્રવ્યને એ પોતાના તરફ ખેંચી એવી રીતે સમાવી લે છે કે ઉક્ત દ્રવ્ય એના બધા જ ગુણધર્મોરહિત બનવા સાથે અત્યંત સૂક્ષ્મ રૂપવાળું બની શ્યામગર્તમાં વિલીન થઈ જાય છે. શ્યામગર્તનું ગુરુત્વબળ કેવું ઉત્કટ છે તેનો ખયાલ, શ્યામગર્તના અંતરાળમાં પ્રકટતો પ્રકાશ શ્યામગર્તને છોડીને અવકાશમાં જઈ શકતો નથી એ હકીકત પરથી આવશે. શ્યામગર્તને શક્તિશાળી દૂરબીનો દ્વારા પણ જોવો અશક્ય છે. તેજ યા ઊર્જાનું કશું જ વિકિરણ ન કરનારા શ્યામગર્તનું અસ્તિત્વ એનામાં જઈ પડનારા દ્રવ્ય દ્વારા ઇંગિત થતા ક્ષ-કિરણના આધારે જાણી શકાય છે.

અવકાશમાં દ્રવ્ય ચૂસનારા શ્યામગર્તો જેમ ઉપસ્થિત છે તેમ ઊર્જા (અને તે દ્વારા દ્રવ્ય)નો ઉત્ક્ષેપ કરનારા ક્વેસાર પણ આવેલા છે. ક્વેસાર (Quasar) અતિ વિલક્ષણ અવકાશી પદાર્થો છે. બ્રહ્માંડના સીમાડે બેઠેલા અને તારા જેવું રૂપ દાખવતા ક્વેસાર સામાન્ય તારાવિશ્વ કરતાં પણ અનેકગણો ઊર્જાનિક્ષેપ કરતા જણાયા છે. તારાવિશ્વની તુલનામાં ક્વેસાર ક્ષુદ્ર જ્યોતિ છે. આમ છતાં એ શી રીતે ઊર્જાનો પ્રચંડ ધોધ વહાવે છે એ સમસ્યા હજી અણઊકલી રહી છે. પંડિતો એમ માનવા પ્રેરાયા છે કે ક્વેસાર વાસ્તવમાં શ્વેતગર્ત છે અને તે શ્યામગર્તે ઓહિયાં કરેલા દ્રવ્યને અવકાશમાં નિષ્કાષિત કરનારું શ્યામગર્તનું અનન્ય મુખ છે.

ક્વેસાર જેવા નાના જ્યોતિને કુદરતે બક્ષેલી ઉક્ત દેનને કઈ રીતે વિજ્ઞાનના સાંપ્રત નિયમો દ્વારા સમજાવવી એ પણ મુશ્કેલ કાર્ય છે.

અવકાશમાં વિરાટ તારાઓના હિસાબે વામન તારાઓની સંખ્યા ઘણી મોટી છે. એ સામાન્યોમાં કશું અસામાન્યત્વ હશે ખરું ?

વામન તારાઓ ઇન્ફ્રારેડ કિરણોનો ઉત્સર્ગ કરે છે. આપણી આંખો કેવળ શ્વેત પ્રકાશને જોવા-સમજવા ટેવાએલી હોવાને કારણે આ વામનોની અનન્યતાને પકડી શકી નહોતી પણ હવે એ ચિત્ર પલટાવા લાગ્યું છે. કેટલાક વામનોએ પોતે વામન છે પણ અવકાશી જ્યોતિના રૂપમાં નાચીઝ નથી એમ હવે દર્શાવવા માંડ્યું છે.

આપણો સૂર્ય વામન તારો છે. એના પર ઉત્પન્ન થતાં દોલાર્ચિ (Flare) અને કિરીટીય વિવરે (Coronal Hole) દર્શાવ્યું છે કે વામન પણ અનન્યતા દાખવી શકે છે. મોટું ગ્રહમંડળ અને ધૂમકેતુનો વિશાળ જથ્થો ધરાવનાર સૂર્ય અન્ય તારાઓથી અલગ પડે છે. એ રીતે એને અનન્ય કહેવો રહ્યો.

પૃથ્વી પર જીવસૃષ્ટિ છે એ દૃષ્ટિએ એ અનન્ય ગણાય કે નહિ ? એ જીવસૃષ્ટિનું ઉત્તમ સર્જન મનુષ્ય સૂર્યની પરિક્રમા કરતી પૃથ્વી પર બેસી અવકાશના જ્યોતિઓનાં લેખાંજોખાં કરે છે. એ દૃષ્ટિએ એને પણ અવકાશનો અનન્ય યાત્રિક કહેવામાં કોઈને કશું અયોગ્ય લાગવા જેવું છે ખરું ? □


[ગુજરાત ગણિતમંડળના વાર્ષિક અધિવેશનમાં આપેલું વ્યાખ્યાન ટૂંકાવીને.]

પ્રભાવ અને સદ્બોધથી એ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા માંડ્યું હતું. આની કદર રૂપે મુંબઈના ગવર્નર જૉહ્ન માલ્કમ અને રાજકોટના પોલિટિકલ ઍજન્ટ બ્લૅન્ડ તરફથી ઈ. ૧૮૩૦માં રાજકોટમાં સંખ્યાબંધ હરિભક્તો ને સાધુ-શિષ્યોની હાજરીમાં સહજાનંદ સ્વામીની જાહેર સત્કારપૂજા કરવામાં આવી હતી. વળી, એ જ વર્ષે કચ્છમાં ૧૫ વર્ષના રાવ દેશળજીનાં લગ્ન થયાં ત્યારે ગવર્નર માલ્કમ કચ્છ આવેલા એ વેળા પણ ત્યાં સત્સંગનો સન્માનસ્વીકાર થયો હતો.

ઈ. ૧૮૦૪માં ભરયુવાન વયે સહજાનંદ પહેલી વાર કચ્છ આવ્યા ત્યારથી ૧૮૧૨ સુધી કચ્છમાં એમની સતત આવનજાવન રહેલી. એ પછી એમની ધર્મયાત્રા સૌરાષ્ટ્ર ગુજરાતમાં વધતી ગઈ. ત્યાં પણ એમણે સંપ્રદાયનો પ્રભાવ વિસ્તાર્યો અને અનેક કોમને ધર્મ પ્રતિ વાળી. સત્સંગ ને સંપ્રદાયનું માહાત્મ્ય પ્રસારવા એમણે પાંચસો જેટલા સાધુઓને જુદેજુદે સ્થળે મોકલ્યા હતા.

સંવત ૧૮૭૯ની વૈશાખ સુદ પાંચમે (સન ૧૮૨૩) ભુજના સ્વામિનારાયણ મંદિરમાં સહજાનંદે સ્વહસ્તે નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી હતી. એ પ્રસંગે જ્યારે તેઓ આવ્યા ત્યારે કચ્છ રાજ્ય તરફથી સવારી કાઢીને વાજતેગાજતે એમનું સ્વાગત કર્યું હતું.

વિદ્યાભ્યાસ અંગે તેઓ આગ્રહી હતા. એ કહેતા : '... સાહિત્યવિદ્યાનો અભ્યાસ ઘણો રાખવો, તેમાં અમારો રાજીપો છે. કેમ જે સાહિત્યવિદ્યા છે એ જીવને જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિ ઉત્પન્ન કરનારી છે. જ્ઞાન દૃષ્ટિ આપનારી સર્વ સાહિત્યવિદ્યા સર્વએ ભણવી !' અને સહજાનંદે સ્વયં તથા સંપ્રદાયના અન્ય સ્વામીઓએ એ કાળનો સામાન્યજન પણ સમજી શકે તેટલી સરળતાથી પર્યાપ્ત સાહિત્ય સર્જ્યું છે. જેને અપનાવી-અનુસરીને સ્વામિનારાયણ સંપ્રદાયે જે પ્રગતિ ને પ્રભાવ વિકસાવ્યાં છે તે તાજેતરમાં જ ઉજવાએલા એમના જન્મની દ્વિશતાબ્દીના મહોત્સવોમાં પ્રત્યક્ષ થયાં છે. અલબત્ત, આ સંપ્રદાયમાં પણ કેટલાક ફિરકા વિકસ્યા છે, જે દરેક પોતપોતાની સૂઝ-સમજ અને સંપત્તિ પ્રમાણે પોતપોતાની રીતે કામ કરે છે. એમનામાં કેટલાક મતમતાંતરો પ્રકટ્યા છતાં પોતાના વર્તુળમાં એ દરેકનો પૂરતો પ્રભાવ છે અને તે ઉત્તરોત્તર વિકસતો જાય છે. એક કાળે લગભગ નિર્વીર્ય ને હતાશ બની જઈ મૂગે મોંએ કચડાતી જનજાતિઓમાં આ સંપ્રદાયે જે ઐક્ય આત્મશ્રદ્ધા અને ધાર્મિક શિસ્ત પ્રકટાવી તેના થકી આજે એમની આત્મશ્રદ્ધા અને સંઘબળ અનેક મોટાં સાહસો કરવા જેટલી શક્તિશાળી બની રહી છે. □



કલાવાર્તા

△ અઢી સદી પૂર્વેની અંગ્રેજી દશ્યચિત્ર કળાનું એક સુંદર ઉદાહરણ. ચિત્રકાર: ટૉમસ સ્મિથ. નીચે: ચીની રેખાંકનનું એક દૃષ્ટાંત. તેમાં કેવળ રેખાના વળાંકાઓથી જ ઊંડાણ સાધવાનો પ્રયાસ છે, પણ તેની સાથે ખડકની લાક્ષણિકતા પણ પ્રકટ થાય છે. ▽

ચિત્રફલકનાં બે પરિમાણ: લંબાઇ અને પહોળાઇ. તેમાં ઊંડાણનો-દૂરત્વનો આભાસ ઉમેરવો એ ચિત્રકારનો એક મુખ્ય હેતુ. એ બરાબર સિદ્ધ થાય તો કલ્પિત કૃતિ પણ અસલ દશ્યની તાદશતા ઊભી કરે. સપાટ ચિત્રપટ ઉપરનું આલેખન રેખા, છાયા અને પ્રકાશની મદદથી ત્રીજું પરિમાણ પામીને ઊંડાણ ભર્યું બની રહે. આવા પરિમાણવાળી માયાસૃષ્ટિ એટલે જ ચિત્ર.

નિપુણ ચિત્રકાર રેખા-વિન્યાસની કુશળતાથી અને છાયા-પ્રકાશનો મેળ સાધીને ચિત્રવસ્તુની લાક્ષણિકતાઓનો આબેહૂબ આભાસ આપે છે. દશ્યચિત્રમાં આ ઘનમાનનો આભાસ વિશેષ જરૂરી છે. આવી વિસ્તૃતિ આપવાના અનેક ઉપાયો અને પદ્ધતિઓ છે. એમાં એક તો એ કે દૂરની વસ્તુને નાની કરી બતાવવી અથવા બીજી રીત તે તેને અસ્પષ્ટ-આછી ચીતરીને દૂરત્વનો આભાસ આપવો.

પશ્ચિમી ચિત્રકળામાં દશ્યચિત્રકળાનો આગવો વિકાસ થયો છે. પરંતુ બહુધા તેમાં કુદરતનાં સુંદર દશ્યોને ચિત્રપટ પર ઉતારવાનો ઉદ્દેશ રહ્યો છે. વળી, પશ્ચિમી ચિત્રપદ્ધતિઓમાં સાધારણ રીતે પ્રકાશ ને છાયાની મદદ વડે ચિત્રવસ્તુને ઘનત્વ આપીને ઉઠાવ લાવવાની રીત વિશેષ જોવા મળે છે. એટલે તેમાં ચિત્રાલેખનના એક અંગ તરીકે છાયા અને પ્રકાશનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. જ્યારે ચીન જાપાન અને ભારત વગેરે પૂર્વના દેશોમાં ચિત્રોમાં વાસ્તવિકતા દર્શાવવા છાયા-પ્રકાશનો કોઇ પ્રયત્ન હોતો નથી. વાસ્તવિકતા બતાવતી માયા વડે ચિત્રનું ચિત્રત્વ બગાડવું ન જોઇએ તેમ પૂર્વના કલાકારોનું માનવું છે. વળી, છાયાપ્રકાશને ચિત્રમાં આલેખવાથી ચિત્રની રેખાઓ ઢંકાઈ જાય છે. મતલબ કે એનાથી રેખાના ખરા રસનો આસ્વાદ અને ગુણ ઢંકાઈ જાય છે. ટૂંકમાં, પશ્ચિમનાં ચિત્રોમાં પ્રકાશછાયાનું અને પૂર્વનાં ચિત્રોમાં રેખાનું પ્રાધાન્ય હોય છે. આથી જ પશ્ચિમનાં દશ્યચિત્રો વાસ્તવિકતાની નકલ જેવાં લાગે છે, જ્યારે પૂર્વનાં ચિત્રોમાં ચિત્રવસ્તુની – દશ્યચિત્રોમાં પ્રકૃતિની લાક્ષણિકતા પ્રકટ થતી લાગે છે. પૂર્વની ચિત્રકળામાં રેખાનું (અનુ. પૃ. ૧૩૬)



સાહિત્યસંપર્ક

અભિનંદનીય અનુવાદ

ધીરુ પરીખ

વિશ્વના ધર્મસાહિત્યમાં શ્રીમદ્ ભગવદ્-ગીતાનો અતિશય મહિમા થયેલો છે તેમ ખ્રિસ્તી ધર્મના શ્રદ્ધેય ધર્મગ્રંથ બાઇબલનો પણ એટલો જ મહિમા થયેલો છે. જગતની ઘણીખરી ભાષાઓમાં એના અનુવાદો થયા છે. ગુજરાતીમાં પણ બાઇબલના આંશિક અનુવાદો થયા છે, પરન્તુ તાજેતરમાં જૂનો અને નવો કરાર બન્નેનો પ્રથમ વાર જ સુભગ અને શિષ્ટ અનુવાદ ગુજરાતીમાં પ્રકટ થયો છે તે આનંદદાયક ઘટના છે, ધર્મનિરપેક્ષ રીતે પણ એ આનંદદાયક ઘટના છે. બાઇબલનું ગદ્ય એની સચોટતા–સરળતા માટે તથા શૈલી એની ઉદાત્તતા માટે પંકાયેલા છે. એનો સારો એવો આસ્વાદ આ અનુવાદમાંથી મળી શકે તેમ છે.

અંગ્રેજી પરથી કરવામાં આવેલો આ અનુવાદ બાઇબલની મૂળ હિબ્રૂ ભાષા સાથે પણ સરખાવીને તૈયાર થયેલો છે, એટલે એની અધિકૃતતામાં ઉમેરો થયો છે. નગીનદાસ પારેખ જેવા અનુભવી અનુવાદક અને હિબ્રૂ ભાષા તેમ જ ઈશુધર્મના જ્ઞાતા ફાધર ક્વેલીની જુગલ જોડીનો આ પુસ્તકને મળેલો સહયોગ એની સફળતાનું રહસ્ય છે. આ ઉપરાંત 'યોબનો ગ્રંથ'નો નિરંજન ભગત, 'સર્વોત્તમ ગીત'નો ચંદ્રકાન્ત શેઠ અને 'સ્તોત્રસંહિતા'નો યોસેફ મૅકવાન દ્વારા થયેલો અનુવાદ આ ગ્રંથના ભાષાંતરમાં સાંપડેલો સદ્-સહકાર છે. નિરંજન ભગતનો અનુવાદ પ્રવાહી ગદ્યમાં છે, ચંદ્રકાન્ત શેઠ તથા યોસેફ મૅકવાનના અનુવાદો સમુચિત પદ્યમાં છે.

ઈ. સ. પૂ. ૧૦મી સદીથી ઈ. સ.ની પહેલી સદી સુધીમાં ઇઝરાયલના જ્ઞાત–અજ્ઞાત લેખકો દ્વારા લખાયેલાં નાનાંમોટાં લખાણો તેમ જ ગ્રંથોનો સંચય એટલે બાઇબલ. ઈસુના પ્રાકટ્ય પૂર્વેની ગ્રંથસંહિતા એટલે 'જૂનો કરાર' અને તેમના પ્રાકટ્ય પછીની ગ્રંથસંહિતા એટલે 'નવો કરાર'. પ્રથમ વિભાગ એટલે કે જૂના કરારમાં ઈસુ પૂર્વે મનુષ્ય અને ઈશ્વર વચ્ચે ઇઝરાયલમાં સિનાઈ પર્વત પર થયેલો કરાર છે. એમાં જ્ઞાન કરતાં ભક્તિને પ્રાધાન્ય છે. ઈસુ દ્વારા મનુષ્ય અને ઈશ્વર વચ્ચે જે સંબંધ સ્થપાયો તે નવો કરાર. જૂનો કરાર નવા કરાર કરતાં ચારેક ગણો મોટો છે.

આ ગ્રંથ ઇસુપંથીઓનો પરમ પવિત્ર ધર્મગ્રંથ છે. અહીં ધર્મને એના સામાજિક, આધ્યાત્મિક, નૈતિક અર્થમાં પ્રબોધવામાં આવ્યો છે. મહદંશે એમાં મનુષ્ય માટેની એક ઉમદા આચારસંહિતા રહેલી હોઈ, વિશ્વભરમાં આ ગ્રંથ સન્માનાયો છે. ધર્મનિરપેક્ષ રીતે માનવધર્મના ગ્રંથ તરીકે પણ આ ગ્રંથ ગરવો છે. એની સાહિત્યિક મૂલ્યવત્તા તો અનેકોએ પિછાણી જ છે. આ બધું એકસાથે સરળ, સ્પષ્ટ અને સુભગ ભાષાશૈલીમાં આ અનુવાદમાં ઊતરી આવ્યું હોઈ આ અનુવાદનું પ્રકાશન ખૂબ આવકાર્ય અને અભિનંદનીય છે. એમાં રજૂ થયેલાં રેખાંકનો એની આસ્વાદ્યતામાં ઉમેરો કરે તેવાં છે. સુઘડ છપાઈ, સારા કાગળ અને સરસ બાઇન્ડિંગ પણ પ્રશંસનીય છે.

* 'સંપૂર્ણ બાઇબલ' : અનુ. નગીનદાસ પારેખ, ઈસુદાસ ક્વેલી; પ્રકા૦ ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ, ૩૮૮ ૦૦૧; પાકું પૂઠું, પૃ. ૧૬૧૦, રૂ. ૫૦.

આવકાર

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ–૧૪

મધુપ્રમેહ અને તેના ઉપચાર : લે. ચંદુલાલ કાશીરામ દવે. પૃ. ૯૭, કાચું પૂઠું, રૂ. ૫.

કેદારનાથ – જીવનનાં કેટલાંક સંસ્મરણો : અનુ. ગોકુળભાઈ દી. ભટ્ટ. પૃ. ૧૪૧, કાચું પૂઠું, રૂ. ૧૨.

અબ્રાહમ લિંકન : લે. મણિભાઈ ભ. દેસાઈ. પૃ. ૬૧૧, પાકું પૂઠું, રૂ. ૩૦.

ગાંધીજીનો અક્ષરદેહ : પુ. ૫૫–પૃ. ૪૮૦, પુ. ૫૬–પૃ. ૫૬૮, પુ. ૫૭–પૃ. ૫૪૮, પુ. ૫૯–પૃ. ૪૬૦, પુ. ૬૦–પૃ. ૪૯૪, પુ. ૬૧–પૃ. ૪૮૭, દરેક પાકું પૂઠું, દરેકની કિં. રૂ. ૨૦.

આર. આર. શેઠની કંપની

મુંબઈ–૨ · અમદાવાદ–૧

દેશાંતર : લે. અનીલા દલાલ. પૃ. ૧૯૦, પાકું પૂઠું, રૂ. ૧૬.

કેન્દ્ર અને પરીઘ : લે. યશવંત શુક્લ. પૃ. ૨૮૪, પાકું પૂઠું, રૂ. ૨૪.

રચના અને સંરચના : લે. હરિવલ્લભ ભાયાણી. પૃ. ૧૭૬, પાકું પૂઠું, રૂ. ૧૫.

નંદ સામવેદી : લે. ચન્દ્રકાન્ત શેઠ. પૃ. ૧૯૦, પાકું પૂઠું, રૂ. ૧૬.

ગાંઠ છૂટયાની વેળા : લે. વર્ષા અડાલજા. પૃ. ૨૯૨, પાકું પૂઠું, રૂ. ૨૫.

આકળભીનાં પારિજાત : લે. ગુણવંત શાહ. પૃ. ૧૫૨, કાચું પૂઠું, રૂ. ૧૨–૫૦.

રંકનું આયોજન : લે. વાડીલાલ ડગલી. પૃ. ૨૮૪, પાકું પૂઠું, રૂ. ૨૨–૫૦.

ગંગા વહે છે આપની (એકાંકી) : લે. શિવકુમાર જોષી. પૃ. ૨૭૧, પાકું, રૂ. ૨૨–૫૦.

નથી હું નારાયણી (પુનર્મુદ્રણ) : લે. શિવકુમાર જોષી. પૃ. ૨૨૩, પાકું, રૂ. ૧૮.

સમયદ્વીપ (પુનર્મુદ્રણ) : લે. ભગવતીકુમાર શર્મા. પૃ. ૧૩૧, કાચું પૂઠું, રૂ. ૯.

બંધન અને મુક્તિ (પુનર્મુદ્રણ–સંક્ષિપ્ત) : લે. દર્શક. પૃ. ૧૩૨, કાચું, રૂ. ૧૦.

મન, મોતી અને કાચ (પુનર્મુદ્રણ) : લે. વિઠ્ઠલ પંડયા. પૃ. ૪૧૬, પાકું પૂઠું, રૂ. ૩૧.

ગ્રામલક્ષ્મી (પુનર્મુદ્રણ) : લે. ર. વ. દેસાઈ. પૃ. ૩૭૬, પાકું પૂઠું, રૂ. ૩૦.

સૂનાં મંદિર (પુનર્મુદ્રણ) : અનુ. ગોપાળરાવ વિદ્વાંસ. પૃ. ૩૧૧, પાકું પૂઠું, રૂ. ૨૫.

ચકલીનો માળો (પુનર્મુદ્રણ) : અનુ. ઉપર મુજબ. પૃ. ૨૬૨, પાકું, રૂ. ૨૧–૨૫.

પારિજાતક (પુનર્મુદ્રણ) : અનુ. ઉપર મુજબ. પૃ. ૨૮૦, પાકું પૂઠું, રૂ. ૨૨–૫૦.

મધરાત (પુનર્મુદ્રણ) : અનુ. ઉપર મુજબ. પૃ. ૨૦૩, પાકું પૂઠું, રૂ. ૧૬–૫૦.

સ્વપ્નસૃષ્ટિ (પુનર્મુદ્રણ) : અનુ. ઉપર મુજબ. પૃ. ૨૪૩, પાકું પૂઠું, રૂ. ૨૦.

છાયાપ્રકાશ (પુનર્મુદ્રણ) : અનુ. ઉપર મુજબ. પૃ. ૩૫૨, પાકું પૂઠું, રૂ. ૨૮.

પૂજ્ય શ્રી મોટાની દાંપત્ય-ભાવના : લે. રમેશ ભટ્ટ. પૃ. ૧૫૪, પાકું પૂઠું, રૂ. ૨૦.

લોકપ્રિય પ્રકાશન · મુંબઈ–૨

આથમતાં અંધારાં : લે. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ. પૃ. ૩૬૭, પાકું પૂઠું, રૂ. ૨૯–૫૦.

આસોપાલવ : લે. વિનેશ અંતાણી. પૃ. ૧૯૬, પાકું પૂઠું, રૂ. ૧૬–૨૫.

પરિચય ટ્રસ્ટ · મુંબઈ ૪૦૦ ૦૨૨

પંડિત સુખલાલજી (પ. પુ. ૫૨૫) : લે. વાડીલાલ ડગલી. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

આસામની સમસ્યા (પ. પુ. ૫૨૬) : લે. કુમાર પ્રશાન્ત. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

ભારત આંકડામાં (પ. પુ. ૫૨૭) : વાડીલાલ ડગલી. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.


ટ્રોટ્સ્કી (પ. પુ. ૫૨૮) : લે. હેક્ટર અભયવર્ધન. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

સંસદીય અને પ્રમુખશાહી પદ્ધતિ (પ. પુ. ૫૩૧) : લે. નગીનદાસ સંઘવી. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

આપણાં વૃક્ષો (પ. પુ. ૫૩૨) : લે. સુભાષ સંપટ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

શતરંજના કોયડા . . . . સુરેશ મોદી

A. J. Fink



સફેદે રમવાનું અને બે ચાલમાં મહાત કરવાનું

ગયા અંકમાં વાચકો હવે પછી કેવી લેખમાળા પસંદ કરશે એ બાબત અભિપ્રાય માગ્યો છે. તે મળતાં સુધીમાં બે-ત્રણ અંકમાં બે ચાલવાળા કોયડા આપવા વિચાર્યું છે. તે પ્રમાણે આ વખતે A. J. Finkનો રચેલો એક સુંદર કોયડો જોઇએ :

ચાવીની ચાલ : 1 Q-Q2 (waiting move) ધમકી : નથી

કાળા પાસે હવે ફક્ત ઘોડાની ચાલ છે. તેની સફેદ કેમ મહાત કરે છે તે જોઇએ.

વિકલ્પો :

1—,N-B6cb;2B×N Dis.ch.&mate
1—,N-K6cb;2B×NDis.ch.&mate
1—, N×QN; 2 Q×N mate
1—, N×KN; 2 Q×N mate
1—,N-N3;2 B×NDis.ch.&mate
1—,N-B3;2B×NDis. ch. & mate
1—,N-B2;2B-B5Dbl. ch. &mate
1—,N-K2;2B-K5Dbl.ch.&matc

કોયડો Symmetrical હોવાથી તેનો ઉકેલ સરળ બને છે. છતાં તેમાં રચાતા મહાત આકર્ષક છે. કાળા ઘોડાની આઠેય ચાલ વિકલ્પોમાં આવી જાય છે તેથી સુંદર અને સંપૂર્ણ **Black Knight Wheel** રચાય છે. છેલ્લા બે વિકલ્પોમાં કાળો ઘોડો પોતાના રાજાના **Flight Sqare** પર જાય છે **(Self-Block)** તેથી ઊંટ-હાથીનો તે ખાના પરનો કાબૂ આડે આવવા છતાં મહાત થાય છે. □

[કોયડાસ્પર્ધાના વિજેતાઓએ પોતાનાં સરનામાં 'કુમાર'ને મોકલવા વિનંતિ]

ગુજરાતી ફિલ્મોના પાંચ દાયકા (પ. પુ. ૫૩૩): લે. વિઠ્ઠલ પંડયા. પૃ. ૩૨, કાચું, રૂ. ૧.

બેલેન્સશીટ કેમ વાંચવું ? (પ. પુ. ૫૩૪) લે. એન. હરિહરન. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

લોકમિલાપ ટ્રસ્ટ - સરદારનગર - ભાવનગર

મેઘાણી કિશોરકથાઓ ભાગ ૧ થી ૪ : લે. ઝવેરચંદ મેઘાણી. સેટના રૂ. ૨.

કાવ્યકોડિયાં ૧ થી ૧૦ : (સંપાદકીય) સેટના રૂ. ૧૫.

મુગ્ધાવસ્થાના ઉંબરે : લે. પ્રેમળ જ્યોતિ. પૃ. ૧૬, કાચું પૂઠું, રૂ. ૦-૫૦.

મેઘાણીની સંસારકથાઓ ૧ થી ૫ : લે. ઝવેરચંદ મેઘાણી. સેટના રૂ. ૫.

ભાઈ, દીકરો ને પાડોશી : લે. શંભુપ્રસાદ દેસાઈ. પૃ. ૪૦, કાચું પૂઠું, રૂ. ૧.

ટાગોરની બે નવલકથાઓ, ટાગોરના ચરિત્રલેખો, ટાગોરનાં કાવ્યો, ટાગોરનાં નાટકો, ટાગોરના નિબંધો-પત્રો, ટાગોરની વારતાઓ (૬ પુસ્તકો) : અનુ. નગીનદાસ પારેખ. દરેક કાચું પૂઠું, સેટના રૂ. ૬૦.

અન્ય પ્રકાશકોનાં

તારા સુખને વિખેરી નાખ : લે. પ્રિયદર્શન. પ્ર૦ વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, સંઘવીપોળ, મહેસાણા. પૃ. ૨૯૮, કાચું, રૂ. ૧૦.

હું જ ખોવાઈ ગયો છું : લે. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૧૮૨, કાચું પૂઠું, રૂ. ૮.

જીવનરહસ્ય : અનુ. જમુભાઈ દાણી, પ્ર૦ દિવ્યપ્રજ્ઞા પ્રકાશન ટ્રસ્ટ, વડોદરા-૫, પૃ. ૩૮, કાચું પૂઠું.

ભારતસમાજ્ય નિત્યપૂજાવિધાનમ્ : ડૉ. અરુણોદય ન. જાની. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૪૮, કાચું પૂઠું,

શિક્ષણની સેવાભાવના : અનુ. જમુભાઈ દાણી. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૬૫, કાચું પૂઠું.

કસ્તૂરી મૃગ આપણે સૌ : લે. દોલતભાઈ દેસાઈ. પ્ર૦ સુન્દરમ્ પબ્લિકેશન્સ, બાબુરાવ પારુલેકર માર્ગ, મુંબઈ-૨૮, પૃ. ૧૪૪, કાચું પૂઠું, રૂ. ૧૦.

દયારામ-રસધારા-૯ : સંપાદકો - કે. કા. શાસ્ત્રી, જીવનલાલ છ. જોશી. ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ-૭, પૃ. ૧૩૫, કાચું, રૂ. ૬.

ગીતાઈ (સમશ્લોકી) : લે. ગોકુળભાઈ ભટ્ટ. પ્ર૦ રણજિત દેસાઈ, પરમધામ પ્રકાશન, પવનાર (વર્ધા). પૃ. ૧૨૭, કાચું, રૂ. ૧.

પશુપ્રાણી પ્રેમમૈત્રી જીવદયા : લે. ડૉ. મહેન્દ્રકુમાર મો. દેસાઈ. પ્ર૦ વડોદરા પ્રાણી કલ્યાણ કેન્દ્ર, વડોદરા-૫. પૃ. ૪૦, કાચું પૂઠું.

ગંગતરંગ : લે. જગદીશ કુ. ઠાકર. પ્ર૦ જયશ્રી જગદીશચંદ્ર ઠાકર, ગાયત્રીસદન, ધોળી કુઇયું, આણંદ, પૃ. ૮૦, કાચું, રૂ. ૫.

અક્ષરલોકની યાત્રા : સં. જયેન્દ્ર ત્રિવેદી અને ગંભીરસિંહ ગોહિલ. પ્ર૦ પ્રા. તખ્તસિંહજી પરમાર. સંમાન સમારોહનિધિ, ભાવનગર, પૃ. ૪૬૧, પાકું પૂઠું, રૂ. ૪૮.

દાના ભગત : લે. ઝવેરચંદ મેઘાણી. પ્ર૦ પ્રસાર, આતાભાઈ એવેન્યુ, ભાવનગર-૨, પૃ. ૬૩, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

શ્રીમદ્ ભગવદ્ગીતા : પ્ર૦ જયંતીભાઈ પી. પટેલ. નીલય, રસીલા માર્ગ, એલિસબ્રિજ, અમદાવાદ-૬, પૃ. ૧૦૪. પાકું પૂઠું.

ઉરનાં એકાંત મારાં ભડકે બળે : લે. નટુભાઈ ઠક્કર, પ્ર૦ આદર્શ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પૃ. ૧૭૬, પાકું, રૂ. ૧૮.

જીવન જીવી જાણો : લે. મુકુંદ શાહ. પ્ર૦ કુસુમ પ્રકાશન, અમદાવાદ-૭. પૃ. ૬૪, કાચું, રૂ. ૩.

રમૂજી ટુચકા : લે. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૬૪, કાચું. રૂ. ૩.

મિજબાની : લે. રજની વ્યાસ. પ્ર૦ અનડા પ્રકાશન, અમદાવાદ-૧. પૃ. ૨૪, કાચું પૂઠું, રૂ. ૩-૫૦.

લોકરામાયણ ભાગ ૧ થી ૧૮ : લે. નાનાભાઈ ભટ્ટ. પ્ર૦ : સંસ્કાર સાહિત્ય મંદિર, ભાવનગર. સેટના રૂ. ૪૫.

આપણા જ્યોતિર્ધરો : લે. પ્રા. નરોત્તમ વાળંદ. પ્ર૦ ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ., વડોદરા. પૃ. ૨૭૮, પાકું, રૂ. ૧૦.

ભગવું ગગન : લે. પ્રા. તરુલતા પટેલ. પ્ર૦ પોતે, રેવાકુંજ, નડિયાદ. પૃ. ૭૪, કાચું, રૂ. ૮.

જૂથ અને જૂથવર્તન : લે. નટવરલાલ છ. શાહ. પ્ર૦ ગુજરાત યુનિ. અમદાવાદ-૯. પૃ. ૯૫, કાચું પૂઠું, રૂ. ૮.

ઉજાણી : લે. સ્નેહરશ્મી. પ્ર૦ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯, પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૪.

દિવ્ય પ્રકાશ : લે. ડૉ. આનંદ સોંદરવા, પ્ર૦ પોતે, કે. એલ. એમ. ઑફિસર કોલોની, એમ ૭, નવી સિવિલ હૉસ્પિટલ પાછળ, અમદાવાદ-૧૬. પૃ. ૧૧૨, કાચું, રૂ. ૭.

પારસમણિ : લે. ડૉ. રશ્મિકાન્ત કા. પટેલ. પ્ર૦ હેમેન શાહ, ભોગીલાલ ભવન, મામલતદારની વાડી, મુંબઈ-૬૪, પૃ. ૭૨, કાચું, રૂ. ૬.

સિંધુ સૌવીર (સિન્ધ કા પ્રાચીન સાહિત્ય): લે. ગંગારામ સમ્રાટ. પ્ર. પોતે, સૈજપુર બોઘા, અમદાવાદ. પૃ. ૩૫૫, પાકું પૂઠું, રૂ. ૧૧૦.

અનામત સમસ્યા અને ઉકેલ : લે. નાનુભાઈ નાયક, પ્ર૦ સાહિત્ય સંગમ, ગોપીપુરા, સૂરત-૧. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

ઉત્તર ધ્રુવની શોધસફર : લે. ડૉ. રમણલાલ ચી. શાહ. પ્ર૦ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પૃ. ૩૭૪, પાકું પૂઠું, રૂ. ૪૫.

ભગવાન શ્રી રજનીશનો વિરોધ શા માટે: લે. સ્વામી ચંદ્રમુનિ. પ્ર૦ પોતે, ગ્રામ ઉદ્યોગ મંદિર, ગઢડા (સ્વામીના), પૃ. ૧૫૦, કાચું પૂઠું, રૂ. ૧૦. □

અનુસંધાન] **અંગારાની ફાંટ** [પૃ. ૧૧૯થી

પ્રો૦ : (તોફાની સૂરમાં) ના જી.

ઇ૦ : તો શું વિચારમાં પડી ગયા હતા ?

પ્રો૦ : એમ જ. કમલભાઈ અંદર શું કરે છે?

ઇ૦ : એ બેઠાબેઠા બૅંકની ચોપડીઓમાં કંઈ ગડમથલ કર્યા કરે. એમને કહું, તો કહે, આવું છું. તું તારે બેસને પ્રોફેસર પાસે! અને તમારી પાસે આવું, તો તમે કમલના જ નામની માળા જપ્યા કરો છો.

પ્રો૦ : ઇન્દુ ! એ આપણને બન્નેને એકલાં રાખે છે—જાણી જોઇને ?

ઇ૦ : કોણ જાણે ! કદાચ, તમારી વાત સાચી પણ હોય.

પ્રો૦ : કારણ ?

ઇ૦ : કારણ તો સ્પષ્ટ છે. મને તમારી કંપની મળ્યા કરે, તો પછી મારે કમલને કદી બોધર ન કરવા પડે; સમજ્યા, પ્રોફેસર સાહેબ?

પ્રો૦ : ઉડાવો મને ! પદવી મળવાથી બધું ન સમજાય. અને એમ જુઓ તો આપણે એક સરખું જ ભણ્યાં છીએ !

ઇ૦ : પણ તમે શબ્દો વગર સમજો નહિ ને ?

(હસે છે—હાસ્ય દૂર જતું, ફેઇડ આઉટ)

પ્રો૦ : (શ્રોતાઓને) હું એને આમ હસતી-રમતી જોઈ રહેતો, મૂંઝાતો, ગૂંચવાતો. ક્યારેક મનોમન નક્કી પણ કરતો, કે આ ઘરમાં હવે પગ નથી મૂકવો. કારણ કે અમારી દોસ્તી પછી ઇન્દુ બદલાઈ હતી. મારી હાજરીમાં એ આનંદમાં રહેતી એનીય મને ખબર હતી. કમલ-ઇન્દુના જેવા સંબંધો હતા તેને લીધે મને કોઈ ટોકનાર નહોતું. બીજો કોઈ પુરુષ હોત—અને તેય મારા જેવો અપરિણિત—તો તો એણે તંબૂ તાણી બાંધ્યા હોત. એમાં વળી એક દિવસ ઇન્દુએ મને પૂછ્યું.

ઇ૦: પ્રોફેસર, આ મુન્નો તમને બહુ ગમે છે?

પ્રો૦ : કેમ ? આવું બાળક કોને ન ગમે ?

ઇ૦ : હું તમને આપી દઉં તો ?

પ્રો૦ : લઈ જાઉં ફરવા, આઇસ્ક્રીમ ખવડાવું, ને પછી સાંજે મૂકી જાઉં પાછો !

ઇ૦ : રાખો નહિ ?

પ્રો૦ : ના, કારણ કે એ તમારી આંગળી ન છોડે.

ઇ૦ : હં, હં ! એટલે, મુન્નાને રાખો, મને નહિ,... કેમ ?

પ્રો૦: ના, ઇન્દુ ! તમે... તમે ય શું મને...

ઇ૦ : થોથવાઈ શું કામ જાઓ છો ? બોલોને, ચોખ્ખું. આ ઘરમાં બધી વાત ચોખવટથી જ થાય અને સમજૂતી પ્રમાણે જ જીવાય. બોલો, મને રાખશો, મુન્ના વગર?

પ્રો૦ : તમારી વાત સાવ પાયા વગરની છે. તમારી અને મુન્નાની એકલાની વાત કરાય જ નહિ. કમલને પૂછ્યું છે ?

ઇ૦ : મુન્નાને એ ભલે રાખે!

પ્રો૦ : તો તમને ચાલશે, એના વિના ? મુન્ના માટે તો તમે આ સંસાર માંડીને બેઠાં છો.

ઇ૦ : એટલે કેન્દ્રમાં, ઇન્દુ નહિ-મુન્નો છે, કેમ ? મને એના વિના ચાલે નહિ, કમલ એને છોડે નહિ, અને તમે એને રાખો નહિ! કેરમની લાલ કૂકરીની જેમ, એકલી હું વચ્ચે કુટાયા કરું છું. છેક રમત પૂરી થતાં પહેલાં સુધી મારો કોઈ ભાવ નહિ પૂછે. સમજાય છે, પ્રોફેસર સાહેબ, મારી વાત ? કેમ ચૂપ થઈ ગયા ?

પ્રો૦ : (પોઝ પછી શ્રોતાઓને) ખરેખર મારું મોં સિવાઈ ગયું હતું. મને ખબર નહિ કે ઇન્દુ આવો સીધો એકરાર કરશે–મારે માટે સામેથી. અને બીજું મને એક સંશય પડ્યો, કે ઇન્દુના મનમાં એ કહેતી હતી એ રમત પૂરી થઈ ગઈ હતી; અને કેરમની એ લાલ કૂકરી ઈન્દુ નહોતી, મુન્નો હતો. કારણ કે ઇન્દુ કોઈની કૂકરી તો ન જ થાય. અને રમત તો ઇન્દુ બરાબર સમાન બનીને જ રમે એવી છે. મુન્નો લાલ કૂકરી, એટલે શું મુન્નાને ઇન્દુ કંઈ કરી બેસે ? અને એમાં હું કારણરૂપ ? મને ઇન્દુમાં રસ નહોતો. હું તો મારો જ ભૂતકાળ ભૂલવા આ શહેરમાં આવ્યો, ત્યાં વળી આ... મારે કોઇને ય લાલ કૂકરી ન બનવા દેવી જોઇએ. અને એકલો કમલ જ આ સ્થિતિને કાબૂમાં લઈ શકે એટલે મેં જઇને સીધો કમલને જ પકડ્યો...

પ્રો. : કમલ, તું મૂરખ છે, તને આંખો નથી.

ક૦ : શું ? કેમ ?

પ્રો૦ : તેં આંખ ઉઘાડીને જોયું છે ઇન્દુ સામે ?

ક૦ : અમે અમારું જીવન બરાબર સમજૂતી પ્રમાણે...

પ્રો૦ : પૂળો મૂક એ સમજૂતીમાં! એ જીવતી-જાગતી સ્ત્રી છે, એનું ભાન થયું છે તને ક્યારેય ?

ક૦ : ઇન્દુને ન ફાવતું હોય મારી સાથે, અને જો તમારી સાથે એને લગ્ન કરવાં હોય તો મને વાંધો નથી. મેં એને હાથે ય નથી અડકાડ્યો !

પ્રો૦ : સમજૂતી પ્રમાણે ?

ક૦ : હા. અને એ જ સમજૂતી પ્રમાણે એણે મુન્નાની મા તરીકે જિન્દગી ખેંચી કાઢવાનું કબૂલ્યું હતું. હું એને પગે પડતો નહોતો ગયો, એ કરગરી હતી.

પ્રો૦ : તને એમાં કંઈ અવાસ્તવિક નહોતું લાગ્યું ?

ક૦ : મને તો એનાં આ બે-અઢી વર્ષો પણ અવાસ્તવિક લાગ્યાં છે ! આવ્યા છો મોટા એના વકીલ થઇને ! પ્રોફેસરી કરો છો, પણ આટલા ઢક્કાનીય ખબર નથી પડતી ! પ્રોફેસર, હું તમને કહું, જુઓ, ઇન્દુએ પહેલી વખત મને વાત કરી, એ પછી છ છ મહિના સુધી એ મુન્નાની પાછળ પડી રહી. રોજ આવે, એને રમાડે, ભણાવે. ક્યારેક તો એને સુવાડી ને છેક મોડી રાત્રે ઘેર પાછી જાય. અને બાળકને શું જોઇએ ? એ તો બિચારું ફોસલાઈ ગયું. ટૂંકમાં, મેં માત્ર મુન્નાના સુખ માટે ઇન્દુની જિદ પૂરી કરી. કારણ કે, મુન્નો એટલે મારું સુખ...

પ્રો૦ : અને મુન્નાનું સુખ એટલે ઇન્દુ !

કમલ : હા.

પ્રો૦ : પણ ધાર કે તારું એ સુખ છીનવાઇ જાય એમ હોય તો ?

ક૦ : એને જવું હોય તો જાય. મુન્નાને તો હું ન જ આપું ને ?

પ્રો૦ : પણ એને મુન્ના વિના ન ચાલે. એ હોય ત્યાં સુધી એનું મન બીજામાં ન લાગે.

ક૦ : એટલે ? મુન્ના તરફ એ નિષ્કાળજી બતાવે ? મુન્ના માટે મારા ઘરમાં કોઇને ચાલે ? એ જાય ત્યાં મુન્નાને ફોસલાવીને એ લઈ જાય ? ઇન્દુ શું કરે ? બોલો.

પ્રો૦ : તું કહે છે એવું કંઈ પણ કરે, અને એનાથી કંઈ ગંભીર પણ કરે...

ક૦ : તમે કહેવા શું માગો છો ?

પ્રો૦ : ફક્ત એક સંશય છે, શક્યતા છે. અને તેય, ઇન્દુ જેવી સ્ત્રી છે એટલે.

ક૦ : સમજ્યો. પણ એ મુન્ના સામે જોઇને જ મેં ફરીથી લગ્ન નથી કર્યાં.

પ્રો૦ : ના કમલ, લગ્ન તો કર્યાં આ ઇન્દુ સાથે; પણ તો ય પૂજા પેલા ફોટાની કર્યા કરી. ઇન્દુને તેં કોઈ દિ' ફૂલની વેણી ન લઈ આપી, પણ પેલા ફોટાનો હાર તેં વાસી ન થવા દીધો.

ક૦ : તમે આ ઘરમાં બહુ માથું માર્યું, પ્રોફેસર ! પણ હવે આટલું સંડોવાયા છો, તો કહી દઉં, કે પેલા ફોટાનાં ફૂલ તો હજીય નહિ કરમાવા દઉં.

પ્રો૦ : એય એવડું જ મોટું અવાસ્તવ છે, કમલ !

ક૦ : હું મારી મૃત પત્નીને પ્રેમ કરું–યાદ કરું એ અવાસ્તવ કહેવાય ? તમે જોઈ છે એને ? ચાલો બતાવું. એક વખત જોશો ને તમે, એટલે મારી વાત સમજાશે. જુઓ, આ ફોટો, આમ તો બહુ સુંદર ન કહેવાય, ઇન્દુ એના કરતાં ચડી જાય. પણ... સાચી વાત છે ને મારી ? શું તાકી રહ્યા છો, પ્રોફેસર?

(પોઝ)

પ્રોફેસર : (શ્રોતાઓને) હું તાકી એટલે રહ્યો હતો, કે મને વિચાર કરવાનો મોકો મળે. મારે એક જ પળમાં નિર્ણય કરવાનો હતો. આખી વાતને એકલો કમલ જ બચાવી શકે તેમ હતો પણ એના મનમાં એણે જે સ્મરણોનો મહેલ બાંધ્યો હતો એ ન તૂટે તો અવાસ્તવિક લાગે એવા પ્રસંગો સર્જાયે જાય તેમ હતા. મને થયું, કમલ અને ઇન્દુ બન્નેનાં સત્યની સામે, એમનાં સત્યને ઉગારવા મારે જ અસત્યનો આશરો લેવો પડશે.

(પોઝ)

કમલ : (પ્રોફેસરને) આટલું તાકી શું રહ્યા છો પ્રોફેસર ? સાચી વાત છે ને મારી ?

પ્રો૦ : (કમલને) હા, વાત તો સાચી છે. આ સ્ત્રી ખૂબ પ્રેમ કરી શકે અને એનો પ્રેમ કદી ન ભુલાય. મને એનો અનુભવ છે.

ક૦ : એટલે ?

પ્રો૦ : અમે સાથે ભણેલાં. એક વરસ. પછી એના પિતાજીની બદલી થએલી. બીજા ય ઘણા પ્રશ્નો હતા... અને એટલે જ મેં હજી સુધી લગ્ન નથી કર્યાં.

ક૦ : આ વાત ખોટી છે, પ્રોફેસર. કહી દો, આ વાત ખોટી છે.

પ્રો૦ : ના, આ જ વાત સાચી છે, અને તેથી જ મને તમારા મુન્ના તરફ અજાણે આકર્ષણ થએલું. એનું મોં એની મા જેવું છે.

ક૦ : પણ આવું કેમ બની શકે ? આ સ્ત્રીએ મને એની ગંધ સુધ્ધાં નથી આવવા દીધી. કોઈ માણસ આટલો બધો દંભ કરી શકે ?

પ્રો૦ : આમાં દંભનો સવાલ નથી. કોઈ કોઇને આવી વાત સહજ હોય. કદાચ, એણે મારામાંથી સાવ મન વાળી લીધું હોય. હવે કમલ, માફ કરજે. મારે લીધે તને આટલો આંચકો લાગ્યો. હું ય કંઈ ન બોલ્યો હોત તો સારું હતું...પણ આ ફોટો સામે જોઇને સત્ય ઉચ્ચારાઈ ગયું. માફ કરજે મને, અને મેં આટલું માથું માર્યું છે તો બીજી એક વાત પણ કહું : આ વાત મનમાં ધરબી રાખજે. ધીમેધીમે તારા વર્તનમાં ફેર કરજે; ઇન્દુને સ્વીકારતો થજે. અને તારા નહિ, તો છેવટ મુન્નાના સુખ માટે ય ઇન્દુને જે જોઇએ છે તે આપજે. માતાને પગથિયેથી, એની ઉપરના પત્નીના પગથિયે એને ચડવા દેજે...અને ન ચડે તો એને ખેંચી લેજે. આવજે, કમલ ! હું જાઉં હવે. (પોઝ)

પ્રો૦ : (શ્રોતાઓને) પણ બહાર નીકળતો હતો, ત્યાં જોયું કે બારણે જ ઇન્દુ ઊભી હતી. એની આંખમાંથી અંગારા ઝરતા હતા. એ ઝડપથી અંદર ગઈ. હું એને રોકી ન શક્યો. મારા પગ પણ જમીનમાં ખોડાઈ ગયા.

(પોઝ)

ઇન્દુ : (કમલને) હું આવું ?

ક૦ : આવ, ઇન્દુ, હવે આ રૂમમાં હું હોઉં ત્યારે રજા નહિ લે, તો ચાલશે !

ઇ૦ : કેમ ? સમજૂતીનો ભંગ નહિ થાય ? નવી સમજૂતી કરવી છે ?

ક૦ : આટલું જલ્દી નહિ, પણ...

ઇ૦ : પણ ધીમેધીમે, ખરું ? પ્રોફેસર સાહેબે તમારો પત્તાંનો મહેલ તોડી નાખ્યો ?

ક૦ : ના, એટલો વિશ્વાસ તો નથી બેસતો એમનામાં; પણ તો ય તને ક્યાં સુધી અન્યાય કર્યા કરું ?

ઇ૦ : હું માથું પછાડતી હતી ત્યારે મને અન્યાય નહોતો થતો ? આ ઘરમાંથી મારું આયાનું સ્થાન પણ ઝૂંટવી લેવા હવે તો મને ધમકી નહિ આપો ? અરે હા, હવે તો તમે મારો સ્વીકાર કરશો—પત્ની તરીકે. હવે કદાચ મુન્નાને આ ફોટોને નમસ્તે કરવાનો નિયમ નહિ રાખવો પડે ! અને હવે કદાચ, આ સ્ત્રીનો ફોટો જ ઉતારી લેશો તમે.

ક૦ : ઇન્દુ ! પ્લીઝ...

ઇ૦ : અને તમે માનો છો કે તમારા સ્વીકારને હું ઓશિંગણ થઇને માથે ચડાવીશ ? પ્રોફેસરે કહેલી આ સ્ત્રી વિશેની જરાશી વાતથી શું બદલાઈ જાય છે, કમલ ? એક સ્ત્રીના આટલા અમસ્થા ભૂતકાળને તમે સાંખી ન શકો ? અને તમારા ફોટો અને ફૂલના ભૂતકાળને લીધે, મને જુદા સૂવાની તમે સજા કરી શકો ? આવા તમારા પ્રેમ કે તમારા સ્વીકારને મારે શું કરવા છે ?

ક૦ : મારો અસ્વીકાર કરવાનો તને અધિકાર છે, ઇન્દુ !

ઇ૦ : એકલો મને નહિ, મુન્નો પણ સમજુ હોત તો તમારો અસ્વીકાર કરત !

ક૦ : કેમ ?

ઇ૦ : કેમ કે એને ખબર નથી, તમે બન્ને કોણ છો !

ક૦ : બીજું કોણ વળી ?

ઇ૦ : તમે અને પેલા પ્રોફેસર. એ ત્યાં બારણે ઊભાઊભા આપણી વાત સાંભળે ! (દૂરથી અવાજ) આવો પ્રોફેસર. તમે ત્યાં ઊભાઊભા ક્યારના આ રેડિયોના શ્રોતાજનો સાથે વાત કરી રહ્યા છો... પણ આ વાતનો દોર મારા-ઇન્દુના હાથમાં હોવો જોઇએ. લાવો માઇક્રોફોન......(શ્રોતાઓને) જુઓ છો ને દોસ્તો ? કમલ અને પ્રોફેસરને એક પાટલે બેસાડી શકાય તેમ છે. બન્ને ભ્રમણામાં જીવે છે, ભૂતકાળના ઓથાર નીચે. એના ભારથી એમના ખભા વળી જાય છે. એકને દુઃખ છે કોઇને અન્યાય કર્યાનો, ને બીજો ભૂતકાળનાં સ્મરણો ને મઘમઘતાં ફૂલો ચડાવે છે ! પણ મને હમેશાં વર્તમાનમાં જીવવું ગમે છે. એક વખત મને મુન્નો મારું સત્ય લાગેલું, મેં તે પ્રાપ્ત કર્યું. પછી મને થયું : હું સ્ત્રી પણ છું...પણ આ બન્ને મારા જીવાતા વર્તમાનને સ્વીકારી ન શક્યા. મારા વાસ્તવને સાંખી ન શક્યા. કોઇને આ અવાસ્તવિક લાગે, પણ વર્તમાનનું સત્ય, જમાનેજમાને, બધાંને અવાસ્તવિક જ લાગ્યું છે...(કમલ અને પ્રોફેસરને) આવજો, બન્ને, હું જાઉં છું.

પ્રો૦ : પણ ઇન્દુ, મારી વાત સાંભળ. મેં તો ફક્ત તમારા આ જીવનમાં હસ્તક્ષેપ જ કરેલો–જાણી જોઇને. તારા લગ્ન પહેલાં જેટલો હું તને ઓળખતો હતો એટલું જ આ સ્ત્રીને–સાવ સામાન્ય. મેં કમલને અસત્ય કહ્યું હતું, કે જેથી...

ઇ૦ : કે જેથી, કેરમની લાલ કૂકરી ઇન્દુ બને, કેમ ?...કે જેથી, ઇન્દુથી તમારો જાન છૂટે, ખરું ?...અને તમેય પ્રોફેસર, આ સ્ત્રી નહિ તો બીજી કોઈનાં સ્મરણો વાગોળ્યા કરો છો. મને તમારા બન્નેમાંથી કોઈ રોકી નહિ શકે...અને હા જુઓ, મુન્નાને ય હું લેતી જાઉં છું. કારણ, મુન્નો એટલે ભાવિ અને એ તમારા કોઈના ભૂતકાળના ભારે ગૂંગળાઈ ન જાય એ ય જોવું પડશે ને ?...હું એને ઉછેરીશ, મોટો કરીશ, મુક્ત – સ્વતંત્ર. (મુન્નાને ઉદ્દેશીને) ચાલો, મુન્ના, બેટા !

મુન્નો : આપણે ક્યાં જઈશું, મમ્મી ?

ઇ૦ : જ્યાં આ બન્ને પુરુષો ન હોય ત્યાં. જ્યાં તારામાં કોઈ બીજાની મુખરેખા શોધતું ન હોય ત્યાં, જ્યાં કોઇના ફોટોને માથું નમાવી રાખી તારે ડોક ન દુખાડવી પડે ત્યાં.

મુ૦ : એવું એકે ય ઘર છે, મમ્મી ?

ઇ૦ : કોને ખબર?...એવું ઘર શોધી કાઢીશું,—નહિ તો, નવું બનાવીશું ... (પેલા બન્નેને) આવજો...

મુ૦: આવજો, ડૅડી ! આવજો, અંકલ ! □

અનુસંધાન] **કલાવાર્તા** [પૃ. ૧૩૨

સવિશેષ મહત્ત્વ રહ્યું છે. રેખાની છંદલીલા એ જાણે ચિત્રના રૂપની નાડીના ધબકાર જેવી છે.

ફોટોગ્રાફીની કલા પશ્ચિમમાં વિકસી અને છાયાપ્રકાશ પર જ તો તેનો મુખ્ય આધાર એટલે એ બહુધા પશ્ચિમી ચિત્રોની છાયા–પ્રકાશની લીલાને જ અનુસરી. આથી જ પશ્ચિમી દૃશ્યચિત્રો અને સુંદર દૃશ્યોના ફોટોગ્રાફની વચ્ચે તફાવત દેખાતો નથી.

દૃશ્યચિત્રોમાં ભલે તે કુદરતની નકલ હોય છતાં પ્રકૃતિના સૌંદર્યને કલાકારની દૃષ્ટિએ જોવા–માણવાનો પણ એક આનંદ છે. ચિત્રકલામાં જલરંગનું માધ્યમ વળી એમાં એક ઓર પારદર્શકતા ઉમેરે છે. જ્યારે પૂર્વના ચિત્રકારો કેવળ રેખાથી પણ પ્રકૃતિની લાક્ષણિકતા સિદ્ધ કરી દાખવે છે તે તેની એક આગવી સિદ્ધિ છે. રેખાથી એ ચિત્રને જીવંત બનાવી દે છે. આ અંકમાં આવાં થોડાં દૃષ્ટાંતો જોઈ શકાશે. □

અનુસંધાન] **શંકરદેવ વિદ્યાલંકાર** [પૃષ્ઠ ૧૧૪થી

એમને માનદ્ સભ્ય બનાવ્યા હતા અને તાજેતરમાં જ એમનું બહુમાન કરવાનો ઠરાવ પણ પસાર કર્યો, પણ કુદરતને એ મંજૂર ન હતું.

બહુમાન, સ્તુતિ-પ્રશંસાથી શંકરદેવજી સદાય અલિપ્ત રહેતા. બિનહિંદીભાષી હોવા છતાં હિંદી સાહિત્યનું ખેડાણ કરનારા વિદ્વાન સાહિત્યકાર તરીકે અખિલ ભારતીય હિન્દી સાહિત્ય સંમેલને નાગપુરમાં એમનું બહુમાન કર્યું હતું. 'કુમાર' પુષ્પમાળાના એમના સર્જન માટે 'કુમાર ચંદ્રક' આપ્યો. ગુરુકુળ સંસ્થાએ હજુ ચાર માસ પહેલાં જ એમની સેવાની કદર રૂપે બહુમાન કર્યું. પરંતુ આવા પ્રસંગોએ તેઓ હંમેશા નિર્લેપ અને તટસ્થ બની જતા. જ્ઞાનની ઉપાસના અને ચૈતન્યનો આવિર્ભાવ કરવો એ જ એમનું જીવનકાર્ય હતું. બીજી ભૌતિક સમૃદ્ધિ કે વૈભવની એમને પડી ન હતી. એમનું જીવન પણ અત્યંત સાદું, સહજ અને સરળ હતું. ધર્મપત્નીના અવસાન બાદ છેલ્લાં અઢાર વર્ષથી તેઓ એકલા જ રહેતા. તેમણે પોતાની બંને પુત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપ્યું હતું. મોટાં પુત્રી સયાજીરાવ વિશ્વવિદ્યાલયમાં પ્રાધ્યાપક છે, જ્યારે નાનાં પુત્રી ભુવનેશ્વરમાં સાસરે છે. એકાકી રહેતા હોવા છતાં શંકરદેવજીને ક્યારેય એકલતા સાલતી જણાઈ ન હતી. પોતાનું તમામ કાર્ય તેઓ જાતે જ કરતા. ગાંધી વિચારધારાના અનુયાયી હોવાના કારણે તેમને ક્યારેય નોકરની જરૂર પડી ન હતી. જીવનમાં એમને કશાની ઊણપ ન હતી. જીવન પ્રત્યે એમને કોઈ ફરિયાદ ન હતી. બસ નિરંતર આનંદ, જ્ઞાનમસ્તી અને ચૈતન્યની ધારા એમના જીવનમાંથી સદાય વહેતી રહેતી.

હિન્દી અને ગુજરાતી સાહિત્યને શંકરદેવજીએ પોતાની કલમથી સમૃદ્ધ બનાવ્યાં છે. મહાપુરુષોના જીવનના ઊંડાણમાં ડૂબકી મારી એમના જીવન-મૌક્તિકોની યુવાન પેઢીને લહાણ કરવી એ એમના લેખનનો આદર્શ હતો. એમણે કવિવર રવીન્દ્રનાથ ટાગોરની વાર્તાઓ અને નાટકોના હિંદીમાં અનુવાદો કર્યા છે. 'ધૂમકેતુ'ની વાર્તાઓના પણ અનુવાદ કર્યા છે. ઉપરાંત પુષ્પો, વનસ્પતિઓ ને જીવનચરિત્રો અંગેના અસંખ્ય લેખો લખ્યા છે. એમના આ છૂટાછવાયા લખાણને જો સંકલિત કરવામાં આવે તો તો અનેક મૂલ્યવાન પુસ્તકો મળે એટલું સમૃદ્ધ એમનું લખાણ છે.

શંકરદેવજીનું સમગ્ર જીવન, એમનું સર્જન અને એમનું કાર્ય એ સઘળું આનંદરૂપ પરમાત્મા પ્રત્યેની ગતિ રૂપ હતું. તેઓ કહેતા કે, 'આનંદ રુપમ્ યદ્ અમૃતં વિભાતિ.'—'આ જ મારા જીવનનું પરમ લક્ષ્ય છે.' એમનું જીવન પળેપળે આ લક્ષ્ય પ્રત્યે જ ગતિ કરતું રહ્યું. ઋષિ દયાનંદે શૈશવ કાળમાં જ એમના આત્માને પ્રબુદ્ધ કર્યો હતો. તેમણે તેમને સત્યની, કર્મની અને શક્તિની પ્રેરણા આપી હતી. પરંતુ તે સમયે વિદ્યાર્થીવયમાં હજુ તેમને આંતરચેતનાનો સ્પર્શ થયો ન હતો. એ સ્પર્શ આપ્યો શ્રી અરવિંદનાં પુસ્તકોએ. 'ધર્મ અને જાતીયતા', 'ગીતા-નિબંધો', 'રાષ્ટ્રીય કેળવણી', વગેરે વાંચતાં-વાંચતાં એમને એવી અનુભૂતિ થઈ કે 'આ વ્યક્તિ મારા આંતરિક જીવનમાર્ગના પ્રકાશદાતા બનશે.' ત્યાર બાદ બૌદ્ધિક પ્રજ્ઞામાં જ્ઞાનનો ઉદય થયો. જગતને જોવાની એમની દૃષ્ટિ જ બદલાઈ ગઈ. તેમનો બુદ્ધિનો વ્યવહાર બંધ થયો અને જ્ઞાનનો વ્યવહાર શરૂ થયો. સમગ્ર જગત તેમને એક પરમ ચેતનાથી આવૃત્ત થયેલું જણાવા લાગ્યું. તેથી દૃષ્ટિ, સૃષ્ટિ અને કાર્યપદ્ધતિ સદંતર બદલાઈ ગયાં. પોતે પ્રભુના બાળક છે એવો અનુભવ થવા લાગ્યો. સર્વત્ર વિશ્વ-ઐક્યની અનુભૂતિ થઈ. સર્વને માટે પ્રેમ, સર્વત્ર પ્રેમ એ સિવાય કશું જ નથી એનું એમને સ્પષ્ટ દર્શન થયું, અને ત્યારથી તેઓ જગતના તમામ વ્યવહાર અંતર્મુખ બનેલી ચેતના દ્વારા જ કરતા રહ્યા. જીવનની છેલ્લી પળો સુધી આધ્યાત્મિકતા એમનામાંથી પ્રગટ થતી જ રહી.

છેલ્લા ચાર માસથી શંકરદેવજીની તબિયત નાદુરસ્ત રહેતી હતી. તેમને તાવ રહેતો હતો. વિશેષ તબીબી સારવાર લેવા માટે તેઓ મુંબઈ ગયેલા. મુંબઈના સર્વશ્રેષ્ઠ ડૉક્ટરો પણ એમના રોગનું નિદાન કરી શક્યા નહિ. તાવ ચાલુ રહ્યો. શરીર ક્ષીણ થતું ગયું. છતાં એમના ચહેરા ઉપર સદાય રહેતું સ્મિત ક્ષણ માટે પણ વિલાયું નહિ. એમના આત્માની પ્રબળ શક્તિએ માંદગી સામે પરાજય સ્વીકાર્યો નહિ. આ સમયે પણ એમના સંપર્કમાં આવનાર સહુ કોઈ એમની પૂર્ણ પ્રફુલ્લિત પ્રજ્ઞાનો અનુભવ કરી શકતું. એમના જવાથી ભારતીય સંસ્કૃતિ પાંગળી બની છે. ગુરુકુળ સંસ્થા નિઃષ્પ્રાણ બની છે. એમના સ્વજનો, સ્નેહીઓ, શિષ્યો નિરાધાર થયા છે. ગુજરાતની પ્રજાએ આર્યસંસ્કૃતિનો જ્યોતિર્ધર ગુમાવ્યો છે. આવા મહામનીષી, વિદ્વાન, સારસ્વત, સત્ય, શિવ અને સૌન્દર્યના ઉપાસક, સંસ્કૃતિપુરુષ શંકરદેવજી વિદ્યાલંકારના દિવંગત આત્માને શત શત વંદન હો. એમની પ્રબુદ્ધ ચેતના આપણને આપણી ભવ્ય સંસ્કૃતિના પથ પર ચિરકાલીન પ્રેરણા આપતી રહો. □

નાણેલા નુસખા

કાકડા માટે હળદર

કાકડા કફ-પ્રધાન રોગ છે અને બાળકોમાં વિશેષ જોવા મળે છે. કફવર્ધક અને કફ-પ્રકોપક ગળ્યા, ભારે, ચીકણા અને ઠંડા ખાદ્ય પદાર્થો બાળકોને બંધ કરાવી ઠંડા પવન અને ઠંડા વાતાવરણથી બચાવી હળદરનો ઉપયોગ કરવામાં આવશે તો કાકડા કપાવી નાખવામાંથી બચી જવાશે. હળદર શ્રેષ્ઠ કફઘ્ન છે. દળેલી હળદર એક એક નાની ચમચી સવાર બપોર સાંજ ત્રણ વાર પાણી સાથે ફાકી જવી. નખ કાપેલી આંગળી પર હળદરની ભૂકી લઈ ગળામાં કાકડા ઉપર તે દબાવવી. આનાથી કાકડાનો સોજો બેસી જશે.

આંખ માટે ડોડી

સંસ્કૃતમાં જીવન્તી અને લોકભાષામાં ખરખોડી કહેવાતી ડોડીના વેલા ચોમાસામાં વૃક્ષ-વાડ ઉપર ચડેલા કે જમીન ઉપર પથરાયેલા જોવા મળે છે. તેનાં પાન, ફૂલ અને કૂણાં ફળ કાચાં જ ખાઈ શકાય. તેનું શાક કે સૂપ પણ બનાવી શકાય. આયુર્વેદે બધાં શાકમાં ડોડીને શ્રેષ્ઠ ગણી છે, કારણ કે તે ચક્ષુષ્ય છે. તેનું નિયમિત સેવન કરવાથી આંખ તેજસ્વી બને છે, ચશ્માં આવતાં નથી, ચશ્માંના નંબર આવ્યા હોય તો તે વધતા અટકે છે અને ધીમેધીમે નંબર ઘટતો હોવાનું પણ મનાય છે. ડોડીથી આંખના રોગ સામેની પ્રતિકાર શક્તિ વધે છે. આખું ચોમાસુ તેનું સેવન કરી શકાય.

લોહીવામાં ઘાબાજરિયું

લોહીવા એ બહેનોનો અત્યાર્તવનો રોગ છે. તેમાં પ્રમાણથી વધુ પડતું, સામાન્ય દિવસો કરતાં વધુ દિવસ સુધી, નિયમ કરતાં વહેલું કે વારંવાર આર્તવ આવે છે. આમ થતાં સ્ત્રી ખૂબ અશક્તિ અનુભવે છે. તેની ભૂખ મરી જાય છે અને સ્વભાવ ચીડિયો થઈ જાય તથા શરીર સૂકાય છે. ઘાબાજરિયું વહેતા પાણીના કાંઠે થતી એક વગડાઉ વનસ્પતિ છે જેને બાજરી જેવાં ડૂંડાં આવે છે. વહેતા લોહીને અટકાવવાનો તેનો ગુણ છે. લાગેલા ઘા ઉપર તે દબાવવાથી લોહી વહેતું બંધ થાય છે આથી તે ઘાબાજરિયું કહેવાય છે. ઘાબાજરિયાનું ડૂંડું સુકાઈ જતાં રૂ જેવા રેસાઓ હવામાં ઊડે છે. લીલા કે સૂકા ડૂંડાના રેસાને ગોળમાં ભેળવીને અરીઠા જેવડી ગોળી વાળી દિવસમાં ત્રણ વાર ગળી જવી. આનાથી બીજા જ દિવસે લોહીવા ઉપર નિયંત્રણ આવી જાય છે.

—**વૈદ્ય નવીનભાઈ ઓઝા**

વરાહાવતાર (દશાવતાર-૩)



હિરણ્યાક્ષ દ્વારા પાતાળલોકમાં પહોંચેલી પૃથ્વીને મૂળ સ્થાને સ્થાપિત કરવા વિષ્ણુ ભગવાને વરાહ-અવતાર લઇને તેનો વધ કર્યો એવી કથા છે. વરાહનો અવતાર તરીકે સ્પષ્ટ નિર્દેશ 'શતપથ બ્રાહ્મણ'માં છે. પૌરાણિક સાહિત્યમાં આદિવરાહ, નૃવરાહ, ભૂવરાહ, પ્રલયવરાહ, યજ્ઞવરાહ ઇ. એનાં વિવિધ સ્વરૂપોનાં સૂચનો મળે છે.

'વરાહ' શબ્દનો પ્રાણીસૂચક અર્થ એનાં મેઘ, અંગિરસ, સૂર્યનાં કિરણો તથા એ નામનો રાક્ષસ એ ઇતર અર્થો (ઋગ્વેદ ૧-૬૧-૭, નિરુક્ત, નૈગમકાંડ ૫-૧-૪) કરતાં અર્વાચીન છે. અર્થસંકોચે માત્ર પ્રાણીવાચક અર્થ જ અવશેષ રહ્યો જેથી આ અવતારની વિભાવનાનું પગેરું શોધવું કઠીન બન્યું છે. 'વરાહ'નો સૂર્યનાં કિરણો એવો અર્થ કરતાં પૃથ્વી ઉપરનાં જળનું બાષ્પીભવન થઈ મેઘ-વાદળ રૂપે બંધાવું તે વરાહ (મેઘ) એ એના ઋગ્વેદ (૧-૧૧૪-૫)માં સૂચિત મૂળ અર્થને નિર્દેશે છે. પ્રચલિત કથામાં પાણીમાંથી પૃથ્વીને બહાર લાવવી એવો નિર્દેશ પાણીનું મેઘ (વરાહ) રૂપ પામવું એવો વ્યંજનિક અર્થ સૂચવે છે. મેઘ અર્થ ધારણ કરતો શબ્દ ક્રમશઃ અવતાર સૂચક બન્યો લાગે છે. વર+અહન્ અર્થાત્ અંધકારમાંથી બહાર લાવતો શ્રેષ્ઠ પ્રકાશ એ જ સૂર્યનાં કિરણો એવું પ્રતિપાદન અવતારી પુરુષનો નિર્દેશ કરે છે. એ છે દક્ષ-પુત્રી અદિતિના બાર કે આદિત્યો પૈકીના અંતિમ આદિત્ય સૂર્ય-વિષ્ણુ. એ ઇતિહાસ-પ્રસિદ્ધ વ્યક્તિ હતા. ગુપ્તકાળમાં વરાહપૂજા વ્યાપક હોવાનાં પ્રમાણો છે. 'મુદ્રારાક્ષસ'નું ભરતવાક્ય વરાહાવતારને નિર્દેશે છે.

—પ્રફુલ્લ રાવળ



મધુકરી

ચક્ષુથી નીરખ્યા પદાર્થોની પેરે
ના દૃષ્ટિનું કૈં ચિહ્ન જેવું યે રહે—
એવું જ તો આ વિશ્વમાંહે આપણું
છે આવવું – ચાલ્યું જવું.


—પ્રિયકાન્ત મણિયાર

સાણંદ ઠાકોરસાહેબ સદ્‌ગત જયવન્તસિંહજી રણમલસિંહજી

મેવાતી ઘરાનાના સુપ્રસિદ્ધ સંગીતસાધક પંડિત જસરાજજી અને એમના જ્યેષ્ઠબંધુ પંડિત મણિરામજીની સંગીતક્ષેત્રે એક આગવી પ્રતિષ્ઠા છે. એમની એ સંગીતસાધનાના પ્રેરક હતા અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ઠાકોરસાહેબ સદ્‌ગત જયવન્તસિંહજી રણમલસિંહજી. આદરભાવથી સહુ એમને 'બાપુજી' તરીકે ઓળખતા. અમદાવાદમાં સંગીતની ભાગ્યે જ એવી કોઈ મહેફિલ થઈ હશે જેમાં એમની ઉપસ્થિતિ ન હોય! અને એમની એ ઉપસ્થિતિ ગાયક-વાદકને પ્રેરણાપ્રદ બની રહેતી. કારણ તેઓ ખુદ એક અચ્છા સંગીતજ્ઞ અને ગાયક-વાદક હતા. સંગીત એમનું જીવન હતું, એ જ એમની ઉપાસના હતી.

સૌમ્ય નયનોથી ચમકતો સફેદ દાઢીયુક્ત ચહેરો, માથે લહેરાતો રંગીન સાફો, રાજવી પોશાક અને ભારે શરીરથી નિજી ભવ્યતાનું દર્શન કરાવતા સાણંદ ઠાકોરસાહેબનું વ્યક્તિત્વ આંજી નાખે તેવું પ્રભાવશાળી હતું. ભારતના સ્વાતંત્ર્ય પછી પલટાએલા કાળમાં રાજ્ય ભલે ન રહ્યું પણ એમના રાજવી ઔદાર્યમાં જરાય ઓટ આવી નહોતી. આ ગુણજ્ઞ ઠાકોર સાહેબનો જન્મ ઈ. ૧૯૦૪માં કર્ણાટકી સોલંકી વંશની વાઘેલા શાખાના રાજવી પરિવારમાં થયો હતો. એમના પૂર્વજો સ્થળાંતર કરીને સાણંદમાં સ્થિર થએલા. એ પૂર્વજોના એક વારસારૂપે એમને સંગીતના સંસ્કારો પણ મળેલા. એમના દાદા મહારાણા ભગવતસિંહજી વાઘેલા જલ-તરંગ-વાદક હતા. પિતા શાસ્ત્રીય સંગીત અને નૃત્યના શૉખીન તેમ જ પખવાજ-તબલાંના અચ્છા વાદક હતા. ઠાકોરસાહેબનું ઘડતર ઊંડી સંગીતરુચિ ધરાવનારા વડીલોની વચ્ચે થયું હતું.

ઠાકોરસાહેબે સંગીતનું પ્રાથમિક શિક્ષણ રાજકુમાર કૉલેજના સંગીત શિક્ષક લક્ષ્મીશંકર પાસેથી પ્રાપ્ત કરેલું. કંઠ્ય સંગીત, સિતાર તેમ જ વિચિત્ર-વીણા-વાદનનું શિક્ષણ વડોદરાના ઉસ્તાદ ફૈજ અહમદના શાગિર્દ ગોવિન્દપ્રસાદ ગોપાલપ્રસાદજી પાસેથી લીધેલું, તો મેવાતી ઘરાનાના ઉસ્તાદ મુનવ્વરખાંસાહેબ પાસે તેઓ રુદ્રબીન વગાડતાં શીખેલા. આમ, શુદ્ધ શાસ્ત્રીય પરંપરાના સાધકો પાસેથી સંગીત-શિક્ષણ પામવા ઉપરાંત, રાજ્ય હોવાથી ઉસ્તાદ ફૈયાઝખાં, પંડિત વિષ્ણુ દિગમ્બર પલુસ્કર, ઉસ્તાદ રજબઅલીખાં, પંડિત ઓમકારનાથ ઠાકુર, પંડિત જ્યોતિરાવ ઇત્યાદિ અનેક સંગીતકારોને પ્રત્યક્ષ સાંભળવાનો લાભ-લહાવો પણ સુલભ હતો. આમ, પરિવારનું વાતાવરણ સંગીત રુચિને પોષક હોઈ પ્રારંભથી જ પોષાઇને એમની સંગીતરુચિ પકવ બની. પૂર્વજોનો સંગીતવારસો, ઉત્તમ વાતાવરણ અને ગાયન-વાદનના પોતપોતાના ક્ષેત્રમાં ઉસ્તાદ એવા ગુરુજનો પાસેથી શિક્ષણ પામવાથી તથા સતત જાગરુક-રુચિથી ઠાકોર સાહેબ સંગીતના શ્રદ્ધેય જ્ઞાતા બન્યા.



રાજકુમાર કૉલેજમાં ન્હાનાલાલ કવિ ઠાકોરસાહેબના ગુરુ હતા એટલે સંગીતની સાથે કવિતાની રુચિ પણ કેળવાઈ. વિદ્યાર્થીજીવનમાં કવિરાજ જેઠાભાઈ છંદોબદ્ધ કાવ્ય-રચનાનો માર્ગ પણ નિર્દેશેલો અને

કૉલેજમાં સંસ્કૃતના અભ્યાસથી એમને કવિતા રચવાની પ્રેરણા મળેલી. મા ભવાનીના આ પરમ આરાધકની કેટલીક ભક્તિભાવસભર રચનાઓ એમના કવિહૃદયનો પરિચય પણ આપે છે. સંગીતના ઊંડા અધ્યયને એમણે જયવંતી તોડી, જ્ઞાનકલી, જયવંત સારંગ, રાજરાજેશ્વરી, બાગકંસ જેવા નવા રાગો પણ રચ્યા હતા.

સાણંદના રાજઆવાસમાં નાદોપાસના, ભક્તિ, સાધના અને નિષ્કામ કર્મમાં તેઓ આજીવન લીન રહેલા. સંગીત-રસિકો ને જ્ઞાતાઓ માટે સાણંદનો રાજમહેલ પરમ તીર્થ રૂપ હતો. પીઢ સંગીતજ્ઞ અને નવોદિત સંગીતકારો-ગાયકોનું એ પ્રેરણા સ્થળ હતું. શક્તિપૂજાપર્વ નવરાત્રિમાં મા ભવાનીની આરાધનાર્થે રાત્રિએ અનેક સંગીતસાધકો પોતાની કલા-સાધનાનો કસબ દર્શાવવા ત્યાં આવતા. એ નિમિત્તે એમને અનેક ભેટસોગાદો આપીને ઠાકોરસાહેબ એમનું બહુમાન કરતા. મા ભવાની પ્રતિ એમને અપૂર્વ શ્રદ્ધા હતી. આના ફળસ્વરૂપે પંડિત મણિરામજીને અવરુદ્ધ વાણી પુનઃ પ્રાપ્ત થયેલી. એ પ્રસંગનું સ્મરણ કરતાં પંડિતજી નોંધે છે કે 'આને ચમત્કાર જ કહીશું કે સાણંદ બાપુસાહેબની એકનિષ્ઠ સાધના, દૃઢસંકલ્પે મારામાં સાહસ, નવચેતનાનો સંચાર કર્યો અને તે પરમરાધ્યા જગજનની મા મહાકાલીની અનુકંપાથી મને વાણી મળી, નવજીવન મળ્યું.'

ઠાકોરસાહેબનો સ્વભાવ મધુર, સાલસ, નમ્ર ને ભક્તિમય હતો, પરંતુ સંગીતની ભૂલને તેઓ અક્ષમ્ય લેખતા. કલાકારોને તો એમનું માર્ગદર્શન પ્રેરણાના પિયૂષ પાતું. એમણે રચેલા રાગ, બંદીશો અને ભક્તિપૂર્ણ રચનાઓ 'શ્રી સંગીત-સૌરભ'માં ગ્રંથસ્થ રૂપ પામેલી છે. આ ગ્રંથ એમની સંગીત-સાધનાના પરિપાક રૂપ છે. દીર્ઘકાલીન સંગીતસાધના ને ભક્તિપૂર્ણ રચનાઓનું સ્વરલિપિ સાથેના પ્રકાશનનો એમનો ઉદ્દેશ્ય સંગીતના માધ્યમથી લાલિત્યપૂર્ણ સાહિત્ય ને સંગીતની આપણી સમૃદ્ધ સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરવાનો છે. આ રચનાઓને પંડિત મણિરામજી તેમજ પંડિત જસરાજે સ્વર આપવાનું તેમજ લિપિબદ્ધ કરવાનું સુન્દર કાર્ય કર્યું છે. ભવિષ્યમાં વિભિન્ન ઉસ્તાદોની પ્રાપ્ત રચનાઓનું પ્રકાશન કરવાનો એમનો સંકલ્પ પૂર્ણ થાય એ પહેલાં જ આ સંગીતમનીષી ઠાકોરસાહેબ પરલોક સિધાવી ગયા.

સંગીત જેવા કલારુચિના માધ્યમ દ્વારા ઠાકોરસાહેબ ભક્તિનો મહિમા ગાયો છે. સાદું, સરળ, ધર્મમય જીવન એમની જીવનરીતિનું દ્યોતક છે. શુદ્ધ સંગીતના બળે પુરસ્કૃત ભક્તિપૂર્ણ જીવન એ જીવતા. ગયા જૂન (૧૯૮૦)ની ૧૭મી તારીખે સંગીતના આ પરમ ઉપાસક, જ્ઞાતા ને ઉત્તેજકનું છોંતેર વર્ષની વયે અવસાન થયું.—પ્રફુલ્લ રાવળ

દિવંગત

પંડિત સુંદરલાલ. ક્રાંતિકારી પેઢીમાં તૈયાર થઈને ગાંધીજીના અનુયાયી બનેલા, દેશના એક સ્વાતંત્ર્ય-સેનાની અને સુખ્યાત લેખક. આ માસ મેની ૯મી તારીખે દિલ્હીમાં દીર્ઘ વયે એમનું અવસાન થયું.

રાધાસ્વામી સંપ્રદાયના એક મધ્યમવર્ગી કાયસ્થ તોતારામ અને ભગવતીદેવીના એ પુત્ર. મુઝફ્ફરનગરના ખટૌલી ગામમાં ઈ. ૧૮૮૬ની ૨૬ સપ્ટેમ્બરે એમનો જન્મ. પિતા સામાન્ય સરકારી નોકરીમાં હતા. સુંદરલાલને બહુ નાની વયથી હિંદી ઉર્દૂ અને ફારસી ભાષા પર સારો કાબૂ હતો અને ગીતા તથા કુરાનનો પણ ઊંડો અભ્યાસ કરેલો, એ પરથી તેઓ પંડિત સુંદરલાલ કહેવાતા. રૂસો, થોરો, ગેરિબાલ્ડી, મેઝિની, કાર્લ માર્ક્સ અને લેનિનના વાચનથી પણ તેઓ પ્રભાવિત થયેલા.

લાહોરની ડી. એ. વી. કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થઈ એમણે કાયદાનો અભ્યાસ આદરેલો પણ તત્કાલીન રાષ્ટ્રીય ચળવળોના પ્રભાવમાં એ અધુરો છોડી દીધો. લાલા લાજપતરાય સાથે ગાઢો પરિચય હતો. એમની સહાયથી સુંદરલાલે એક લાખ ને વીસ હજાર રૂપિયા જેટલો જંગી ફાળો એકઠો કરીને ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં વાપરવા માટે શ્રી અરવિંદ ઘોષને આપેલો. ક્રાંતિકારીઓ માટે રીવૉલ્વરો અને અન્ય હથિયારો પણ તેઓ ગુપ્તપણે મેળવી આપતા. અલાહાબાદના ક્રાંતિકારી જૂથના તેઓ અગ્રણી નેતા હતા. લૉર્ડ હાર્ડિંજની હત્યાના કાવતરામાં પણ તેમનો હાથ હોઈ ધરપકડથી બચવા ૧૯૧૨ થી '૧૬ તેઓ સ્વામી સોમેશ્વરાનંદના નામે ગુપ્તવેશે સિમલા નજીક સોલનમાં રહેલા. આ દરમિયાન દ. આફ્રિકાથી આવેલા ગાંધીજીને તેઓ અમદાવાદમાં પહેલી વાર મળેલા. જો કે ત્યારે તેમને ગાંધીજીના વિચારોમાં શ્રદ્ધા બેઠી નહોતી, પણ ૧૯૧૯માં નડિયાદમાં ફરી ગાંધીજીને મળ્યા બાદ ધીરેધીરે તેઓ ગાંધીજીના અનુયાયી બની ગયા.

અસહકારની લડતમાં પણ તેમણે ભાગ લીધો. ૧૯૨૯માં કાનપુરમાં પ્રાંતીય કૉન્ફરન્સમાં પ્રમુખ બન્યા, ૧૯૩૧-'૩૩ દરમિયાન નાગપુર, જબલપુર, કટની, મુંબઈ અને કાનપુરમાં ચાલતી લડતોમાં નેતૃત્વ કર્યું. ઉત્તમ વક્તા અને લેખક હોઈ સભા-સરઘસોમાં એ અનેરું આકર્ષણ જમાવતા. આગળ જતાં એમણે કોમી એખલાસ સ્થાપવામાં, વાચન અને લેખન-સંપાદનમાં પોતાનું લક્ષ કેન્દ્રિત કર્યું. અલાહાબાદમાં એમણે કોમી એખલાસ વધારવા 'હિંદુસ્તાની કલ્ચરલ સોસાએટી' સ્થાપી હતી. ૧૯૫૧માં ચીન ગએલા સાંસ્કૃતિક પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ એમણે કરેલું. ૧૯૫૨માં એમણે 'ચાઈના-ટુડે' પુસ્તક લખ્યું.

ગ્રંથલેખન ઉપરાંત, રાષ્ટ્રીય જાગૃતિ અને કોમી એકતા માટે એમણે કેટલાંક પત્રો પણ ચલાવ્યાં. લોકમાન્ય ટિળકના 'કેસરી' જેવું 'કર્મયોગી' નામે એક હિંદી પત્ર એમણે ૧૯૦૯માં અલાહાબાદથી ચાલુ કરેલું. એમની પ્રેરણાથી 'ભવિષ્ય' અને 'સ્વરાજ્ય' નામનાં બીજાં બે હિંદી પત્રો પણ શરૂ થએલાં, જેને અંગ્રેજ શાસકો દ્વારા વારંવાર કનડગત થયા કરતી. 'વિશ્વવાણી' નામે એક હિંદી સાંસ્કૃતિક માસિક અને અલાહાબાદથી 'નયા હિંદ' નામે પણ એક પત્ર ચલાવ્યું. 'નયા હિંદ' નાગરી અને ફારસી બંને લિપિમાં છપાતું. કારણ તેઓ સંસ્કૃતમય હિંદી અને ફારસીમય ઉર્દૂના વિરોધી હતા. રાષ્ટ્રભાષા તરીકે 'હિંદુસ્તાની'ના પ્રચાર અર્થે તેમણે આ પ્રયોગ કરેલો.

ઈ. ૧૯૨૯માં લગભગ ૨૦૦૦ પાનાંનું એમનું 'ભારત મેં અંગ્રેજી રાજ' ('ભારતમાં અંગ્રેજી રાજ્ય' નામે તેનો ગુજરાતી અનુવાદ થયો છે.) પ્રકટ થયું. અને પ્રકાશન પછી તુરત એ પુસ્તક સરકારે જપ્ત કર્યું હતું.

બધા ધર્મો ઈશ્વરના જ આવિર્ભાવો છે એમ એ માનતા. ધર્મવિષયક છૂટક લેખો અને વ્યાખ્યાનો ઉપરાંત એમનાં બે પુસ્તકો—'હઝરત મહમદ ઔર ઈસ્લામ' તથા 'ગીતા ઔર કુરાન' જાણીતાં છે. અલાહાબાદમાં કોમી હુલ્લડો વખતે શાંતિ સ્થાપવા એમણે ઘણું કાર્ય કરેલું. ૧૯૪૭માં ભારત-પાકિસ્તાન વચ્ચે હિંદુ-મુસ્લિમોના સ્થળાંતરમાં એમણે અનેક મુસ્લિમોને સહાય કરેલી. દેશમાંથી નિરક્ષરતા દૂર કરવાને અગ્રીમ ક્રમે મૂકવાના, પાયાની કેળવણીના અને રાષ્ટ્રભાષા તરીકે હિન્દુસ્તાનીના, ગામડાંને સ્વાવલંબી બનાવવા તથા ગામડામાં જ કે તેની નજીકમાં મધ્યમ કદના ઉદ્યોગો સ્થાપવાના તેઓ હિમાયતી હતા. તેઓ આજીવન અપરિણિત રહ્યા હતા.—સં.

દુર્ગાબાઈ દેશમુખ. દેશના એ અગ્રણ્ય સમાજ સેવિકાનું આ માસ મેની ૯મી તારીખે હૈદરાબાદમાં અવસાન થયું. રાજમુન્દ્રી (આંધ્ર પ્રદેશ)માં એક મધ્યમ વર્ગી બ્રાહ્મણ પરિવારમાં ઈ. ૧૯૦૯ની ૧૫ જુલાઈએ એમનો જન્મ. નાની વયમાં જ પિતાની છત્રછાયા ગુમાવેલી. માતા જિલ્લા કૉંગ્રેસ સમિતિમાં મંત્રી હતાં. રાષ્ટ્રીય ભાવનાઓની વચ્ચે એમનો ઉછેર થએલો. જો કે કુટુંબના જુનવાણી ખયાલોના કારણે બચપણમાં એમને શાળામાં અભ્યાસ કરવા ન મળ્યો, પરંતુ નાનપણથી આગ્રહી સ્વભાવના દુર્ગાબાઈએ પડોશમાં રહેતા શિક્ષક

પાસેથી હિંદીનું શિક્ષણ લીધું હતું. દેશમાં હિંદીનો પ્રચાર વધારવાના એ દિવસો હતા. ૧૯૨૩માં એમણે હિંદી શીખવવા એક કન્યા-શાળા સ્થાપેલી. આ માટે કરેલી જહેમતને ગાંધીજીએ સુવર્ણચંદ્રક આપીને બિરદાવેલી. મીઠાના સત્યાગ્રહમાં ૧૯૩૮માં પકડાઈને ત્રણ વર્ષની કેદ ભોગવી. પરંતુ જેલમાં એમણે અંગ્રેજી શીખી લીધું. પછી તો આંધ્ર યુનિવર્સિટીમાં ભણીને પૉલિટિકલ સાયન્સ અને કૉન્સ્ટિટ્યુશનલ હિસ્ટરીમાં અનોખી પ્રતિભા બતાવી પાંચ ચંદ્રકો સાથે તેઓ એમ. એ. થયા. ૧૯૪૨માં મદ્રાસ યુનિવર્સિટીમાં કાયદાની પરીક્ષા આપી થોડો સમય વકાલત પણ કરી. ૧૯૪૬માં કૉન્સ્ટિટ્યુશન એસેમ્બલીમાં ચૂંટાયાં અને તેની વિવિધ સમિતિઓમાં એમણે કામ કર્યું. ૧૯૫૮માં સ્ત્રીશિક્ષણ અંગેની રાષ્ટ્રીય સમિતિના એ પ્રમુખ બન્યા અને પછી નવી દિલ્હીમાં સામાજિક વિકાસ માટેના 'ધ ઇન્ડિયા ઈન્ટરનૅશનલ સેન્ટર'ની કાઉન્સિલમાં ડિરેક્ટર તરીકે પણ કામ કર્યું.

પતિત સ્ત્રીઓને પુનઃ પ્રતિષ્ઠા અપાવવા તથા અનાથ બાળકો માટે એમણે વ્યાપક કાર્ય કર્યું છે આંધ્ર વીમેન્સ એસોસીએશન (મદ્રાસ) ને આંધ્ર મહિલા સભા (મદ્રાસ) તથા હૈદરાબાદની તેની શાખાના તેઓ એક સ્થાપક હતાં. 'આંધ્ર મહિલા સભા' તો નર્સિંગ હોમ, શાળાઓ, નર્સિંગના તાલીમ-કેન્દ્રો, સ્ત્રી શિક્ષિકાઓનું ભણતર, કૉલેજ તથા કેટલાક વ્યાવસાયિક તાલીમનાં કેન્દ્રો ચલાવે છે. ઑલ ઇંડિયા નર્સ કાઉન્સિલ અને રેડ ક્રોસ સોસાએટીનાં પણ તેઓ સભ્ય હતાં. ભારત સરકાર પ્રકાશિત 'સોશિયલ વેલફેર ઑાવ ઇંડિયા' નામના સામયિકના સંપાદક મંડળનાં એ ચૅરમૅન હતાં, તો પ્લાનિંગ કમિશન દ્વારા પ્રકટ થનાર 'એન્સાઈક્લોપીડિયા ઑાવ સોશિયલ વર્ક ઈન ઈંડિયા'નું પણ સંપાદન એમણે કરેલું. તેલુગુ કે અંગ્રેજીમાં એમનું વક્તવ્ય એક આકર્ષણ હતું. ૧૯૫૨માં ભારતના ભૂતપૂર્વ નાણાં મંત્રી સી. ડી. દેશમુખ સાથે એમણે લગ્ન કરેલાં.

—સં

વૃચ્છ કબહું નહિં ફલ ભખૈ નદી ન સંચૈ નીર;
પરમારથ કે કારને સાધુન ધરા સરીર.


—કબીર

શાહજી રાજાની પૂનાની જાગીરનું કારભારું સાચવનાર ને બાળપણમાં શિવાજી મહારાજનું ચારિત્રઘડતર કરનાર દાદાજી કોંડદેવ અત્યંત નીતિનિષ્ઠ બ્રાહ્મણ હતા. એક વખત રાજાના બાગમાં એક સરસ ફળ પર નજર ઠરતાં તે તોડયું, પણ તરત ભાન થયું કે આ તો મેં માલિકને ત્યાં ચોરી કરી; અને પોતાનો એ હાથ કાપવા તૈયાર થયા. અંતે જીજીબાઈને ખબર પડતાં તેમણે વચ્ચે પડીને વાર્યા ને હાથને બદલે અંગરખાની અરધી બાંય કાપવાનું ઠર્યું, સ્વામીનિષ્ઠ દાદાજીની એ બાંય તે પછી જીવનભર અરધી જ રહી.

અનેકાર્થી શબ્દ: યોગ: મેળાપ, સંગમ; ઉપાય, ઈલાજ; પરમાત્મા સાથે સંબંધ કરવાનો ઉપાય; ચિત્તવૃત્તિનો નિરોધ; યોગદર્શન; અવસર, પ્રસંગ, લાગ; સૂર્ય કે ચંદ્રના અમુક સ્થાનમાં આવવાથી થતા ૨૭ વિશિષ્ટ અવસરમાંનો દરેક; વ્યુત્પત્તિ; મન વાણી અને કાયાની પ્રવૃત્તિ.

ગણિતગમ્મત: ક્રમ વાર આવતી ગમે તે ત્રણ સંખ્યા લો. તેમાં પહેલા ને છેલ્લાના ગુણાકાર કરતાં વચલાનો વર્ગ હમેશાં મોટો હશે. દા. ત. ૫, ૬ ને ૭; તેમાં ૫×૭=૩૫ કરતાં $૬^૨$=૩૬ મોટો. ૧૧, ૧૨, ૧૩માં ૧૧×૧૩=૧૪૩ કરતાં $૧૨^૨$=૧૪૪ મોટો.

અમેરિકાના ગ્રાન્ડ કૅન્યનની ઘાટીઓમાં ક્યાંક તો એટલું બધું ઊંડાણ છે કે ત્યાં ટોચે બરફભર્યો પવન સૂસવાતો હોય અને તળેટીમાં લીલાં વૃક્ષો અને ફૂલ લહેરાતાં હોય.




કલાકણિકા: ઈરાનનાં ૧૧મી સદીનાં કાનનાં આભૂષણો ઉપરની મનોહર ભાત.

किमिवा खिल-लोक-कीर्तितम्
कथयत्यात्म-गुणं महामनाः।
वदिता न लघीयसोऽपरः
स्वगुणं तेन वदत्यसौ स्वयम्

પોતાના ગુણોની સૌ સજ્જનો પ્રશંસા કરે જ છે, તો પછી પોતે પોતાનાં ગુણ શા માટે ગાવા? એમ સમજીને મોટા મનનો માણસ પોતાના ગુણ ગાતો નથી. પરન્તુ નીચ માણસ પોતાના ગુણ પોતે જ ગાયા કરે છે, કારણ કે તેના ગુણ બીજો કોઈ ગાતો નથી.



ટિકિટકથા: 'એસ્કિમો' શબ્દ મૂળ રેડ ઇંડિયન ભાષાનો છે અને તેનો અર્થ છે 'કાચું માંસ ખાનારાં'. આવું અભદ્ર સંબોધન કરવાને બદલે તેમને 'ઇન્યુઈટ્સ' કહેવામાં આવે છે. કૅનેડા દર વર્ષે આ ઈન્યુઇટોના જીવન અને સંસ્કૃતિનું દર્શન કરાવતી ખાસ ટપાલ-ટિકિટો બહાર પાડે છે. છેલ્લે બહાર પડેલી આવી ટિકિટો પર એમની સર્વેશ્વરવાદી ધાર્મિક પરંપરાનું આલેખન છે. ઉપર આપેલી ટિકિટ પર એક ઈન્યુઈટ કલાકાર કેનોજોઆકની કૃતિ આપી છે, જેમાં એણે વન્ય પક્ષીપ્રાણીઓને નવવસંતના સૂર્યને આવકારતાં આલેખ્યાં છે.



આ આકૃતિમાં લગભગ બધા ભૌમિતિક આકારોનો સમાવેશ થઈ જાય છે.



પત્ની: કમળાબેનને એમનાં છોકરાઓમાં કોઈ અવગુણ દેખાતો જ નથી.

પતિ: હોય. કોઈ માને પોતાનાં સંતાનોમાં ન જ દેખાય.

પત્ની: શું તમે ય તે! મને તો આપણાં બાળકોમાં ચોક્કસ દેખાય, જો હોય તો.

પુત્ર: પપ્પા, અમે ચોર-પોલીસ રમીએ છીએ. કોઈ મને ઓળખી ન શકે એ માટે મારે કેવો વેષપલટો કરવો એ કહોને.

પિતા: તારે કંઈ કરવાની જરૂર નથી. તારું મોઢું ધોઇને ચોખ્ખું કરી નાખ. પછી તને કોઈ નહિ ઓળખી શકે.

'આ તમારો કૂતરો કંઈક જુદો જ લાગે છે! કયો કૂતરો છે?'

'આ પોલીસ-કૂતરો છે'.

'પણ પોલીસ-કૂતરા જેવો નથી લાગતો.'

'તે ન જ લાગેને, છૂપી પોલીસ ખાતાનો છે.'

બસમાં અંધારું હતું અને ચિક્કાર ભીડ પણ. એક સજ્જને બાજુમાં જ ઊભેલાં માજીને કહ્યું, લો માજી, આ પટ્ટો પકડી રાખો, એટલે બસના હડદોલાથી પડી ન જવાય.'

'નારે ભાઈ! હું તો ક્યારની પટ્ટો પકડીને જ ઊભી છું.'

'એમ! તો માજી મારી નૅકટાઈ છોડી દો તો મારું ગળું ભીંસાતું મટે.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

'કુમાર' મે ૧૯૮૧ • સળંગ અંક ૬૮૯ • છૂટક નકલની કિં. રૂ. ૨–૫૦ KUMAR Regd. No. G-AMC-24

લોકકલા શ્રેણી - ૭ - કાલીઘાટ


રંગાઈનો કસબ અને આપણો સાંસ્કૃતિક વારસો

૧૯ મી સદીના આરંભના અરસામાં કલકત્તા નજીક દેવી કાલિ માતાના આરાધન અર્થે એક મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. જોતજોતામાં તો એ સ્થળ પ્રખ્યાત તીર્થધામ બની ગયું. યાત્રાળુઓની ભીડની એ મોસમમાં તરેહ તરેહની ચીજો વેચતી જાતજાતની નાની નાની હાટડીઓ મંડાતી.

એ હાટડીઓની હારમાળામાં સસ્તાં અને ઉઠાવદાર રંગોવાળાં અનેક ચિત્રો વેચતી દુકાનો પણ જોવા મળતી.

આ ચિત્રોના વિષયો ધાર્મિક તેમ જ બિનસાંપ્રદાયિક પણ હતા. તેમાં સૌથી વધુ લોકપ્રિય ચિત્ર-વિષયો રૂપે હિંદુ દેવી-દેવીઓ હતાં. બિન-સાંપ્રદાયિક વિષયો આલેખતાં ચિત્રોમાં રમુજી અને રોજબરોજની જિંદગીનાં દૃશ્યો જોવા મળતાં. ઘણી વખત આ પ્રકારનાં ચિત્રોમાં કટાક્ષનો સળંગ તંતુ ગૂંથાયેલો રહેતો. સામાન્ય વિષયોમાં-પત્નીને મારતા પતિરાજ, લાલ-મુખા અંગ્રેજ અથવા ફાંકડો પરદેશી પોશાક પહેરેલા, સાહેબશાહી હિંદીઓ રહેતા.

આ ચિત્રોની શૈલી જોમભરી અને છટાદાર હતી. પીંછીના, લગભગ 'ઍબ્સ્ટ્રૅક્ટ' જેવા, મોટા અને જુસ્સાદાર લસરકા, એ તો આ વિશિષ્ટ સમયનાં ચિત્રોની વિશેષતારૂપ હતા. આ ચિત્રોમા વિશેષ આકર્ષણરૂપે, સાડીની કિનારો, અન્ય પોશાકો તથા અલંકારોનાં ઝવેરાતમાં રૂપેરી રંગનો ઉપયોગ થતો હતો.



ચિત્રોમાંની આકૃતિઓ, પ્રચલિત બ્રિટિશ રીત મુજબ શેડવાળા આકારોરૂપ હતી અને તેમાં કુદરતી રંગ-દ્રવ્યોમાંથી બનાવેલા 'વૉટર કલર' ભરી દેવામાં આવતા.

ત્યારપછી તો ભારતીય રંગદ્રવ્યોએ ઘણી પ્રગતિ કરી છે.

આજે, અતુલમાં તરેહ તરેહનાં રંગદ્રવ્યો (ડાઈઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઈઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટ-સિલ્કના તેમ જ માનવસર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળ પર પણ સુંદર રંગકામ કરી શકાય છે

આ ઉપરાંત, અતુલ ડાઈ-ઈન્ટરમીડિયેટ્સનું ઉત્પાદન પણ કરે છે, જેની મદદથી ડાઈઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર 'ઑપ્ટિકલ વ્હાઈટનિંગ એજંટ' બનાવી શકાય છે.

"રંગે રાસાયણિક,
આધુનિક સૌ ચીજો સોહાય,
'અતુલ'ના સર્વોત્તમ રંગે
સૌ કોઈ મોહાય."

ધી અતુલ પ્રૉડક્ટ્સ લિ.

અતુલ વિરાટ રાસાયણિક સંકુલ

પો. ઑ. અતુલ,
જિલ્લો : વલસાડ–૩૯૬૦૨૦
ગુજરાત (ભારત)
ફોન : ૬૧ તાર : "TULA" અતુલ
ટેલેક્સ : "૦૧૭૩–૨૩૨ અતુલ ઇન"